દૈનિક મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૩ વર્ષ
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 14 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ પૌષ વદ - ૩ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 16 January 2025, Thursday ■ REGD.No. MCS/058/2018-20
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
ગુરુવાર, ૧૬ જાન્યુઆરી ૨૦૨૫, (૧૨ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦ લાડકી પૂર્તિ
LIKE & FOLLOW: /Mumbaisamachar4u


# ભારત દરિયાઈ મહાસત્તા બન્યું છેઃ મોદી

મુંબઈઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે ભારતીય નૌકાદળમાં વિનાશિકા આઈએનએસ સુરત, ફ્રિગેટ આઈએનએસ નીલગિરિ અને સબમરીન આઈએનએસ વાઘષીરનો સમાવેશ કરવાના કાર્યક્રમને સંબોધતા જણાવ્યું હતું કે ભારત વિશ્વની મોટી, વિશ્વસનીય, જવાબદાર દરિયાઈ તાકાત ધરાવતું રાષ્ટ્ર બની ગયું છે.

ભારત વિસ્તારવાદ માટે નહીં, પરંતુ વિકાસ માટે કામ કરે છે એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે

ભારતે કાયમ ખુલ્લા, સુરક્ષિત, સર્વસમાવેશક અને સમૃદ્ધ ઈન્ડો-પેસિફિક પ્રદેશને ટેકો આપ્યો છે.

વૈશ્વિક સુરક્ષા, અર્થતંત્ર અને ભૌગોલિક બાબતોને મામલે ભારત મહત્ત્વની ભૂમિકા ભજવશે એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે દરિયાઈ વિસ્તારની સુરક્ષા, સમુદ્રી વિસ્તારમાં મુક્ત અવરજવર અને દરિયાઈ માર્ગે કરવામાં આવતા વેપારની સુરક્ષા મહત્ત્વની છે.

ડ્રગ્સ, શસ્ત્રો અને આતંકવાદી પ્રવૃત્તિઓથી દરિયાઈ માર્ગને સુરક્ષિત રાખવા અને તેને સમૃદ્ધ બનાવવા વૈશ્વિક ભાગીદારીની જરૂર હોવાનું તેમણે કહ્યું હતું.

છેલ્લાં દસ વર્ષમાં ભારતીય નૌકાદળના કાફલામાં ૩૩ જહાજ અને સાત સબમરીનનો સમાવેશ કરવામાં આવ્યો છે અને વિશ્વના ૧૦૦ કરતા પણ વધુ દેશને ભારત સંરક્ષણ ઉપકરણોની નિકાસ કરી રહ્યું છે, એમ તેમણે કહ્યું હતું.

વિશ્વના ત્રીજા ક્રમાંકના સૌથી મોટા અર્થતંત્ર બનવાની દિશામાં ભારત ખૂબ ઝડપથી આગળ વધી રહ્યું છે, એમ મોદીએ કહ્યું હતું.

ભાજપ સરકારની ત્રીજી મુદતમાં બંદર ક્ષેત્રના વિકાસને પ્રાથમિકતા આપવામાં આવી રહી છે અને તેનાં ભાગરૂપ વાધવાન પોર્ટનું કામ શરૂ કરી દેવામાં આવ્યું છે, એમ મોદીએ કહ્યું હતું. (એજન્સી)■

## મુંબઈમાં વિનાશિકા, ફ્રિગેટ, સબમરીન તરતા મુકાયા

મુંબઈઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીની હાજરીમાં બુધવારે મુંબઈના ડોકયાર્ડ ખાતે સ્વદેશી બનાવટની નૌકાદળની વિનાશિકા (ગાઈડેડ મિસાઈલ ડિસ્ટ્રોયર) આઈએનએસ સુરત, અત્યાધુનિક ફ્રિગેટ (નાનું ઝડપી યુદ્ધજહાજ) આઈએનએસ નીલગિરિ અને ડીઝલ ઈલેક્ટ્રિક સબમરીન આઈએનએસ વાઘષીર તરતા મુકાયા હતા.

આ બાબત સંરક્ષણ ક્ષેત્રે ભારતને આત્મનિર્ભર બનાવવાના અને વૈશ્વિક નેતૃત્વ અપાવવાના દેશના પ્રયાસોને વધુ મજબૂત બનાવશે એમ જણાવતાં મોદીએ કહ્યું હતું કે આ સાથે જ નૌકાદળને મામલે ભારત વધુ શક્તિશાળી બની ગયું છે.

મોદીની ઉપસ્થિતિમાં મુંબઈના ડોકયાર્ડ ખાતે આ ત્રણે જહાજ તરતા મૂકવામાં આવ્યાં હતાં. નૌકાદળે આને ઐતિહાસિક ક્ષણ લેખાવી હતી.

ભારતીય નૌકાદળના વૉરશિપ ડિઝાઈન બ્યૂરો દ્વારા મઝગાંવ ડોક શિપબિલ્ડર્સ લિ. (એમડીએલ) ખાતે અત્યાધુનિક આઈએનએસ નીલગિરિની ડિઝાઈન અને નિર્માણ કરવામાં આવ્યા હતા.

અત્યાધુનિક ટૅક્નોલૉજીથી સજ્જ આ ફ્રિગેટ પરથી નવા જ દાખલ કરાયેલા એમએચ-૬૦આર હૅલિકોપ્ટર સહિત જુદા જુદા હૅલિકોપ્ટરને ઑપરેટ કરી શકાય છે.

આઈએનએસ સુરત ૧૫બી સ્ટીલ્થ ડિસ્ટ્રોયર શ્રેણીનું ચોથું અને અંતિમ જહાજ છે અને તેની ડિઝાઈન અને નિર્માણ પણ ભારતીય નૌકાદળના વૉરશિપ ડિઝાઈન બ્યૂરો દ્વારા મઝગાંવ ડોક શિપબિલ્ડર્સ લિ. (એમડીએલ) ખાતે કરવામાં આવ્યા હતા.

સ્કોર્પિન ક્લાસ પ્રોજેક્ટ ૭૫ અંતર્ગત આઈએનએસ વાઘષીર છઠ્ઠી અને અંતિમ સબમરીન છે. ડીઝલ અને ઈલેક્ટ્રિક પર ચાલતી આ સબમરીન ઍન્ટી સરફેસ વૉરફેર અને ઍન્ટી સબમરીન વૉરફેર સહિત વિવિધ ભૂમિકા ભજવવા માટે તૈયાર કરવામાં આવી છે. (એજન્સી)■



(અમય ખરાડે)

# રાજકોટમાં રનનું રમખાણ

## મંધાનાની સેન્ચુરી ફાસ્ટેસ્ટ, ભારતનો સ્કોર હાઈએસ્ટ

## દિલ્હીની પ્રતીકા રાવલની પહેલી સેન્ચુરી, ત્રણ મોટી ભાગીદારી અને ૪૪૪ રનનો રેકૉર્ડ

રાજકોટઃ ભારતની ટોચની ઓપનર અને વાઇસ-કૅપ્ટન સ્મૃતિ મંધાનાએ તેમ જ સાથી-ઓપનર પ્રતીકા રાવલે ગઈ કાલે અહીં આયરલૅન્ડ સામે સિરીઝની ત્રીજી વન-ડેમાં રાજકોટનું સૌરાષ્ટ્ર ક્રિકેટ ઍસોસિયેશન સ્ટેડિયમ ગજવી નાખ્યું હતું. તેણે માત્ર ૭૦ બૉલમાં સેન્ચુરી ફટકારી હતી જે ભારતીય મહિલા ખેલાડીઓમાં ફાસ્ટેસ્ટ છે. એટલું જ નહીં, તેણે અને પ્રથમ સદી ફટકારનાર પ્રતીકા રાવલે ૨૬.૪ ઓવરમાં ૨૩૩ રનની ઓપનિંગ પાર્ટનરશિપ કરી હતી જે પણ એક વિક્રમ છે અને બન્નેએ મળીને ભારતને વન-ડેમાં નવો સર્વોચ્ચ ટીમ-સ્કોર (૪૩૫/૫) અપાવ્યો હતો.

વન-ડે ક્રિકેટના ઇતિહાસમાં ભારતના પુરુષોની ટીમ પણ ક્યારેય ૪૩૫ રન નથી બનાવી શકી. મેન્સ વન-ડેમાં ૪૧૮/૫ ભારતનો હાઇએસ્ટ સ્કોર છે જે તેમણે વેસ્ટ ઇન્ડિઝ સામે નોંધાવ્યો હતો.

ભારતીય મહિલા ટીમનો સ્કોર વન-ડેમાં પહેલી વાર ૪૦૦ રનને પાર ગયો. આ પહેલાં, ભારતીય ટીમનો હાઇએસ્ટ સ્કોર ૩૭૦/૫ હતો જે ત્રણ જ દિવસ પહેલાં રાજકોટમાં આયરલૅન્ડ સામે શ્રેણીની બીજી વન-ડેમાં નોંધાયો હતો અને એ સાથે ભારતે મૅચ જીતીને ૨-૦થી વિજયી સરસાઈ લીધી હતી. ભારતના ૪૩૫ રન મહિલા વન-ડેમાં ચોથા નંબરનો હાઇએસ્ટ સ્કોર છે. ન્યૂ ઝીલૅન્ડે આયરલૅન્ડ સામે ૨૦૧૮માં ચાર વિકેટે બનાવેલા ૪૯૧ રન વર્લ્ડ રેકૉર્ડ છે.

આયરલૅન્ડની ટીમની સાત બોલરે બોલિંગ કરી હતી જેમાંથી છ બોલરની બોલિંગમાં પંચાવનથી વધુ રન બન્યા હતા.

સ્મૃતિ મંધાનાએ માત્ર ૩૯ બૉલમાં ૫૦ રન અને ૭૦ બૉલમાં ૧૦૦ રન બનાવ્યાં હતાં. તેના ૧૦૦ રનમાં ચાર સિક્સર અને નવ ફોર સામેલ હતી. સ્મૃતિએ ભારતીય મહિલા ખેલાડીઓમાં અત્યાર સુધી હરમનપ્રીત કૌરનો ૮૭ બૉલમાં સેન્ચુરીનો જે વિક્રમ હતો એ તોડી નાખ્યો છે.



સ્મૃતિ પોતાના ૧૩૫ રનના સ્કોર પર આઉટ થઈ હતી. તેણે આ ૧૩૫ રન ૧૧૦ મિનિટની બૅટિંગ દરમ્યાન ૮૦ બૉલનો સામનો કરીને અને સાત સિક્સર તથા બાર ફોરની મદદથી બનાવ્યા હતા. તેણે ૧૩૫ રન ૧૬૮.૭૫ના સ્ટ્રાઇક-રેટથી બનાવ્યા હતાં. સ્મૃતિની સાત સિક્સર ભારતની એક મહિલા બૅટર એક વન-ડેમાં ફટકારેલી સૌથી વધુ સિક્સર્સની રેકૉર્ડ-બુકમાં સંયુક્ત રીતે મોખરે છે. હરમનપ્રીતે ૨૦૧૭માં ઑસ્ટ્રેલિયા સામેના અણનમ ૧૭૧ રનમાં સાત છગ્ગા માર્યા હતા.

સ્મૃતિની સાથી-ઓપનર દિલ્હીની પ્રતીકા રાવલે ૧૮૪ મિનિટ સુધી ક્રીઝમાં રહીને ૧૨૯ બૉલમાં એક સિક્સર અને વીસ ફોરની મદદથી ૧૫૪ રન બનાવ્યાં હતાં. તેની આ છઠ્ઠી વન-ડે છે જેમાં તેણે પ્રથમ સદી ફટકારવામાં સફળતા મેળવી છે. તેણે બાવન બૉલમાં ૫૦ રન, ૧૦૦ બૉલમાં ૧૦૦ રન અને ૧૨૭ બૉલમાં ૧૫૦ રન બનાવ્યાં હતાં. ૧૫૦મા રને પહોંચ્યા પછી બીજા ચાર રન બનાવીને તે ઑફ-સ્પિનર ફ્રેયા સાર્જન્ટના બૉલમાં કૅચ આપી બેઠી હતી. પ્રતીકા ભારતીય મહિલા બૅટર્સમાં વન-ડેમાં ૧૫૦-પ્લસ રન બનાવનાર ત્રીજી છે. દીપ્તિ શર્માના ૧૮૮ રન અને હરમનપ્રીત કૌરના અણનમ ૧૭૧ રન પહેલા બે સ્થાને છે.

તેણે સ્મૃતિ સાથે ૨૩૩ રનની પ્રારંભિક ભાગીદારી કરી હતી. ભારતીય વન-ડે ક્રિકેટમાં ૨૦૦-પ્લસ રનની આ ચોથી ભાગીદારી છે. તેમણે શરૂઆતની પાવર-પ્લેની ઓવર્સમાં ૯૦ રન અને પછીની ૧૦ ઓવરમાં બીજા ૬૭ રન ખડકી દીધા હતા.

સ્મૃતિ-પ્રતીકા જે પહેલી છ વન-ડે ઓપનિંગ જોડીમાં રમી એમાં તેમની ભાગીદારી આ મુજબ રહી છેઃ ૧૧૦ રન, ૧૧૦ રન, ૨૨ રન, ૭૦ રન, ૧૫૬ રન અને ૨૩૩ રન.

પ્રતીકાએ બૅટિંગ-ક્રમમાં પ્રમોટ કરવામાં આવેલી વિકેટકીપર રિચા ઘોષ (૫૯ રન, ૪૨ બૉલ, એક સિક્સર, દસ ફોર) સાથે બીજી વિકેટ માટે ૧૦૪ રનની પાર્ટનરશિપ કરી હતી. પ્રતીકા ત્યાં જ નહોતી અટકી ગઈ. ત્રીજી વિકેટ માટે પ્રતીકાએ તેજલ હસબનીસ (૨૮ રન, પચીસ બૉલ, બે ફોર) સાથે ૫૦ રનની ભાગીદારી કરી હતી.

મહિલાઓની વન-ડેમાં ભારતની બન્ને ઓપનરે સદી ફટકારી હોવાની આ ત્રીજી ઘટના છે. ૧૯૯૯માં મિતાલી રાજ અને રેશમા ગાંધીએ અને ૨૦૧૭માં દીપ્તિ શર્મા તથા પૂનમ રાઉતે સદી ફટકારી હતી.

૨૪ વર્ષની પ્રતીકા રાવલે કરીઅરની પહેલી છ વન-ડેમાં કુલ ૪૪૪ રન બનાવ્યા જે નવો વર્લ્ડ રેકૉર્ડ છે. તેણે શાર્લોટ એડવર્ડ્સનો ૪૩૪ રનનો વિશ્વ વિક્રમ તોડ્યો છે.

ભારતીય ટીમે રાજકોટના ગઈ કાલના દાવમાં કુલ ૫૭ બાઉન્ડરી (૪૮ ફોર, ૯ સિક્સર) ફટકારી જે મહિલાઓની વન-ડેમાં એક ટીમે એક દાવમાં ફટકારેલી ત્રીજી નંબરની બાઉન્ડરીનો વિક્રમ છે. ન્યૂ ઝીલૅન્ડ ૭૧ અને ૫૯ બાઉન્ડરી સાથે પહેલા બે સ્થાને છે.

ભારતીય ટીમે રાજકોટની આ મૅચમાં કુલ નવ છગ્ગા ફટકાર્યા હતા જે વન-ડેમાં ભારતનો નવો વિશ્વવિક્રમ છે. આ પહેલાં ભારતીય ટીમે સાઉથ આફ્રિકા સામેની વન-ડેમાં આઠ છગ્ગા માર્યા હતા. ■

## અમદાવાદમાં ચાર વર્ષનું બાળક એચએમપીવી પોઝિટિવઃ ગુજરાતમાં કેસનો આંક વધી કુલ છ થયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં એચએમપીવી (હ્યુમન મેટાન્યુમોવાઇરસ) વાઇરસના કેસ ચિંતાજનક રીતે વધી રહ્યા છે. અમદાવાદમાં એચએમપીવી વાઇરસનો વધુ એક કેસ નોંધાયો હતો. શહેરના કૃષ્ણનગર વિસ્તારમાં રહેતા ચાર વર્ષના બાળકને એચએમપીવી વાઇરસ કેસ પોઝિટિવ આવતાં સારવાર અર્થે થલતેજની ઝાયડસ હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યું હતું. બાળકને તાવ, શરદી, કફ અને ઊલટી થયાં હતાં. ૧૩ જાન્યુઆરીના રોજ તેને સારવાર માટે હૉસ્પિટલમાં દાખલ કર્યા બાદ રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. હાલ તેની સારવાર ચાલી રહી છે. બાળકની કોઈ ટ્રાવેલ હિસ્ટ્રી મળી નથી. રાજ્યમાં અત્યાર સુધીમાં એચએમપીવીના કુલ છ પોઝિટવ કેસ નોંધાઈ ચૂક્યા છે, જેમાં ચાર અમદાવાદના, એક સાબરકાંઠા જિલ્લાનો અને એક કચ્છ જિલ્લાના કેસનો સમાવેશ થાય છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાતમાં છ જાન્યુઆરીથી ૧૩ જાન્યુઆરી સુધીમાં પાંચ જેટલા એચએમપીવી વાઇરસના કેસ પોઝિટિવ આવ્યા છે. પાંચમાંથી ત્રણ બાળક છે, જ્યારે બે દર્દી વૃદ્ધ છે. ત્રણેય બાળ દર્દીઓને શરદી, ખાંસી, તાવ અને કફની તકલીફ હતી, જ્યારે બે વૃદ્ધ દર્દીઓને અસ્થમા અને સૂકી ખાંસી તેમ જ શરદીની તકલીફ હતી. એક પણ દર્દીની કોઈ ટ્રાવેલ હિસ્ટ્રી જોવા મળી નથી. પાંચે દર્દીને સારવાર વખતે હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, જેમાં બે દર્દીને રજા આપી દેવામાં આવી છે. આ ઉપરાંત એક કચ્છના દર્દીનો પોઝિટિવ રિપોર્ટ આવ્યો હતો, જેને અમદાવાદમાં સારવાર માટે ખસેડાયા હતા. ■

## ગુજરાતમાં વર્ષ ૨૦૨૪માં મહિલા હેલ્પલાઈનને એક લાખ જેટલી ફરીયાદો મળી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં મહિલાઓના કાયદાકીય રક્ષણ માટે અભયમ વુમેન્સ હેલ્પલાઈન શરૂ કરવામાં આવી છે. જોકે રાજ્યમાં મહિલાઓ પર ઘરેલું હિંસા કે અન્ય રીતે પ્રતાડનાનું પ્રમાણ વધ્યું છે. આ હેલ્પલાઈનને ગુજરાતમાં જ વર્ષ ૨૦૨૪માં એક લાખ જેટલી ઘરેલુ હિંસાની ફરીયાદો પ્રાપ્ત થઈ હતી, તે સરેરાશ દર પાંચ મિનિટે એક કોલ જેટલી થાય છે. ઘરેલુ હિંસાના કોલનું પ્રમાણ વધીને ૪૬ ટકા થયો છે. આંકડાને જોઈએ તો, વર્ષ ૨૦૧૮માં ઘરેલુ હિંસાના ૫૨,૮૧૩ કોલ્સ નોંધાયા હતા. અભયમના અધિકારીઓએ જણાવ્યું હતું કે, આનો અર્થ એ છે કે છ વર્ષમાં મદદ માટેના કોલ લગભગ બમણા થઈ ગયા છે. કુલ કોલ્સમાં ઘરેલુ હિંસાનાં કેસોનો હિસ્સો ૨૦૧૮માં ૩૨ ટકાથી વધીને ૨૦૨૪માં ૯૯,૯૬૦ થયો જે ૪૬ ટકા જેટલો થાય છે.

વર્ષ ૨૦૨૪માં ૨૦૨૩ની સરખામણીમાં ત્રણ વિશિષ્ટ કેટેગરીમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે જેમાં નાણાકીય અથવા રોજગાર સમસ્યાઓમાં ૨૩ ટકા, પીછો કરવો ૧૯ ટકા અને વાલીપણા સંબંધી સમસ્યાઓ ૧૩ ટકા. મહિલાઓ તરફથી તણાવ સંબંધિત ફરિયાદોમાં પણ ૧૨ ટકાનો વધારો થયો છે.

અભયમના અધિકારીઓએ જણાવ્યું હતું કે, ઘરેલુ ઝઘડાનાં કેટલાંક કારણોમાં બાળકોની કસ્ટડી, કાયદા સાથેના વિવાદો, નાણાકીય સમસ્યાઓ અને દહેજની માગનો સમાવેશ થાય છે. અડધોઅડધ ડિસ્ટ્રેસ કોલ પોલીસનાં હસ્તક્ષેપમાં પરિણમે છે, જ્યારે ૨૦ ટકા મહિલાઓ વન-સ્ટોપ સેન્ટર્સ પર આશ્રય લે છે અને ૧૦ ટકા સગાઓના ઘરની પસંદગી કરે છે.

અમદાવાદમાં હેલ્પલાઈનના સંયોજકે જણાવ્યું હતું કે લગભગ ૫૦ ટકા કોલ માટે ડિસ્પેચિંગ વાહનોની જરૂર પડે છે. બાકીના કોલર્સ પોલીસ સ્ટેશનો અથવા કાનૂની પ્રક્રિયાઓ વિશે માહિતી માગે છે. અમે કોવિડ પછી ઘરેલુ હિંસાના વધતાં વલણને જોયા છે જે મહિલા જાગૃતિને કારણે થયાં છે. ■

## બેટ દ્વારકામાં પાંચમા દિવસે ડિમોલિશન કાર્યવાહીઃ ૪૦.૫૦ કરોડની સરકારી જમીન પર દબાણો દૂર કરાયાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ બેટ દ્વારકામાં સરકારી જમીન પર ઊભાં કરાયેલાં બાંધકામો પર બુલડોઝર ફેરવવાની કાર્યવાહી વહીવટી તંત્રએ હાથ ધરી છે. ગેરકાયદે દબાણો સામે શનિવારથી શરૂ થયેલા ઓપરેશન ડિમોલિશન પાર્ટ-૨ બુધવારે પણ ચાલુ રહ્યું હતું. બેટ દ્વારકામાં પાંચમા દિવસે ૪૦ વર્ષ જૂનાં દબાણો દૂર કરાયાં હતાં. તંત્ર દ્વારા ૪૦.૫૦ કરોડની જમીન ખુલ્લી કરાઈ હતી. પ્રાંત અધિકારી અને પોલીસ અધીક્ષકની સંયુક્ત દેખરેખ હેઠળ બેટ દ્વારકા ખાતે દાંડીવાલા હનુમાન રોડ પરના પાર વિસ્તારમાં મોટા પ્રમાણમાં રહેણાક વિસ્તારોમાં રહેલાં ગેરકાયદે બાંધકામો દૂર કરવામાં આવ્યાં હતાં. આ કાર્યવાહીથી સ્પષ્ટ સંદેશ આપવામાં આવ્યો છે કે ગેરકાયદે દબાણો અને ભૂમાફિયાઓ સામે વહીવટી તંત્ર કોઈ પણ પ્રકારની છૂટ આપશે નહીં.

અત્રે ઉલ્લેખનીય છે કે ચોથા દિવસે ઓખામાં દામજી જેટી વિસ્તારમાં મોટી કાર્યવાહી કરવામાં આવી હતી. તંત્રએ જેટી પાસેના વિસ્તારમાંથી ૫,૬૫૦ સ્ક્વેર મીટર જેટલાં દબાણો દૂર કર્યાં હતાં, જેની અંદાજિત કિંમત રૂ. ૬.૫૦ કરોડ આંકવામાં આવી છે. વહીવટી તંત્રએ કાર્યવાહી પહેલાં તમામ દબાણકર્તાઓને નિયમાનુસાર નોટિસ પાઠવી હતી. દબાણ હટાવની આ સંપૂર્ણ કાર્યવાહી દ્વારકાના પ્રાંત અધિકારી અમોલ આવટેના સીધા માર્ગદર્શનમાં એસ.પી. નિતેશ પાંડેયના ચુસ્ત બંદોબસ્ત હેઠળ કરવામાં આવી રહી છે. ૧૦૦૦ જેટલા પોલીસ અને એસઆરપીના જવાનો ચુસ્ત બંદોબસ્ત સાથે દબાણ દૂર કરવાની કામગીરી કરવામાં આવતાં કોઈ પણ જાતની અનિચ્છનીય ઘટના ઘટી ન હતી. ■

## અમિત શાહે ગાંધીનગરના કલોલમાં ૧૯,૩૭૮ લાખનાં વિકાસકાર્યોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત કર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહ ત્રણ દિવસ ગુજરાતના પ્રવાસે છે. ૧૪ જાન્યુઆરીએ અમદાવાદમાં ત્રણ જગ્યાએ પતંગ ઉડાડી ઉત્તરાયણની ઉજવણી કરી હતી. ૧૫ જાન્યુઆરીના બુધવારના રોજ અમિત શાહ ગાંધીનગર જિલ્લાના વિવિધ સ્થળે વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત-લોકાર્પણ કર્યું હતું. તેમણે કલોલમાં ૧૯,૩૭૮ લાખનાં વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું હતું. તેમણે સૌપ્રથમ અંબોડમાં ૨૦૦ કરોડના ખર્ચે બની રહેલા નવીન બેરેજનું ખાતમુહૂર્ત અને માણસામાં સર્કિટ હાઉસનું લોકાપર્ણ કર્યું હતું.

અમિત શાહે કલોલ નારદીપુરમાં ૧૫ કરોડના ખર્ચે નવનિર્મિત રામજી મંદિરનાં દર્શન કરી આરતી-પૂજા કરી હતી તેમ જ ગામમાં ચાલતાં ભજન મંડળોને ભજન કીર્તન માટે કીટ વિતરણ કર્યું હતું. ત્યાર બાદ તેઓએ કલોલ-ખાત્રજ-સાણંદ ફોર લેન હાઈવેનું ખાતમુહૂર્ત કર્યું હતું. આ ઉપરાંત કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રીના હસ્તે કલોલ તાલુકા કેળવણી મંડળ દ્વારા નવનિર્મિત ઑડિટોરિયમનું વઘારિયા કેમ્પસ ખાતે ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. જ્યાં તેમણે જનસભાનું સંબોધન કર્યું હતું. સભા સંબોધન બાદ અમિત શાહે કલોલ-સઇજ ગામને જોડતા નવ નિર્માણ પામેલા રેલવે અંડરબ્રિજનું લોકાર્પણ કર્યું હતું. ■

એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# દિલ્હીમાં I.N.D.I.A.ની પસંદ કૉંગ્રેસ નહીં કેજરીવાલ

દિલ્હી વિધાનસભાની ચૂંટણીનો પ્રચાર પૂરજોશમાં ચાલી રહ્યો છે. દિલ્હીમાં ભાજપ, આમ આદમી પાર્ટી અને કૉંગ્રેસ વચ્ચે ત્રિપાંખિયો જંગ છે. આ જંગમાં કોણ જીતશે તેની ખબર મતદાન પછી પડશે, પણ અત્યારે વધારે ચર્ચા દિલ્હીની ચૂંટણીના કારણે ભાજપ વિરોધી મોરચા ઈન્ડિયન નેશનલ ડેવલપમેન્ટ ઇન્કલુઝિવ એલાયન્સ (I.N.D.I.A.-ઇન્ડિયા)માં પડેલા ભંગાણની છે, બલકે I.N.D.I.A.ના વાવટા સંકેલાઈ જ ગયેલા લાગે છે.

દિલ્હી વિધાનસભાની આ ચૂંટણીમાં I.N.D.I.A.ના બે મહત્ત્વના પક્ષો આમ આદમી પાર્ટી અને કૉંગ્રેસ સામસામે છે અને બંને જાહેરમાં એકબીજાનાં કપડાં ઉતારવામાં કોઈ કસર નથી રાખી રહ્યાં ત્યારે I.N.D.I.A. મોરચાના બીજા મહત્ત્વના પક્ષો પણ આ જંગમાં રસ બતાવી રહ્યા છે. બલકે કૉંગ્રેસને કોરાણે મૂકીને આમ આદમી પાર્ટીની પંગતમાં બેસી રહ્યા છે. એટલું જ નહીં, પણ ભવિષ્યમાં પોતપોતાની રીતે આગળ વધવાના સંકેત પણ આપી રહ્યા છે એ જોતાં I.N.D.I.A. મોરચો કાગળ પર પણ નહીં રહે એવું લાગે છે.

દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં અખિલેશ યાદવની સમાજવાદી પાર્ટી, મમતા બેનરજીની તૃણમૂલ કૉંગ્રેસ, ઉદ્ધવ ઠાકરેની શિવસેના અને તેજસ્વી યાદવની રાષ્ટ્રીય જનતા દળ અરવિંદ કેજરીવાલને ટેકો આપી ચૂક્યા છે. હવે શરદ પવારે પણ અરવિંદ કેજરીવાલને સમર્થન આપવાની જાહેરાત કરી છે. શરદ પવારે કહ્યું છે કે દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં ભાજપવિરોધી બધા પક્ષોએ અરવિંદ કેજરીવાલની મદદ કરવી જોઈએ એવી મારી લાગણી છે.

દિલ્હીમાં તૃણમૂલ કૉંગ્રેસ પાર્ટી (ટીએમસી), સમાજવાદી પાર્ટી (સપા) અને શિવસેના (યુબીટી) અને રાષ્ટ્રીય જનતા દળ (આરજેડી)નો કોઈ જનાધાર નથી. શરદ પવારની એનસીપીનો પણ કોઈ જનાધાર નથી એ જોતાં આ પક્ષો દિલ્હીમાં આમ આદમી પાર્ટીને ખુલ્લેઆમ સમર્થન આપે તેનાથી પરિણામો પર કોઈ ફરક નહીં પડે, પણ આ પક્ષોનું અરવિંદ કેજરીવાલને સમર્થન એ વાતનો પુરાવો છે કે, I.N.D.I.A. મોરચાના સાથીઓ કૉંગ્રેસના જક્કી વલણને બહુ પસંદ નથી કરી રહ્યા અને કૉંગ્રેસ પોતાનો જ કક્કો ખરો કરવા મથ્યા કરે છે તેની સામે ખુલ્લેઆમ બહાર આવી રહ્યા છે.

પહેલાં મમતા બનેરજી જેવાં એકલદોકલ નેતા કૉંગ્રેસની વિરુદ્ધ બોલતાં, પણ હવે મોટા ભાગના નેતા કૉંગ્રેસની વિરુદ્ધ વલણ અપનાવી રહ્યા છે કેમ કે કૉંગ્રેસ પોતાના સ્વાર્થને ખાતર ભાજપને ફાયદો કરાવી રહી છે એવું આ નેતાઓને લાગે છે. સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવે દિલ્હીની ચૂંટણીમાં આમ આદમી પાર્ટીને સમર્થન આપવાની જાહેરાત જ નહીં, પણ સમાજવાદી પાર્ટી દિલ્હી વિધાનસભાની ચૂંટણી નહીં લડે એવી જાહેરાત કરી હતી.

અખિલેશે એ પાછળનો તર્ક પણ આપ્યો હતો કે, દિલ્હીમાં કૉંગ્રેસમાં ભાજપને હરાવવાની તાકાત નથી. અખિલેશ યાદવે કહેલું કે, સમાજવાદી પાર્ટી કોઈ પણ રાજ્યમાં એવા પક્ષને ટેકો આપશે કે જે ભાજપને હરાવી શકે. કૉંગ્રેસ પાસે દિલ્હીમાં મજબૂત સંગઠન જ્યારે આપ દિલ્હીમાં મજબૂત છે તેથી આપ જ દિલ્હીમાં ભાજપને હરાવી શકે તેમ છે. આ કારણે તેથી સમાજવાદી પાર્ટી આમ આદમી પાર્ટીને સમર્થન આપશે અને હું પણ આમ આદમી પાર્ટી માટે પ્રચાર કરીશ. શરદ પવારે અખિલેશની જેમ સાફ શબ્દોમાં કૉંગ્રેસમાં ભાજપને હરાવવાની તાકાત નથી એવું કહ્યું નથી, પણ આડકતરી રીતે એ જ વાત કરી છે.

રસપ્રદ વાત એ છે કે, આ વાત કૉંગ્રેસના નેતાઓ સિવાય બધાને સમજાય છે. દિલ્હીમાં અરવિંદ કેજરીવાલની પાર્ટી છેલ્લી બે વિધાનસભા ચૂંટણી બમ્પર બહુમતીથી જીતી છે. ૨૦૧૫માં દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં આમ આદમી પાર્ટીએ ૭૦માંથી ૬૭ અને ૨૦૨૦માં ૭૦માંથી ૬૩ બેઠકો જીતીને સપાટો બોલાવી દીધો હતો. ગયા વરસે યોજાયેલી દિલ્હી મ્યુનિસિપલ કૉર્પોરેશનની ચૂંટણીમાં પણ આમ આદમી પાર્ટીએ ભાજપ અને કૉંગ્રેસ બંનેનાં સૂપડાં સાફ કરીને જીત મેળવી હતી. સામે કૉંગ્રેસ ૨૦૧૫ અને ૨૦૨૦ બંને ચૂંટણીમાં ખાતું પણ ખોલાવી નહોતી શકી. ૨૦૧૪, ૨૦૧૯ અને ૨૦૨૪ એમ સળંગ ત્રણ લોકસભાની ચૂંટણીમાં દિલ્હીમાં એક પણ બેઠક નથી જીતી શકી.

કેજરીવાલની પાર્ટી પણ ૨૦૧૪, ૨૦૧૯ અને ૨૦૨૪ એમ સળંગ ત્રણ લોકસભાની ચૂંટણીમાં દિલ્હીમાં એક પણ બેઠક નથી જીતી શકી, પણ તેનો સ્થાનિક સ્તરે રેકોર્ડ સારો છે. દિલ્હીમાં કૉંગ્રેસ સાથે જોડાણ છતાં આમ આદમી પાર્ટી ૨૦૨૪ની લોકસભાની ચૂંટણીમાં એક પણ બેઠક ના જીતી શકી, પણ દિલ્હીમાં કેજરીવાલ સળંગ બે વાર જબરદસ્ત બહુમતી સાથે જીત્યા છે એ જોતાં તેમને હલકામાં લઈ શકાય તેમ નથી.

કૉંગ્રેસ અને આમ આદમી પાર્ટીના આ ટ્રેક રેકોર્ડની સરખામણી કરો તો કોઈ સામાન્ય માણસ પણ આમ આદમી પાર્ટી પર જ દાવ લગાવે. તેના બદલે કૉંગ્રેસના નેતા પોતે જીતવાના જ હોય એ રીતે વર્તી રહ્યા છે ને અરવિંદ કેજરીવાલને વ્યક્તિગત રીતે નિશાન બનાવીને તેમને ગાળો દઈ રહ્યા છે. કૉંગ્રેસના ટોચના નેતા અજય માકને તો કેજરીવાલ દેશવિરોધી હોવાના આક્ષેપ કરીને તેના પુરાવા આપવા માટે પ્રેસ કૉન્ફરન્સની જાહેરાત કરી નાખી હતી. છેલ્લી ઘડીએ આ પ્રેસ કૉન્ફરન્સ મોકૂફ રખાઈ હતી, પણ તેના કારણે બંનેના સંબંધોની કડવાશ ઓગળી નથી. કૉંગ્રેસના નેતા કેજરીવાલ વિરુદ્ધ નિવેદનો ફટકારી જ રહ્યા છે અને યુથ કૉંગ્રેસે તો કેજરીવાલ સામે પોલીસ ફરિયાદ સુદ્ધાં નોંધાવી છે. આ બધાં કારણોસર I.N.D.I.A. મોરચાના નેતાઓને કેજરીવાલ માટે સહાનુભૂતિ થાય એ સ્વાભાવિક છે.

કૉંગ્રેસ ક્યા જોર પર કૂદાકૂદ કરે છે એ સમજવું અઘરું છે. લોકસભાની ચૂંટણીમાં કૉંગ્રેસે પ્રમાણમાં સારો દેખાવ કરીને ૯૯ બેઠકો જીતી હતી ત્યારે I.N.D.I.A. મોરચામાં કૉંગ્રેસ સામેનો અસંતોષ દબાઈ ગયેલો અને નેતૃત્વનો મુદ્દે પણ શાંતિ થઈ ગઈ હતી. બધા પક્ષોએ કૉંગ્રેસના નેતૃત્વને સ્વીકારવા માંડ્યું હતું, પણ કૉંગ્રેસ એ નેતૃત્વને સાર્થક કરે એ રીતે વર્તી શકી નથી. હરિયાણા અને પછી મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં કૉંગ્રેસની ભૂંડી હાર થતાં કૉંગ્રેસના નેતૃત્વ સામે ફરી સવાલ ઊભા થઈ ગયા છે. મમતા બેનરજીએ તો I.N.D.I.A. મોરચાનું નેતૃત્વ પોતાને મળવું જોઈએ એવી માગ કરી હતી. લાલુ પ્રસાદ યાદવે આ વાતને ટેકો આપેલો તેના પરથી કૉંગ્રેસે વાસ્તવિકતા સમજવી જોઈએ અને સાથી પક્ષોની તાકાતને માન આપવું જોઈએ, પણ કૉંગ્રેસ એ નથી કરી શકતી તેથી દિલ્હીમાં I.N.D.I.A. મોરચાના સાથી પક્ષો તેની સાથે નહીં, પણ અરવિંદ કેજરીવાલની સાથે ઊભા છે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

(સૌર હેમંતઋતુ પ્રારંભ), ગુરુવાર, તા. ૧૬-૧-૨૦૨૫
શ્રી દયાનંદગિરિ ગુરુ બ્રહ્મગિરિ ચાને શ્રી મુંડિયાસ્વામી પુણ્યતિથિ.

- ભારતીય દિનાંક ૨૬, માહે પૌષ, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, પૌષ વદ - ૩
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે પૌષ, તિથિ વદ-૩
- પારસી શહેનશાહી રોજ ૫મો સ્પેન્દાર્મદ, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૫મો સ્પેન્દાર્મદ, માહે ૭મો મેહેર, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૧લો હોરમજદ, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૧૫મો, માહે ૭મો રજ્જબ, સને ૧૪૪૬
- મીસરી રોજ ૧૭મો, માહે ૭મો રજ્જબ, સને ૧૪૪૬
- નક્ષત્ર આશ્લેષા સવારે ક. ૧૧-૧૬ સુધી, પછી મઘા.
- ચંદ્ર કર્કમાં સવારે ક. ૧૧-૧૬ સુધી, પછી સિંહમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કર્ક (ડ, હ), સિંહ (મ, ટ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૧૬ અમદાવાદ ક. ૦૭ મિ. ૨૪, સ્ટા.ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૨૦, અમદાવાદ ક. ૧૮ મિ. ૧૪, સ્ટા. ટા.

-ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટઃ-

- ભરતી :બપોરે ક.૧૩-૨૬, મધ્યરાત્રિ પછી ક. ૦૨-૦૫(તા.૧૭)
- ઓટઃ સવારે ક.૭.૫૩ ,રાત્રે ક.૧૯-૨૯
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, પૌષ કૃષ્ણ - તૃતીયા. શ્રી દયાનંદગિરિ ગુરુ બ્રહ્મગિરિ ચાને શ્રી મુંડિયાસ્વામી પુણ્યતિથિ.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ
- મુહૂર્ત વિશેષઃ શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા,શ્રી ગણેશ-સૂર્ય પૂજા,આશ્લેષા,મઘા જન્મ નક્ષત્ર શાંતિ પૂજા, સર્વ શાંતિ,શાંતિ પૌષ્ટિક પૂજા,સર્પ પૂજા,કેતુ-બુધ-ગુરુ ગ્રહ શાંતિ પૂજા,ઔષધ ઉપચાર,માલ વેચવો,સ્થાવર લેવડ.ખેતીવાડીનાં કામકાજ,ધાન્ય ઘરે લાવવું,ઘર,ખેતર,જમીન મકાનનું કામકાજ,પ્રાણી પાળવા,
- આચમનઃસૂર્ય-મંગળ પ્રતિયુતિ ઉડાઉ, ચંદ્ર-હર્ષલ ચતુષ્કોણ અસ્થિર મનનાં,વડનું પૂજન,પિતૃ પૂજન
- મુંડન કરાવવું નહિ.
- ખગોળ જ્યોતિષઃ સૂર્ય-મંગળ પ્રતિયુતિ, ચંદ્ર-હર્ષલ ચતુષ્કોણ
- ગ્રહગોચરઃ સૂર્ય-મકર, વક્રી મંગળ-કર્ક, બુધ-ધનુ, વક્રી ગુરુ-વૃષભ, શુક્ર- કુંભ, શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, વક્રી હર્ષલ-મેષ, માર્ગી નેપ્ચ્યુન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

મુખ્બિરે ઈસ્લામ

અનવર વલિયાણી
anwar.v@bombaysamachar.com

# મૃત્યુઃ જીવનના હિસાબ-કિતાબની તપાસણી કરનાર અદૃશ્ય 'ઑડિટર'

**ઈન્સાનના** સારા-નરસા, ભલા-બૂરા, અમલ-આચરણ દુનિયાના બધા જ ધર્મોએ સ્વીકાર્યા છે.

* પાપ-પૂણ્યની માન્યતા,

* જન્નત-દોઝખની ભયભીત કરાવનારી કલ્પનાઓ જેવી બાબતોનો પાયો એક જ સત્ય પર રચાયો છે કે ઈન્સાનનું મૃત્યુ પછી પણ જીવન છે.

* આ જીવન ઈન્સાને ક્યાં, કેવું અને ક્યાં સુધી જીવવાનું છે તેનો ભેદ-રાઝ જગતકર્તા-સર્જનહારે પોતાની પાસે અકબંધ રાખેલ છે, તે કદાચ એમ વિચારીને કે ઈન્સાનના વ્યવહાર-આચરણનો ન્યાય, લેખાં-જોખાં કર્યા પછી કેવો અને કેટલો ન્યાય, 'ઈનામ', સારો-નરસો બદલો આપવો તે પોતે અર્થાત્ સર્જનહારે ગુપ્ત રાખેલ છે.

- જે મૃત્યુ પામે છે તે ત્યાં કશું જોઈને-અનુભવીને પરત આવતો નથી. આ દુનિયા તેની માટે એક મુસાફરખાનું છે. જેમ મુસાફરે પોતાના ઘરે પાછા ફરવાનું હોય છે તેમ નિશ્ચિત રોકાણ પછી તેને પોતાના મુકામે જવાનું જ છે. એટલે માનવ માત્રે પયગંબર હઝરત મુહંમ્મદ સાહેબ અને આપહુઝૂરે અનવર (સલ.) પર આવેલ આકાશી કિતાબ કુરાનમાં જે વાણી નાઝીલ થઈ-ઉતરી તેના પર શક રાખ્યા વગર દિલોજાનથી ઈમાન (શ્રદ્ધા-વિશ્વાસ) રાખવાનું છે અને ન્યાયના દિવસને સત્ય માનવાનો અને તેના બદલામાં મળનારી જન્નત દોઝખના જીવનને કબૂલ-મંજૂર રાખવાનું.

- મોત-મૃત્યુ હક-સત્ય છે, એ દરેક ઈન્સાન સમજે છે-સ્વીકારે છે. આમ છતાં આ દુન્યવી જંજાળમાં મોતને યાદ કરવાની-સતત અનુભૂતિ કરવાની કોઈને ફુરસદ નથી, અને એટલે જ કબ્રસ્તાન એ ઈબ્રત હાંસલ કરવાની-બોધ ગ્રહણ કરવાની ઈસ્લામની હિદાયત-ધર્મની સાચી સમજ આપવાની છે.

* વૃદ્ધાવસ્થા આવે,

* મૃત્યુના આગમનના સંદેશા મળતા રહે

- છતાં ઈન્સાન જાત આંખ આડા કાન કરીને તે તરફ ધ્યાન આપતો નથી.

- જાણે વાવાઝોડાનું તોફાન માથા પરથી પસાર થઈ જશે. આપણને કશું જ થશે નહીં.

* આવી અપરિપક્વ બાલિશ વિચારણા હોય છે.

* છાને પગલે આવી રહેલા મૃત્યુના ભણકારા સાંભળવાનું જ્ઞાન અને ભાન બહુ ઓછા લોકોમાં હોય છે.

* જો કે મોતને મદ્દેનજર-ધ્યાનમાં રાખવાનું ભાન-સમજ આ લખનાર, કોલમના સંપાદકને સતત રહેતો હોય છે અને આ લેખ કદાચ તેમના જીવનનો આખરી-છેલ્લો લેખ જ હોઈ શકે એ સચ્ચાઈની અનુભૂતિનો અહેસાસ તેને થતો રહે છે.

**બોધઃ**

* 'જીવનમાં જીવંત રસ લેવો છતાં મૃત્યુને ભૂલવું નહીં' એ એક જીવન દૃષ્ટિ છે.

* મૃત્યુ એ જીવનનો ચોકીદાર છે.

* મૃત્યુની આંખે જીવનની પ્રવૃત્તિઓ અને કાયાનું નિરીક્ષણ કરો.

* મૃત્યુની સાક્ષીએ મનના કપટને પણ જુઓ કદાચ ખોટે રસ્તેથી પાછા વળીને જિંદગીના સાચા-શાંતિભર્યા રસ્તે આવી જાવ;

* મૃત્યુ સાચો મિત્ર છે.

* આપણા જીવનના હિસાબ-કિતાબની તપાસણી કરનાર અદૃશ્ય 'ઓડિટર' છે, જીવનના સરવૈયામાં આખરી સહી મૃત્યુ કરનાર છે.

**સનાતન સત્યઃ**

* કબ્રસ્તાનમાં આ જાતની અસારતા અને દેહની ક્ષણભંગુરતા સમજાય છે અને એટલો વખત વૈરાગ્ય આવી જાય છે પરંતુ

આ જમાનામાં માનવી એટલો સંસારી અને જડ બની ગયો છે કે કબ્રસ્તાનમાં બેસીને ગામના ગપાટા મારે છે.

* તેમાંથી હાસ્ય રમૂજના ફુવારા પણ છૂટતા હોય છે.

* વાતાવરણ દફનવિધિ કરતાં પિકનિકે નીકળેલા લોકોનું હોય તેવો આભાસ થાય છે. દફનક્રિયા થતી હોય ત્યારે પણ મોબાઈલ પર માથાકૂટ કરતા કેટલાકો જાણે મૃત્યુનો મલાજો કેટલો પાળવો તેના નિયમોથી સાવજ અજાણ હોય તેવું લાગતું હોય છે.

**ધર્મ સંદેશઃ**

* સજા અને બદલાની આયતો-શ્લોકો-કથનો-વાક્ય કુરાનમાં અલ્લાહે દરેક પ્રકરણમાં દોહરાવી છે.

* ઈન્સાનના સ્વભાવમાં લાભ અને નુકસાનના બે પેહલુ સતત કામ કરે છે.

* વ્યવહારુ અને બુદ્ધિશાળી ઈન્સાન તો એ સાબિત થાય જે દુન્યવી જીવનમાં સારા કામ કરીને આખેરત અર્થાત્ પરલોક-મૃત્યુલોકના અમર જીવનના એશો આરામવાળા જીવનનો લાભ મેળવી લે... પરંતુ આવો

* આખેરતનો લાભ મેળવવા પરિશ્રમ કરવો પડે,

* દુનિયાના કેટલાક લાભો અને વૈભવોને જતા કરવા પડે.

* અલ્લાહની અજમાયેશ-ઈમ્તેહાન-પરીક્ષામાંથી પસાર થવું પડે, પરંતુ

* આવી પ્રક્રિયામાંથી પસાર થવા આજના યુગમાં બહુ ઓછા તૈયાર થાય.

* લોકોને શૉર્ટકટ-ટૂંકો રસ્તો પસંદ છે એટલે

* દુનિયામાં જે મળે તેજ સાચું બાકી

* જન્નત માટે રાહ જોવાની કોઈને પડી નથી-કોઈ દરકાર નથી.

- ટૂંકી દૃષ્ટિવાળા લોકો કહે છે કે ત્યાં કોણ જોઈને પાછું આવ્યું છે...? તો આવું સમજનારાઓને એટલું જ કહેવાનું કે, ધારો કે જન્નત-દોઝખની માત્ર કલ્પના જ હોય અને ગેબની હકીકત-અદૃશ્ય બાબતો પર ઈમાન-શ્રદ્ધા-સચ્ચાઈની પણ માત્ર કલ્પના જ હોય તો પણ આપણા-દુનિયાના દુન્યવી ન્યાયતંત્ર પર તો જરા વિચાર કરો?

* દુનિયાનો કયો સમાજ સારા કામનો સારો બદલો નથી આપતો અને

* કઈ હકુમત-સત્તા ગુનાઓની સજા નથી આપતી?

* જ્યારે ગુનેગારોને જે તે સરકાર સજા આપે છે ત્યારે

* જગતનો સર્જક આપણા બેફામ અમલ-કૃત્યને કેમ કરીને ચલાવી લેશે?

* અલ્લાહ સૌથી મોટો આદિલ અર્થાત્ સંપૂર્ણ ન્યાય કરવાવાળો છે. એટલે અક્કલ એ વાત કબૂલ કરવા ના પાડે છે કે તેને ત્યાં મૃત્યુ પછી ગુનાહની કોઈ સજા નથી! એટલે

* ન્યાયનો દિવસ છે અને મૃત્યુ પછીનું જીવન પણ છે

* અમલ (વ્યવહાર) અને આમાલ (કર્મ, કરણી)ને નિયંત્રણમાં રાખવા ઈન્સાને બુદ્ધિગમ્ય વિચારસરણી મજબૂત ઈમાન (આસ્થા-વિશ્વાસ) સાથે સમજી લેવામાં આવે તો ઈન્સાન જાતનો સમગ્ર વ્યવહાર સુધરી જાય અને પછી સાચું સુખ, શાંતિ, શુકુન ન મળે તેવું બની શકે જ નહીં. આમીન. (તથાસ્તુ) ઈશ્વર અલ્લાહ સૌને સદ્દબુદ્ધિ આપે-તે મહાન અને દયાળુ છે.

* * *

**સાપ્તાહિક સંદેશઃ**

* કેટલાક કાર્યો એવા હોય છે કે સવારના તે ઘણાં જ મુશ્કેલ દેખાય છે, પરંતુ ખુદાની કુદરતથી સાંજ પડતાં જ એ મુશ્કેલીઓ દૂર થઈ ખુશી પ્રાપ્ત થાય છે.

* - અને કેટલીક એવી આસાની-સરળતાઓ છે કે તે મુશ્કેલીઓ પછી આવે છે અને માયુસ થયેલ દુઃખી દિલની તકલીફોને તે પૂર્વે જ દૂર કરે છે.

**- મુશ્કીલકુશા મૌલા અલી (અસ.)** ■

# કેજરીવાલ સામે કેસ ચલાવવા ઈડીને મંજૂરી

## વિધાનસભા ચૂંટણીઃ કેજરીવાલે દિલ્હી મતદારક્ષેત્રમાંથી ઉમેદવારી નોંધાવી

દિલ્હીના કેન્દ્રના ગૃહ ખાતાએ એક્સાઈઝ પોલિસી મનીલૉન્ડરિંગ કેસને મામલે મુખ્ય પ્રધાન અને 'આપ'ના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલ સામે કેસ ચલાવવા ઈડીને મંજૂરી આપી દીધી હોવા વચ્ચે કેજરીવાલે દિલ્હી વિધાનસભાની ચૂંટણી માટે બુધવારે દિલ્હી મતદારક્ષેત્રમાંથી ઉમેદવારી નોંધાવી હતી.

માર્ચમાં ધરપકડ કર્યા બાદ ઈડીએ ગયા વરસે સ્પેશિયલ પ્રિવેન્શન ઑફ મનીલૉન્ડરિંગ ઍક્ટ (પીએમએલએ) કોર્ટમાં ૫૬ વર્ષના કેજરીવાલ વિરુદ્ધ ચાર્જશીટ દાખલ કરી હતી.

દિલ્હી એક્સાઈઝ પોલિસી કેસને મામલે કેજરીવાલ વિરુદ્ધ ઍન્ટી મનીલૉન્ડરિંગ ઍક્ટ અંતર્ગત કાર્યવાહી કરી શકાય તે માટે ગૃહ ખાતાએ તાજેતરમાં જ ઈડીને જરૂરી મંજૂરી આપી દીધી હતી.

પાંચ ફેબ્રુઆરીએ દિલ્હી વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે તે અગાઉ જ કેજરીવાલ માટે નવી સમસ્યા ઊભી થઈ છે. કેસને મામલે કેજરીવાલને વ્યક્તિગત રીતે તેમ જ પક્ષના રાષ્ટ્રીય સંયોજક તરીકે પણ આરોપી લેખાવવામાં આવ્યા છે.

ઈડીએ કેજરીવાલને દિલ્હી એક્સાઈઝ પોલિસી કૌભાંડના મુખ્ય કાવતરાંખોર લેખાવ્યા છે. દિલ્હી સરકારના પ્રધાનો, 'આપ'ના નેતાઓ અને અન્યો સાથે મળીને કેજરીવાલે આ કૌભાંડ આચર્યું હોવાનો આક્ષેપ છે. (એજન્સી) ■

# ગાઢ ધુમ્મસને કારણેદિલ્હી એરપોર્ટ પર ૧૦૦થી વધુ ફ્લાઈટ્સ મોડી પડી

નવી દિલ્હી : ગાઢ ધુમ્મસને કારણે બુધવારે સવારે દિલ્હી એરપોર્ટ પર ૧૦૦થી વધુ ફ્લાઇટ્સ મોડી પડી હતી.

એક અધિકારીએ જણાવ્યું હતું કે અત્યાર સુધી કોઈ ફ્લાઇટ ડાયવર્ઝન કે રદ થયાના અહેવાલ નથી.

ઇન્ડિગોએ સવારે ૮.૧૮ વાગ્યે એક્સ પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે ''દિલ્હી પર ઓછી દશ્યતા અને ધુમ્મસને કારણે કેટલીક ફ્લાઇટમાં વિલંબ થઈ શકે છે. અમે હવામાન પર નજીકથી નજર રાખી રહ્યા છીએ અને તમને જ્યાં જરૂર હોય ત્યાં, સુરક્ષિત અને સરળ રીતે પહોંચાડવા માટે અમારા શ્રેષ્ઠ પ્રયાસો કરી રહ્યા છીએ''.

દિલ્હી એરપોર્ટ ઓપરેટર ઉઈઅક એ જણાવ્યું હતું કે જ્યારે એરપોર્ટ પર લેન્ડિંગ અને ટેકઓફ ચાલુ રહે છે, ત્યારે કેટ-૩ અનુરૂપ ન હોય તેવી ફ્લાઇટ્સ પ્રભાવિત થઈ શકે છે.

કેટ-૩ સુવિધા ઓછી દશ્યતાની સ્થિતિમાં ફ્લાઇટ કામગીરીને મંજૂરી આપે છે.

ઉપલબ્ધ માહિતી મુજબ, બુધવારે ૧૦૦થી વધુ ફ્લાઇટ્સ મોડી પડી હતી.

દિલ્હી ઇન્ટરનેશનલ એરપોર્ટ લિમિટેડ (ઉઈઅક) એ એક્સ પર સવારે ૭.૩૫ વાગ્યે એક પોસ્ટમાં જણાવ્યું હતું કે ''મુસાફરોને અપડેટેડ ફ્લાઇટ માહિતી માટે સંબંધિત એરલાઇનનો સંપર્ક કરવા વિનંતી છે. કોઈપણ અસુવિધા માટે ખૂબ જ ખેદ છે'' .

રાષ્ટ્રીય રાજધાનીમાં ઇન્દિરા ગાંધી ઇન્ટરનેશનલ એરપોર્ટ દરરોજ લગભગ ૧૩૦૦ ફ્લાઇટની અવરજવરનું સંચાલન કરે છે. ■

# ભારતીય અવકાશ ક્ષેત્રમાં નવા યુગની શરૂઆત, બે સ્વદેશી સ્ટાર્ટઅપ્સે લોન્ચ કર્યા ઉપગ્રહો

બેંગલુરુ/નવી દિલ્હીઃ અવકાશ ક્ષેત્રમાં કામ કરનારા ભારતીય સ્ટાર્ટઅપ 'પિક્સલ' અને 'દિગંતારા'એ બુધવારે પૃથ્વી અને તેનો ચક્કર લગાવતી વસ્તુઓનું નજીકથી નિરીક્ષણ કરવા માટે સ્પેસએક્સ રોકેટથી પોતાના ઉપગ્રહો લોન્ચ કર્યા હતા જે અવકાશ ક્ષેત્રમાં પ્રાઇવેટ કંપનીઓ માટે એક નવા યુગની શરૂઆત છે.

'પિક્સલ' ભારતની પ્રથમ ખાનગી કંપની બની ગઇ છે જેની પાસે અત્યાધુનિક 'હાયપરસ્પેક્ટ્રલ' ફ્રીક્વન્સીનો ઉપયોગ કરીને પોતાના ઉપગ્રહોનો સમૂહ છે. આ આવૃત્તિથી ૧૫૦થી વધુ બેન્ડ્સમાં પૃથ્વીનું અવલોકન કરી શકાય છે. આ કૃષિ અને સંરક્ષણ જેવા વિવિધ ક્ષેત્રોમાં ઉપયોગી ટેકનોલોજી છે.

'દિગંતારા એરોસ્પેસે' વિશ્વનો પ્રથમ વાણિજ્યિક ઉપગ્રહ 'સ્પેસ કેમેરા ફોર ઓબ્જેક્ટ ટ્રેકિંગ' (એસસીઓટી) લોન્ચ કર્યો છે જે સુરક્ષિત અવકાશ કામગીરી સુનિશ્ચિત કરવા માટે પૃથ્વીની આસપાસ ફરતા પાંચ સેન્ટિમીટર જેટલા નાના પદાર્થોનું નિરીક્ષણ કરશે. અવકાશયાનની સલામતી સુનિશ્ચિત કરવા માટે અવકાશમાં બ્રાહ્ય નિરીક્ષણ ખૂબ મહત્ત્વપૂર્ણ છે કારણ કે પૃથ્વીની ચારે તરફથી ભ્રમણકક્ષાઓ કૃત્રિમ ઉપગ્રહોની સાથે સાથે અવકાશના કાટમાળથી ભરેલી છે.

'પિક્સલ'ના ત્રણ 'ફાયરફલાય' ઉપગ્રહ ૩૦ મીટરના ધોરણ કરતાં છ ગણા વધુ કાર્યક્ષમ છે. 'ફાયરફલાય' હાલના સમયમાં દુનિયાના સૌથી વધુ રિઝોલ્યુશન ધરાવતા કોમર્શિયલ-સ્કેલનો હાઇપરસ્પેક્ટ્રલ સેટેલાઇટ સમૂહ છે. કંપનીના સ્થાપક અને સીઈઓ અવૈસ અહેમદે પીટીઆઈને જણાવ્યું હતું કે, ''પ્રથમ વખત પાંચ મીટરનું હાઇપરસ્પેક્ટ્રલ ઉપલબ્ધ છે. ''આ જ તેને ભારતમાં જ નહીં પરંતુ વૈશ્વિક સ્તરે અલગ બનાવે છે. 'પિક્સલ'ની યોજના આગામી બે મહિનામાં ત્રણ વધુ તથા ભવિષ્યમાં વધુ ૧૮ 'ફાયરફલાય' ઉપગ્રહો લોન્ચ કરવાની યોજના ધરાવે છે. 'ઇન્ડિયન સ્પેસ એસોસિયેશન' (આઇએસપીએ)ના ડિરેક્ટર જનરલ લેફ્ટનન્ટ જનરલ એ.કે. ભટ્ટે પીટીઆઇને જણાવ્યું હતું કે 'પિક્સલના ઉપગ્રહોનું લોન્ચિંગ એક મહત્ત્વપૂર્ણ પગલું છે.'

દિગંતારાના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર અનિરુદ્ધ શર્માએ જણાવ્યું હતું કે એસસીઓટીનો ઉદ્દેશ્ય અવકાશ સુરક્ષા વધારવા, ટ્રાફિક વ્યવસ્થાપનને શ્રેષ્ઠ બનાવવા અને રાષ્ટ્રીય સુરક્ષા યોજનાઓને વેગ આપવાનો છે.

'એસસીઓટી' સૂર્ય સમકાલિક કક્ષાથી વર્તમાન સેન્સરની તુલનામાં વધુ કાર્યક્ષમતા સાથે હાલના સેન્સર કરતાં વધુ કાર્યક્ષમતા સાથે પૃથ્વીની નીચલી ભ્રમણકક્ષા (એલઇઓ)માં વસ્તુઓ શોધવાનો છે. વર્તમાન સેન્સર હવામાનની પરિસ્થિતિઓ, ભૌગોલિક સીમાઓ અને મર્યાદિત દશ્ય ક્ષેત્રો દ્વારા બંધાયેલા છે. કંપનીએ એક નિવેદનમાં જણાવ્યુ હતું કે ''આ પરંપરાગત પ્રણાલીઓથી વિપરીત 'એસસીઓટી' અવકાશમાં રહેલા પદાર્થોનું સતત નિરીક્ષણ કરે છે અને પાંચ સેન્ટિમીટર જેટલા નાના પદાર્થોને શોધી કાઢે છે.'' ■

# કાશ્મીરમાં ઠંડીના પ્રકોપમાં વધારો, શ્રીનગરમાં માઇનસ ૪.૮ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું

શ્રીનગરઃ કાશ્મીરમાં ઠંડીના પ્રકોપમાં વધારો થયો છે. ખીણમાં રાત્રે તાપમાનમાં ઘટાડો થયો હતો. હવામાન વિભાગે બુધવારે જણાવ્યું હતું કે આગામી થોડા દિવસોમાં ખીણમાં હવામાન સૂકું રહેવાની શક્યતા છે. વિભાગના જણાવ્યા અનુસાર, શ્રીનગરમાં મંગળવારે રાત્રે લઘુતમ તાપમાન માઈનસ ૪.૮ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે છેલ્લી રાત્રિના માઈનસ ૪.૧ ડિગ્રી સેલ્સિયસથી ઓછું હતું.

સ્કીઇંગ માટે જાણીતા ઉત્તરી કાશ્મીરના પર્યટનસ્થળ ગુલમર્ગમાં લઘુતમ તાપમાન માઇનસ ૭.૪ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે છેલ્લી રાત્રિના માઈનસ ૬.૨ ડિગ્રી સેલ્સિયસથી ઓછું હતું. પહેલગામમાં લઘુતમ તાપમાન માઈનસ ૮.૪ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. કાઝીગુંડમાં લઘુતમ તાપમાન માઈનસ ૫.૪, પંપોર શહેરના કોનીબલમાં માઇનસ ૬.૪ ડિગ્રી, કુપવાડામાં માઇનસ ૪.૭ ડિગ્રી સેલ્સિયસ અને કોકરનાગમાં માઈનસ ૪.૬ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.

હવામાન વિભાગે જણાવ્યું હતું કે ખીણમાં ૧૮ જાન્યુઆરી સુધી વાદળછાયુ વાતાવરણ રહેશે. ઊંચાણવાળા વિસ્તારોમાં કેટલાંક સ્થળોએ ૧૬ જાન્યુઆરી સુધી હળવી બરફવર્ષા થવાની સંભાવના છે. ■

# દુષ્કર્મ કેસમાં રાજસ્થાન હાઈ કોર્ટે આસારામને ૩૧ માર્ચ સુધીના વચગાળાના જામીન આપ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: દુષ્કર્મ કેસમાં જેલમાં બંધ આસારામને રાજસ્થાન હાઇ કોર્ટે મોટી રાહત આપી હતી, રાજસ્થાન હાઇ કોર્ટની ડિવિઝન બેન્ચે જોધપુર રેપ કેસમાં દોષિત આસારામને ૭૫ દિવસના વચગાળાના જામીન આપ્યા હતા. ૨૦૧૩ના બળાત્કાર કેસમાં આજીવન કેદની સજા ભોગવી રહેલા આસારામની તબીબી સારવારની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો હતો. આસારામને જામીન મળતા તેમના અનુયાયીઓમાં ખુશીની લહેર વ્યાપી ગઈ હતી. મોડી રાત્રે આસારામ પોતાના પાલ ગામમાં આવેલા આશ્રમમાં પાછો ફર્યો હતો. આશ્રમમાં તેના સમર્થકોની ભારે ભીડ જોવા મળી હતી. સમર્થકોએ તેનું હાર પહેરાવીને સ્વાગત કર્યું હતું. આશ્રમ પહોંચતા જ સેવકોએ ફટાકડા ફોડ્યા હતા.

રાજસ્થાન હાઇ કોર્ટના જસ્ટિસ દિનેશ મહેતા અને જસ્ટિસ વિનીત કુમાર માથુરે કહ્યું હતું કે આસારામ ૩૧ માર્ચ, ૨૦૨૫ સુધી જેલની બહાર રહીને પોતાની સારવાર કરાવી શકશે. આ સમયગાળા દરમિયાન આસારામને તેમના કોઈપણ અનુયાયીઓને મળવાની મંજૂરી આપવામાં આવશે નહીં. તેમ જ તે મીડિયા સમક્ષ કોઈ નિવેદન આપી શકશે નહીં. તે ૨૪ કલાક ૩ પોલીસકર્મીઓની દેખરેખ હેઠળ પોતાની સારવાર પૂર્ણ કરી શકશે.

આસારામના વકીલ આર. એસ. સલુજાએ ૮ જાન્યુઆરીએ હાઇ કોર્ટમાં વચગાળાના જામીન માટે આ અરજી દાખલ કરી હતી, જેના પર આજે ૬ દિવસ પછી નિર્ણય આવ્યો હતો. ૮૬ વર્ષીય આસારામને અનેક પ્રકારની સ્વાસ્થ્ય સમસ્યાઓથી પીડાઈ રહ્યા છે, જેમાંથી હૃદયરોગ સૌથી મહત્ત્વપૂર્ણ છે. આને આધાર માનીને જસ્ટિસ એમ. એમ. સુંદરેશ અને રાજેશ બિંદલની બનેલી સુપ્રીમ કોર્ટની બેન્ચે વચગાળાના જામીન મંજૂર કર્યા હતા. હવે રાજસ્થાન હાઈ કોર્ટે પણ સુપ્રીમ કોર્ટ દ્વારા આપવામાં આવેલી જામીન શરતો પર આસારામને વચગાળાના જામીન આપ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, જોધપુરના આશ્રમમાં જ એક સગીર બાળકી પર બળાત્કાર ગુજાર્યો હતો. એપ્રિલ ૨૦૧૮માં નીચલી કોર્ટે તેને આજીવન કેદની સજા ફટકારી હતી, પરંતુ તેને તબીબી કારણોસર વચગાળાના જામીન આપવામાં આવ્યા હતા. તે અન્ય કેસોમાં પણ દોષિત છે.

# સુરતમાં અકસ્માત માટે બ્લેક સ્પોટ ગણાતી આભવા અને ખાજોદ ચોકડી પર ફ્લાયઓવર બ્રિજ માટે ₹ ૯૩ કરોડ મંજૂર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં અકસ્માતોની સંખ્યા ઘટાડવા માટે રાજ્ય સરકારે મહત્ત્વનાં પગલાં લીધાં છે. સુરતમાં હજીરા અને તેની આસપાસના ઔદ્યોગિક વિસ્તારોમાં મોટા વાહનોની અવરજવર વધુ હોવાથી આભવા અને ખાજોદ ચોકડી અકસ્માત માટે બ્લેક સ્પોટ બની હતી. હવે આ બંને ચોકડી પર ફ્લાય ઓવર બ્રિજ બનાવવા માટે સરકારે ૯૩ કરોડ રૂપિયા મંજૂર કરતાં ટ્રાફિક સહિત અકસ્માતની સંખ્યામાં પણ ઘટાડો થાય તેવી આશા સેવાઈ રહી છે. સુરત શહેરમાં હજીરા અને તેની આસપાસના ઔદ્યોગિક વિસ્તારોમાં મોટાં વાહનોની અવરજવર વધુ હોવાથી આભવા અને ખાજોદ ચોકડી અકસ્માત માટે બ્લેક સ્પોટ બની હતી. જેથી આ બંને ચોકડી પર ફ્લાયઓવર બ્રિજ બનાવવા માટે વડા પ્રધાન મોદી અને કેન્દ્રીય પ્રધાન નીતિન ગડકરીને રજૂઆતો કરવામાં આવી હતી. આ રજૂઆતોને ધ્યાને લઈને સરકારે બંને ચોકડી પર ફ્લાય ઓવર બ્રિજ બનાવવા માટે ૯૩ કરોડ રૂપિયા મંજૂર કર્યા છે. હજીરા અને આસપાસના મહાકાય ઉદ્યોગોમાંથી મોટા વાહનોની અવરજવર, ડાયમંડ બજાર, સચિન-પાંડેસરા જીઆઈડીસી, હોજીવાલા ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટ અને સેઝ તરફ જતા ટ્રાફિકને કારણે આભવા અને ખજોદ ચોકડી પર સતત ટ્રાફિકની સમસ્યા રહેતી હતી. જેની અનેક રજૂઆતો બાદ ફ્લાયઓવર બ્રિજ બનાવવા મંજૂરી મળી હતી. આ યોજનાનો અમલ નેશનલ હાઈ-વે ઓથોરિટી ઑફ ઇન્ડિયા દ્વારા કરવામાં આવશે. આ ફ્લાયઓવર બન્યા બાદ ધુલિયા સુધી જનાર લોકોને રાહત મળશે. સચિન ઇન્ડસ્ટ્રિયલ સોસાયટી લાંબા સમયથી ટ્રાફિકને નડતરરૂપ એક્સિડન્ટ ઝોનમાં ફ્લાયઓવર બ્રિજ બનાવવા ધારાસભ્ય સંદિપ દેસાઈ અને કેન્દ્રિય પ્રધાન સી.આર.પાટીલને રજૂઆત કરવામાં આવી હતી.

# રાજકોટમાં ૧૮ લાખનાં હેરોઈન સાથે બેની ધરપકડ: એસઓજી ટીમે કાર્યવાહી કરી

અમદાવાદ: રાજકોટ શહેર એસઓજી ટીમે કુવાડવા રોડ પરથી રૂ. ૧૮.૧૪ લાખના ૩૯૨.૯૫ ગ્રામ હેરોઇનના જથ્થા સાથે પરાબજારના પેડલર ફેઝલ ચૌહાણ અને રાજસ્થાનના ખેપિયા રાજમલ મીણાની ધરપકડ કરી હતી. આરોપીમાંથી રાજમલ મીણા મૂળ રાજસ્થાનનો વતની છે. બંને શખ્સો હેરોઇન ક્યાંથી લાવ્યા અને રાજકોટમાં કોને સોંપવાનું હતું એ સમગ્ર મામલે પોલીસે તપાસ હાથ ધરી છે. બાતમીના આધારે એસઓજીના ઇન્ચાર્જ પીઆઈના માર્ગદર્શન હેઠળ એસઓજીની ટીમે રાજકોટના કુવાડવા રોડ પર ડી માર્ટ મોલથી આગળ મેલડીમાંની મોજ ઓટો ગેરેજ પાસેથી જાહેર રોડ પરથી હેરોઇનના જથ્થા સાથે બે શખ્સોને દબોચી લીધા હતા. એસઓજી ટીમે રૂ. ૧૮,૧૪,૭૫૦ની કિંમતનો ૩૯૨.૯૫ ગ્રામ હેરોઇન, ત્રણ મોબાઈલ, રોકડ સહિત રૂ. ૧૮,૨૮,૨૫૦ના મુદ્દામાલ સાથે રાજકોટના પરાબજાર વિસ્તારમાં કૃષ્ણનગર શેરી નંબર ૧/૨ના ખૂણે રહેતા ફેજલ યુસુફભાઇ ચૌહાણ અને રાજમલ રકમા મીણા રહે. બોરીગામ, પંચાયત કેશરપુરા, શિવાંગપુરા, પ્રતાપગઢ, રાજસ્થાન)ની ધરપકડ કરી હતી. રાજમલ પોતે ફક્ત ખેપિયો હોવાનું અને રાજસ્થાનથી અન્ય એક શખ્સ માદક પદાર્થનો જથ્થો મોકલતો હોવાનું જાણવા મળ્યું હતું.

# અમિત શાહ વડનગરમાં આર્કિયોલૉજિકલ એક્સપિરિયન્સ મ્યુઝિયમ, પ્રેરણા સંકુલ અને સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સનું લોકાર્પણ કરશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: કેન્દ્રીય ગૃહ અને સહકારિતા પ્રધાન અમિત શાહ આજે ૧૬ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ મહેસાણા જિલ્લાના વડનગર શહેરમાં કરોડો રૂપિયાના વિકાસકાર્યોનું લોકાર્પણ કરશે. આર્કિયોલોજિકલ એક્સપિરિયન્સ મ્યુઝિયમ, પ્રેરણા સંકુલ અને સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ જેવા વિકાસકાર્યો પૂર્ણ થવાથી વડનગરની મુલાકાતે આવનારા પ્રવાસીઓને હવે એક નવો અનુભવ મળશે.

વડા પ્રધાન મોદીએ વડનગરના ઐતિહાસિક મહત્ત્વ અને પ્રવાસન સંભાવનાઓને ધ્યાનમાં રાખીને તેની સાથે સંકળાયેલા પ્રોજેક્ટ્સ શરૂ કરવા માટે પ્રેરિત કર્યા છે. કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ વડનગરમાં નવનિર્મિત આર્કિયોલોજિકલ એક્સપિરિયન્સ મ્યુઝિયમનું ઉદ્ઘાટન કરશે.

આ ભારતનું આ પ્રકારનું પ્રથમ મ્યુઝિયમ છે, જેને કેન્દ્રીય સંસ્કૃતિ મંત્રાલય દ્વારા રાજ્યના ડિરેક્ટોરેટ ઑફ આર્કિયોલોજિકલ અને મ્યુઝિયમના સહયોગથી તૈયાર કરવામાં આવ્યું છે. આ મ્યુઝિયમનો ઉદ્દેશ્ય અહીં ખોદકામ દરમિયાન પ્રાપ્ત થયેલા પુરાતત્વીય પદાર્થો મારફતે વડનગરના બહુસ્તરીય સાંસ્કૃતિક ઇતિહાસને ઉજાગર કરવાનો અને ૨૫૦૦ વર્ષોથી પણ વધુ સમયથી આ શહેરમાં થતી રહેલી માનવ ઉત્ક્રાંતિને પ્રદર્શિત કરવાનો છે.

આ મ્યુઝિયમને પુલ મારફતે ખોદકામની લાઇવ સાઇટ સાથે જોડવામાં આવ્યું છે. ₹૨૯૮ કરોડના અંદાજિત ખર્ચે તૈયાર કરવામાં આવેલું આ ચાર માળનું મ્યુઝિયમ લગભગ ૧૨,૫૦૦ ચોરસ મીટર વિસ્તારમાં ફેલાયેલું છે.

આ મ્યુઝિયમના મકાનમાં પુરાતત્વીય ખોદકામ દરમિયાન મળેલી ૫૦૦૦થી વધુ કલાકૃતિઓ પ્રદર્શિત કરવામાં આવી છે, જે વડનગરના ૨૫૦૦ વર્ષના ઇતિહાસ અને તેના પ્રાચીન જ્ઞાનના ભંડારને ઉજાગર કરે છે.

મ્યુઝિયમમાં વિવિધ સમયગાળાની, કલાઓ, શિલ્પો અને આ વિસ્તારની ભાષાને પ્રદર્શિત કરતી ૯ થીમેટિક ગેલેરીઓ પણ બનાવવામાં આવી છે.

કેન્દ્રીય ગૃહ પ્રધાન ૭૨ કરોડના ખર્ચે તૈયાર થયેલા 'પ્રેરણા સંકુલ'ને રાષ્ટ્રને સમર્પિત કરશે. 'પ્રેરણા સંકુલ' એ વડનગરની ઐતિહાસિક પ્રાથમિક શાળાની ઇમારતના નવીનીકરણ માટેની એક પહેલ છે.

૧૮૮૮માં સ્થાપિત થયેલા આ જ શાળામાં વડાપ્રધાન મોદીએ પોતાનું પ્રાથમિક શિક્ષણ મેળવ્યું હતું. સ્ટડી ટુર હેઠળ દેશના તમામ જિલ્લાઓના વિદ્યાર્થીઓ અહીંયા એક સપ્તાહ સુધી ભણવા માટે આવે છે. અત્યાર સુધીમાં દેશના વિવિધ ભાગોમાંથી વિદ્યાર્થીઓ અને શિક્ષકોના ૩૬ ગ્રુપ અહીંયા ભણવા માટે આવી ચૂક્યા છે.

અમિત શાહ વડનગરમાં સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સનું પણ ઉદ્ઘાટન કરશે. ૩૩.૫૦ કરોડના ખર્ચે વિકસિત કરવામાં આવેલ આ સ્પોર્ટ્સ કોમ્પ્લેસક્સમાં વિવિધ પ્રકારના ઇનડોર સ્પોર્ટ્સની સુવિધાઓ છે. સાથે જ, આઉટડોર સ્પોર્ટ્સ સુવિધાઓમાં ૮ લેનવાળા ૪૦૦ મીટર સિન્ટેટિક એથલેટિક ટ્રેક, એક એસ્ટ્રો ટર્ફ ફૂટબોલ મેદાન, કબડ્ડી, ખો-ખો અને વોલીબોલ મેદાનનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત, એક છાત્રાલયનું બાંધકામ પ્રગતિમાં છે, જેમાં ૧૦૦ છોકરાઓ અને ૧૦૦ છોકરીઓ માટે રહેવાની વ્યવસ્થા હશે.

# ઉત્તરાયણનો દિવસ અબોલ જીવો માટે બન્યો કાળ: ૧૪૦૦થી વધુ પક્ષીઓ ઘાયલ

અમદાવાદ: સમગ્ર ગુજરાતમાં ઉત્તરાયણના પર્વની હર્ષોલ્લાસભેર ઉજવણી કરી હતી. વહેલી સવારથી જ લોકોએ ધાબા પર ચઢીને પતંગ ચગાવવાની મજા માણી હતી. પરંતુ, આ દિવસે પ્રતિબંધિત ચાઇનીઝ દોરી સાથે પતંગ ચગાવવાના કારણે અનેક અબોલ જીવો મોતને ભેટ્યાં હતાં, જ્યારે અસંખ્ય ઘાયલ થયા હતા. આમ પક્ષીઓ માટે આ તહેવાર સજા બની ગયો હતો.

મળતી વિગતો મુજબ, કરુણા એનિમલ એમ્બ્યુલન્સને ૧૪૦૨ ઈમરન્સી કોલ મળ્યા હતા. જેમાં ૭૫૮ પશુના અને ૬૪૪ પક્ષીઓ માટેના હતા.

જીવદયા ચેરીટેબલ ટ્રસ્ટની વાત કરીએ તો તેમની પાસે ૬૬૩ પક્ષીઓ ઇજાગ્રસ્ત હાલતમાં તેમની પાસે આવ્યા જેમાં ૩૪૭ કબૂતર, કોયલ અને અન્ય નાના પક્ષીઓનો સમાવેશ થતો હતો. આ ઉપરાંત ૫૭ શિકારી પક્ષીઓ છે જેમને પણ ગંભીર ઈજાઓ થઈ હતી ૫૦ પેઇન્ટેડ સ્ટોર્ક પક્ષીઓ ઈજાગ્રસ્ત થયા હતા. સારસ પક્ષી પણ ઈજાગ્રસ્ત થયું હતું જેને સારવાર આપવામાં આવી હતી.

# અમદાવાદમાં પેલેડિયમ મોલ પાસે આતંક મચાવનાર પાંચ આરોપી મહારાષ્ટ્રથી પકડાયા

અમદાવાદ: તાજેતરમાં અમદાવાદમાં એસજી હાઈવે સ્થિત પેલેડિયમ મોલ પાસે ૧૫ જેટલા અસામાજિક તત્ત્વોએ તલવારો સાથે આતંક મચાવી બે શખસો પર હુમલો કર્યો હતો. ત્યાર બાદ તેમણે રોડ પરથી પસાર થતાં વાહનચાલકો પર પણ હથિયારોથી હુમલો કર્યો હતો. આ ઘટનાનો વીડિયો વાયરલ થતાં આવા તત્ત્વોને પકડીને જાહેરમાં વરઘોડા કાઢતી પોલીસના પેટ્રોલિંગ સામે સવાલો ઊભા થયા હતાં. પોલીસે આ લોકો સામે ફરિયાદ નોંધી તેમને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતાં, જેમાં પાંચ આરોપીઓ મહારાષ્ટ્રથી પકડાયા હતાં અને વધુ ત્રણ આરોપીઓને અમદાવાદથી પકડી લેવામાં આવ્યા હતાં. અમદાવાદમાં એસજી હાઈવે સ્થિત પેલેડિયમ મોલ પાસે રાતના સમયે ૧૫ જેટલા શખસોએ તલવારો સાથે આતંક મચાવ્યો હતો. આ લોકોએ બે શખસો પર હુમલો કર્યો હતો અને ત્યાર બાદ રોડ પરથી પસાર થતાં વાહનો પર હથિયારો મારવાની કોશિશ કરતાં લોકોમાં નાસભાગ મચી જવા પામી હતી. ત્યાર બાદ આરોપીઓ મહારાષ્ટ્ર ભાગી ગયા હતા. પોલીસે આરોપીઓને પકડી પાડવા માટે સઘન તપાસ હાથ ધરી હતી. પોલીસને પાંચ આરોપીઓ મહારાષ્ટ્રમાં સતારા તરફ બસમાં જઈ રહ્યા હોવાની જાણકારી મળતાં જ પોલીસે તેમને ઝડપી પાડવા કાર્યવાહી શરૂ કરી હતી. પોલીસે મહારાષ્ટ્રથી પ્રિન્સ જંગીડ, મિહિર દેસાઈ, જીગર દેસાઈ, પવન ઠાકોર અને કૈલાશ દરજીની ધરપકડ કરી હતી.

# સુરતના પાંડેસરામાં શ્વાન મુદ્દે બે પરિવાર બાખડ્યા: તલવાર ઊછળી, બે લોકોની અટકાયત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સુરતના પાંડેસરા વિસ્તારમાં બે પરિવાર વચ્ચેના ઝઘડાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થયો હતો, જેમાં સામસામે મારામારીમાં મામલો એટલો બિચક્યો હતો કે એક વ્યક્તિએ જાહેરમાં તલવાર કાઢીને મારવાનો પ્રયાસ પણ કર્યો હતો. આ ઉપરાંત સામસામે લાકડાના ફટકા પણ માર્યા હતા, જોકે આ મામલે પોલીસે ગુનો નોંધી બે લોકોની અટકાયત કરી હતી, જ્યારે ઇજાગ્રસ્તોને સારવાર અર્થે હોસ્પિટલ ખસડેવામાં આવ્યા હતા. આ સમગ્ર ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર ફરતો થયો હતો. શહેરના પાંડેસરા વિસ્તારમાં પાલતુ શ્વાન મુદ્દે બે પરિવાર વચ્ચે માથાકૂટ થઈ હતી. અગાઉ પણ બંને પરિવાર વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. ફરી એક વખત બંને પરિવારો સામસામે આવી જતાં એક વ્યક્તિએ જાહેરમાં તલવાર કાઢી હતી. એટલું જ નહીં, અન્ય એક યુવક પર તલવારથી હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ યુવક હટી જતાં આબાદ બચાવ થયો હતો. તો બીજી તરફ લાકડાના દંડા વડે એકબીજાને ઈજા પણ પહોંચાડી હતી. સ્થાનિક લોકો વારંવાર તેમને રોકવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ મામલો એટલો ઉગ્ર થઈ ગયો હતો કે લાકડાના ફટકા વડે એકબીજા ઉપર હુમલો કરી દીધો હતો. એને કારણે બે વ્યક્તિ ઇજાગ્રસ્ત પણ થઈ હતી. આ મામલે પાંડેસાર પીઆઇએ જણાવ્યું હતું કે બંને પરિવારો નજીવી બાબતે ઝઘડી પડ્યા હતા. વીડિયો વાઈરલ થતાં અમારી જાણમાં પણ આવ્યું હતું. ત્યાર બાદ અમે કાર્યવાહી પણ કરી છે. બે વ્યક્તિ ઇજાગ્રસ્ત છે, તેઓ અત્યારે સારવાર હેઠળ છે. આરોપીઓ સામે ગુનો દાખલ કરતાં એક વ્યક્તિને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલવામાં આવી છે. એક વ્યક્તિ જે સારવાર હેઠળ છે તેની સામે પણ ગુનો દાખલ કરવામાં આવ્યો છે તેની પણ ધરપકડ કરવામાં આવશે.

# વડોદરાના ચાર ઝોનમાં સ્વિમિંગ પૂલ અને યોગ સેન્ટરો બનશે: મનપાએ ૧૮૦૦ કરોડનાં કામો મંજૂર કર્યાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વડોદરા મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટી દ્વારા લગભગ ૧૮૦૦ કરોડથી વધુનાં કામો મંજૂર કરવામાં આવ્યા હતા. જેમાં વિશ્વામિત્રી નદીના નવ સર્જન શહેરમાં નવા ૬ ફ્લાયઓવર બ્રિજ, પાણીની સુવિધા, પાણીની લાઈનો, ડ્રેનજ, ગાર્ડન જેવા સર્વાંગી વિકાસના કામોનો સમાવેશ થાય છે. જેમાં ચારે ઝોનમાં સ્વિમિંગ પૂલ, યોગા સેન્ટર બનાવવાનો સમાવેશ કરવામાં આવ્યો હતો, આ ઉપરાંત આજવા સરોવર ખાતે સફારી પાર્ક બનાવવાની કામગીરી શરૂ કરવામાં આવશે.

મનપાની સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન ડૉ. શીતલ મિસ્ત્રીએ આગામી વર્ષના નવીન આયોજનો અંગેની માહિતી આપતા વધુમાં જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૨૫માં દરેક ઝોનમાં રોડ પ્રોજેક્ટ શાખા દ્વારા ૬૦થી ૭૦ કિલો મીટરના રસ્તા, રોડ ફિક્સર તથા રોડ ફર્નિચર સહિત બનાવવાનું આયોજન છે.

સાથે ચારેય ઝોનમાં સ્વિમિંગપુલ, યોગા સેન્ટર, લાઈબ્રેરી બનાવવામાં આવશે તથા કોલેબેરાની પાછળ નવું ક્રિકેટ સ્ટેડિયમ બનાવવાનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. ગાજરવાડી ખાતે નવીન એસટીપી તથા અલકાપુરી ગરનાળા પર બ્રિજ બનાવવાની મંજૂરી તાજેતરમાં મળી છે. સાથે સમા ખાતે નવીન કોમ્યુનિટી હોલ પણ બનાવવામાં આવશે.

આ ઉપરાંત વર્તમાન વર્ષમાં 'કેચ ધી રેઇન' થીમ આધારિત અંદાજિત ૧૦ કરોડથી વધુના ખર્ચે રેન વોટર રીચાર્જિંગ માટેના ઇજારા કરી વરસાદી પાણીનો સંચય કરવામાં આવશે. વડોદરા શહેરના તમામ સ્મશાનોનું સંચાલન ઉત્કૃષ્ટ અને સુચારૂરૂપે થાય તે માટે ચારેય ઝોનના સ્મશાન ગૃહોનું સંચાલન માટે ટેન્ડર કરવામાં આવશે. આજવા સફારી પાર્કની ૧૫૦ એકર જગ્યાનું ફેન્સિંગ કરવાનું આયોજન હાથ ધર્યું છે. વડોદારા શહેર વધુ સ્વચ્છ, સુંદર અને સુદૃઢ બનાવવા વડોદરા શહેરના વધુ રોડ રસ્તાઓ ઉપર ડેકોરેટીવ લાઇટિંગ થાય તે માટેનું આયોજન કરવામાં આવશે.

વડોદરા શહેરની આગવી ઓળખાના ભાગરૂપે ગાંધીનગર ગૃહનું નવીનીકરણ, ઐતિહાસિક લાલ કોર્ટ તથા ન્યાયમંદિરના નવીનીકરણ, પ્લેનેટોરિયમનું નવીકરણ, કામનાથ મંદિર કમાટીબાગને જોડતો વોકિંગ બ્રિજ બનાવવા જેવા કામોનું આયોજન ઉપરાંત અલગ અલગ વોર્ડમાં દૂષિત પાણી અને અને પાણીના લોપ્રેસરની ફરિયાદોના નિરાકરણ અર્થે સર્વે કરી અંદાજિત ૫૦ કરોડના ખર્ચે નવીન નળીકાઓ નાખી નવીન કનેક્શન કરવામાં આવશે.

વર્ષ ૨૦૨૪માં મંજૂર કરવામાં આવેલા કામોમાં ગાર્ડન વિભાગમાં રૂપિયા ૧૭.૬૮ કરોડના કામ, પાણી પુરવઠા વિભાગના વિવિધ અંદાજિત રૂપિયા ૩૫૬ કરોડથી વધુના કામો, રોડ પ્રોજેક્ટ વિભાગ દ્વારા અંદાજિત રૂપિયા ૨૯૮ કરોડથી વધુના કામો, ડ્રેનેજ વરસાદી ગટર પ્રોજેક્ટ વિભાગ દ્વારા અંદાજીત રૂપયા ૪૪૧ કરોડના વિવિધ કામો, બ્રિજ પ્રોજેક્ટ શાખાના અંદાજિત રૂપિયા ૪૨૩ કરોડના વિવિધ કામો, બિલ્ડિંગ પ્રોજેક્ટ દ્વારા અંદાજિત રૂપિયા ૪૧.૬૧ કરોડના કામો મંજૂર કરવામાં આવ્યા હતા. જે પ્રગતિ હેઠળ છે.

# સમગ્ર દેશમાં સ્ટાર્ટઅપ પૉલિસીનું સફળ અમલીકરણ કરનાર ગુજરાત પ્રથમ રાજ્ય બન્યું: બેસ્ટ પરફોર્મરનો એવૉર્ડ એનાયત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સમગ્ર દેશમાં સ્ટાર્ટઅપ પૉલિસીનું સફળ અમલીકરણ કરવામાં ગુજરાત પ્રથમ રાજ્ય બન્યું હતું. આ માટે રાજ્યને સતત ચાર વર્ષ સુધી સ્ટેટ સ્ટાર્ટઅપ રેન્કિંગમાં ''બેસ્ટ પરફોર્મર'' એવૉર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. દેશમાં ૮ જાન્યુઆરી ૨૦૨૫ સુધીમાં ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઑફ ઇન્ડસ્ટ્રી ઍન્ડ ઇન્ટરનલ ટ્રેડ દ્વારા ૧.૫૦ લાખથી વધારે સ્ટાર્ટઅપ્સને માન્યતા આપવામાં આવી હતી, જેમાં ગુજરાતમાં ૧૨,૭૭૯ જેટલા સ્ટાર્ટઅપ્સ નોંધાયા હતાં.

ભારતીય સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમમાં ૩૩ ગણા વધારા સાથે સ્ટાર્ટઅપ્સની સંખ્યા ૪,૨૦૦થી વધીને ૧,૫૪,૭૧૯ જેટલી થઈ છે. આ ઉપરાંત ભારત કુલ ૧૧૮ યુનિકોર્ન થકી સ્ટાર્ટઅપનું હબ બન્યું છે. સ્ટાર્ટઅપ માટેનું ભંડોળ રૂ. ૪૫૦ બિલિયન ડોલરથી વધુનું થયું છે તથા સહાયક સ્ટાર્ટઅપ નીતિઓ ધરાવતા રાજ્યોની કુલ સંખ્યા ૩૧ જેટલી થઈ છે. સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમ અંતર્ગત ડિસેમ્બર ૨૦૨૪ સુધીમાં ગુજરાતના ૧૨,૫૦૦થી વધુ સ્ટાર્ટઅપ્સને માન્યતા મળી હતી. હાલમાં અમદાવાદમાં ૫,૨૬૯, સુરતમાં ૧,૯૦૩, વડોદરામાં ૧,૩૪૪, રાજકોટમાં ૧,૧૭૨, ગાંધીનગરમાં ૬૦૧ જેટલા સ્ટાર્ટઅપ્સ શરૂ કરવામાં આવ્યા છે, જેમાં હેલ્થકેર અને લાઇફસાયન્સમાં ૧,૩૪૩, આઇટી સેવાઓમાં ૧,૧૮૬ તથા કૃષિમાં ૮૧૯ જેવા ટોચના ક્ષેત્રોનો સમાવેશ થાય છે. ગુજરાત સરકાર દ્વારા ગુજરાત યંગ આંત્રપ્રિન્યોર્સ વેન્ચર ફંડ સેટઅપ કરવામાં આવ્યું છે, જેમાં રાજ્ય સરકારે અત્યાર સુધીમાં અંદાજે રૂ. ૩૫૦ કરોડનો ફાળો આપ્યો છે.

ગુજરાત પણ સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમમાં મહત્ત્વનો ફાળો આપતું રાજ્ય બન્યું છે, જે અંતર્ગત રાજ્યની નોડલ સંસ્થાઓ, ઇન્ક્યુબેટર્સ, એક્સિલરેટર્સ, માર્ગદર્શકો, રોકાણકારો, સરકારી સંસ્થાઓ અને અન્ય સ્ટેકહોલ્ડરો દ્વારા રાજ્યના ઉદ્યોગસાહસિકોને વિવિધ સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે, જેના પરિણામે વર્ષ ૨૦૧૭માં ગુજરાતને સ્ટાર્ટઅપ ઇન્ડિયા પ્રોગ્રામના અસરકારક અમલીકરણ માટે પ્રાઈમ મિનિસ્ટર એવૉર્ડ ફોર એક્સેલેન્સ ઈન પબ્લિક એડમિનિસ્ટ્રેશન ઈન ૨૦૧૭ એવૉર્ડ મળ્યો હતો. તદ્ઉપરાંત રાજ્યને સતત ચાર વર્ષ એટલે કે ૨૦૧૮, ૨૦૧૯, ૨૦૨૦-૨૧ અને ૨૦૨૨ સુધી સ્ટેટ સ્ટાર્ટઅપ રેન્કિંગમાં ''બેસ્ટ પરફોર્મર'' એવૉર્ડ પણ મળ્યો હતો.

# વડોદરામાં નશામાં ધૂત પાદરાના નાયબ મામલતદારે અકસ્માત સર્જતાં પોલીસે ગુનો નોંધ્યો

અમદાવાદ: ગુજરાતમાં અકસ્માતોની ઘટનાઓ રોકવા માટે સરકાર અને પોલીસ સક્રિય થઈને કામગીરી કરી રહી છે. બીજી તરફ કેટલાક અધિકારીઓ નશાની હાલતમાં ડ્રાઈવિંગ કરીને અકસ્માતો સર્જીને અધિકારી તરીકેનો રૂઆબ બતાવી રહ્યાં છે. વડોદરા શહેરના જેતલપુર બ્રિજ પાસે પાદરાના નાયબ મામલતદારે નશાની હાલતમાં અકસ્માત સર્જ્યો હતો. આ ઘટનાની જાણ થતાં જ પોલીસ ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. મંગળવારે રાત્રે શહેરના જેતલપુર બ્રિજ પાસે પાદરા તાલુકાના નાયબ મામલતદાર નરેશ વણકરની કારનો અકસ્માત થતાં કાર ખાડામાં ફસાઈ ગઈ હતી. આ અકસ્માત બાદ સ્થાનિકો અને રાહદારીઓ ભેગા થઈ ગયા હતાં અને અકોટા પોલીસને જાણ કરી હતી. ઘટનાની જાણ થતાં જ પોલીસ સ્થળ પર જવા રવાના થઈ ગઈ હતી. પોલીસ દ્વારા નશામાં ધૂત નાયબ મામલતદારને વાનમાં બેસાડીને પોલીસ સ્ટેશન ખાતે લઈ જવામાં આવ્યો હતો. ત્યારબાદ તેની સામે ગુનો નોંધીને વધુ તપાસ શરૂ કરાઈ હતી.

# ઉત્તરાયણના દિવસે અમદાવાદ ફ્લાવર શોમાંની રેકોર્ડ ૧.૩૨ લાખ લોકોએ મુલાકાત લીધી: મનપાને ૮૬ લાખની આવક

અમદાવાદ: અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ પર મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા યોજવામાં આવેલા ફ્લાવર શોની રોજ હજારો લોકો મુલાકાત લઈ રહ્યા છે. અમદાવાદ ઇન્ટરનેશનલ ફ્લાવર શોમાં ઉત્તરાયણના દિવસે રેકોર્ડ બ્રેક લોકોએ મુલાકાત લીધી હતી. ફ્લાવર શોમાં ઉત્તરાયણના દિવસે એક જ દિવસમાં એક લાખથી વધુ લોકોએ મુલાકાત લીધી હતી. અત્યાર સુધી સૌથી વધુ મુલાકાતીઓનો ધસારો મંગળવારે જોવા મળ્યો હતો. જેના કારણે ઉત્તરાયણ પર્વ નિમિત્તે અમદાવાદ મનપાની તિજોરી છલકાઈ છે. ૧૪ જાન્યુઆરીના ઉત્તરાયણની રજાના દિવસે ફ્લાવર શો જોવા સવારે ૮થી રાતે ૧૧.૩૦ વાગ્યા સુધીમાં એટલે કે ૧૫ કલાકમાં ૧.૩૨ લાખ લોકોએ મુલાકાત લીધી હતી. આમ દર કલાકે ૯ હજાર મુલાકાતી આવ્યા હતા. કુલ ૧.૩૨ લાખ લોકોએ ફ્લાવર શોની મુલાકાત લેતાં મનપાની તિજોરીમાં એક જ દિવસમાં ૮૬ લાખ રૂપિયા આવ્યા હતા. અમદાવાદ ઇન્ટરનેશનલ ફ્લાવર શો ૨૦૨૫માં ઉત્તરાયણના દિવસે ઐતિહાસિક ભીડ જોવા મળી હતી. જેમાં મુલાકાતીઓની સંખ્યા પહેલી વાર એક જ દિવસમાં ૧,૦૦,૦૦૦ને વટાવી ગઈ હતી. ૧૪ જાન્યુઆરી, ૨૦૨૩ના રોજ કુલ ૧,૦૧,૮૮૯ લોકોએ ફ્લાવર શોની મુલાકાત લીધી હતી. જે ટિકિટ ખરીદ્યા પછી એક દિવસમાં સૌથી વધુ મુલાકાતીઓનો આંકડો હતો. વધુમાં, ૧૨ વર્ષથી ઓછી ઉંમરના ૩૦,૫૬૭ બાળકો (મફત પ્રવેશ) એ પણ ફ્લાવર શોની મુલાકાત લીધી હતી.

# ૧૫ જાન્યુઆરીએ ગુજકેટ માટેની રજિસ્ટ્રેશન પ્રક્રિયા પૂર્ણ: ૨૩ માર્ચે પરીક્ષા યોજાશે

અમદાવાદ: ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગુજરાત કોમન એન્ટ્રન્સ ટેસ્ટ (ગુજકેટ)ની પરીક્ષા ૨૩ માર્ચ ૨૦૨૫ના રોજ લેવાની જાહેરાત કરવામાં આવી હતી. આ માટે વિદ્યાર્થીઓને રજિસ્ટ્રેશન કરાવવા માટે ૩૧ ડિસેમ્બર ૨૦૨૪ સુધીનો સમય આપવામાં આવ્યો હતો. પરંતુ ત્યાર બાદ તારીખ લંબાવીને સાતમી જાન્યુઆરી કરવામાં આવી હતી. શિક્ષણ બોર્ડ દ્વારા વિદ્યાર્થીઓને રજિસ્ટ્રેશનમાં તકલીફો હોવાથી ફરીવાર એક હજાર રૂપિયા લેટ ફી સાથે તારીખ લંબાવીને ૧૫મી જાન્યુઆરી કરવામાં આવી હતી. મંગળવારે આ પરીક્ષા માટે રજિસ્ટ્રેશન કરાવવા માટે છેલ્લી તારીખ હતી. ગુજરાત શિક્ષણ બોર્ડ દ્વારા બેચલર ડિગ્રી એન્જિનિયરિંગ, ડિપ્લોમા અને ફાર્મસી અભ્યાસક્રમોમાં પ્રવેશ લેવા માંગતા વિદ્યાર્થીઓ ગુજકેટની પરીક્ષા લેવામાં આવે છે. આ પરીક્ષા માટે ફક્ત તે જ વિદ્યાર્થીઓ અરજી કરી શકે છે, જેમણે ગ્રૂપ અ, ઇ અને ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહ પાસ કર્યું છે. આ વર્ષે પરીક્ષા ૨૩ માર્ચ ૨૦૨૫ના રોજ લેવામાં આવશે.

# ટૉરેસ સ્કૅમ કેસમાં હાઇ કોર્ટે પોલીસ પર ભડકી

મુંબઈ: કરોડો રૂપિયાના ટૉરેસ કૌભાંડની તપાસમાં સુસ્ત વલણ બદલ મુંબઈ હાઇ કોર્ટે બુધવારે મુંબઈ પોલીસની ઝાટકણી કાઢી હતી અને આ કેસમાં વ્હીસલબ્લોઅર હોવાનો દાવો કરનારા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટને રક્ષણ આપવાનો આદેશ આપ્યો હતો. જસ્ટિસ રેવતી મોહિતે ડેરે અને નીલા ગોખલેની ડિવિઝન બેન્ચે ટૉરેસ કૌભાંડનો પર્દાફાશ કરવાનો દાવો કરનારા અભિષેક ગુપ્તાને રક્ષણ આપવાના નિર્દેશ મુંબઈના પોલીસ કમિશનરને આપ્યા હતા. પોલીસે કોર્ટને કહ્યું હતું કે ગુપ્તાને કોઇ ધમકી મળી છે કે કેમ તેની તપાસ કરાઇ રહી છે.

નોંધનીય છે કે ટૉરેસ જ્વેલરી બ્રાન્ચ ચલાવતી કંપનીએ મુંબઈ, નવી મુંબઈ, મીરા-ભાયંદરમાં સ્ટોર્સ શરૂ કર્યા બાદ રોકાણ પર સપ્તાહે છથી ૧૧ ટકા વ્યાજે વળતરની લાલચે રોકાણકારો સાથે કરોડો રૂપિયાની છેતરપિંડી આચરી હતી. મુંબઈ પોલીસની આર્થિક ગુના શાખાએ આ કેસમાં ત્રણ જણની ધરપકડ કરી હતી, જેમાં બે વિદેશી નાગરિક છે. આ કૌભાંડનો પોતે પર્દાફાશ કર્યો હોવાથી હવે મારા જીવને જોખમ છે એવું કહીને ગુપ્તાએ મુંબઈ હાઇ કોર્ટમાં પોલીસ રક્ષણ માટે અરજી કરી હતી. સુનાવણી દરમિયાન ડિવિઝન બેન્ચે વિશેષ એજન્સી આર્થિક ગુના શાખાની સુસ્ત તપાસ બદલ નારાજગી વ્યક્ત કરી હતી. ખાસ કરીને વિદેશી એવા આરોપીઓને ભારતમાંથી ભાગી જવાની તક આપી તે માટે ઝાટકણી કાઢી હતી. (પીટીઆઇ)

# કર્ણાક પુલના બીજા ગર્ડરને ૬.૩૦ મીટર ખસેડાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: દક્ષિણ મુંબઈમાં છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ (સીએસએમટી) અને મસ્જિદ બંદર સ્ટેશન વચ્ચે આવેલા ૧૫૪ વર્ષ જૂના કર્ણાક બંદર બ્રિજના પુનર્નિર્માણના ભાગરૂપે પાલિકાએ તેના અધિકારક્ષેત્રમાં આવતા ઉત્તર બાજુમાં ૫૫૦ મેટ્રિક ટન લોખંડના ગર્ડરને ૬.૩૦ મીટર સુધી ખસેડીને સફળતાપૂર્વક ટ્રાયલ રન હાથ ધરી હતી. ગર્ડરને હવે આગળ ખસેડીને બેસાડવાનું છે અને તે માટે લગભગ પાંચ કલાકનો સમય લાગશે, પરંતુ તેની માટે સેન્ટ્રલ રેલવે પાસેથી બ્લોક મળે તેની રાહ પાલિકા પ્રશાસન જોઈ રહી છે. કર્ણાક બ્રિજને ૨૦૨૨ની સાલમાં તોડી પાડવામાં આવ્યો હતો. જોકે હેંકોક બ્રિજ પર ચાલી રહેલા કામ અને અતિક્રમણને કારણે કર્ણાક બ્રિજના કામમાં વિલંબ થયો હતો. પુલની ઉત્તર બાજુ માટે આશરે ૫૫૦ મેટ્રિક ટન લોખંડના ગર્ડરના હિસ્સાને ભેગા કર્યા પછી પાલિકાએ મંગળવારે સફળતાપૂર્વક ટ્રાયલ રન હાથ ધરી હતી.

## સંસ્થા સમાચાર

### સત્કાર્યમાં સંપત્તિના સદુપયોગથી શાંતિની પ્રાપ્તિ થશે: ધીરગુરુદેવ

### લાલપુરમાં મહાવીર ઉપાશ્રયનું શાનદાર ઉદ્દ્ઘાટન



શ્રી સ્થાનકવાસી જૈન સંઘ-લાલપુરના આંગણે ૮૪ વર્ષ જૂના ઉપાશ્રયનું સંપૂર્ણ નવનિર્માણ પૂ. શ્રી ધીરગુરુદેવની અસીમ કૃપાથી સંપન્ન થતાં વીરચંદ મીઠાલાલ મહેતા પરિવારના વિદ્યાબેન, નયનાબેન, મયુર અને ગીતા, મુકેશ અને પારૂલ, રશ્મિ- સુનિતા, નિલેશ મહેતા લંડનથી ઉદ્દ્ઘાટન માટે ઉપસ્થિત રહ્યા હતા.

કળશધારી-બેડાધારી બહેનોથી શોભાયાત્રામાં લંડન, જામનગર, ખંભાળીયા, ભાણવડ, જશાપુર, કાટકોલા, જામજોધપુર, ઉપલેટા, ધોરાજી, ધ્રોલ, રાજકોટ, મુંબઈ વગેરે ગામના ભાવિકોના જયનાદે નવલબેન વીરચંદ મહેતા પરિવારે ઉપાશ્રયનું ઉદ્દ્ઘાટન કરેલ. વીર સાવરકર હોલમાં ધર્મશાળામાં ગુરુદેવે કહેલ કે- સત્કાર્યમાં સંપત્તિના સદુપયોગથી શાંતિની પ્રાપ્તિ થશે. પંચ મહાવ્રતધારી સાધુ- સાધ્વીજીની વૈયાવચ્ચ સમાધિનું કારણ બનશે. ધારાસભ્ય હેમત ખવા, સરપંચ તરૈયા, સમીર ભેંસદડીયા મનોજ વાછાણી, સુરેશ મહેતા અને ટ્રસ્ટીઓનું સન્માન કરાયું હતું. સાતાકારી પાટનો દાતાઓએ અને જીવદયા કળશનો રૂશાલી કામદારે લાભ લીધેલ.

# પેટ્રોલ-ડીઝલનાં વાહનોને તબક્કાવાર બંધ કરવા વિશે પેનલ રચો: હાઈ કોર્ટ

મુંબઈ: બોમ્બે હાઈ કોર્ટે મહારાષ્ટ્ર સરકારને ડીઝલ અને પેટ્રોલ વાહનોને તબક્કાવાર રીતે દૂર કરવાની શક્યતા શોધવા માટે એક પેનલ રચવાનો નિર્દેશ આપ્યો છે, એમ કહીને મુંબઈના રસ્તાઓ ગૂંગળાવવામાં અને શહેરમાં બગડતી હવાની ગુણવત્તામાં ઓટોમોબાઈલ મુખ્ય ફાળો છે.

ચીફ જસ્ટિસ ડી.કે. ઉપાધ્યાય અને જસ્ટિસ ગિરીશ કુલકર્ણીની ડિવિઝન બેંચે સરકારને પખવાડિયાની અંદર શું મુંબઈના રસ્તાઓ પરથી ડીઝલ અને પેટ્રોલ આધારિત વાહનોને તબક્કાવાર હટાવવા અને માત્ર પરવાનગી આપવાનું શક્ય બનશે કે કેમ અને સીએનજી અથવા વીજળી પર ચાલતાં વાહનો અંગે વિચારણા કરવા માટે નિષ્ણાતો અને સિવિલ એડમિનિસ્ટ્રેટર્સની એક કમિટી બનાવવાનો નિર્દેશ આપ્યો છે. આ આદેશ જાહેર

હિતની અરજી પર પસાર કરવામાં આવ્યો હતો, જે ૨૦૨૩માં શહેરના ખરાબ એર ક્વોલિટી ઈન્ડેક્સ પર હાઈ કોર્ટે જાતે જ હાથ ધર્યો હતો. કોર્ટે આ મામલે ૯મી જાન્યુઆરીએ સુનાવણી કરી હતી.

બુધવારે ઉપલબ્ધ કરવામાં આવેલા તેના વિગતવાર આદેશમાં બેન્ચે જણાવ્યું હતું કે શહેરમાં હવાની ગુણવત્તા બગાડવામાં વાહનોનું પ્રદૂષણ મુખ્ય યોગદાન છે.

## લાડકી બહીણ યોજનાના પૈસાની ભરપાઈ રિયલ એસ્ટેટમાંથી?

# રેડી રેકનરના દર વધારવાની તૈયારી: ઘરો મોંઘાં થશે

મુંબઈ: લાડકી બહેન યોજનાને કારણે મહાયુતિ સરકાર સમક્ષ આવક વધારવી મોટો પડકાર હોવાથી રોકડની તંગીથી ઘેરાયેલી સરકાર રાજ્યમાં રેડી રેકનર દરમાં આશરે ૧૦ ટકાનો વધારો કરે તેવી સંભાવના છે. સ્ટેમ્પ ડ્યુટી કલેક્શનમાંથી આ વર્ષે ₹૫૫,૦૦૦ કરોડની અપેક્ષા છે, પણ વધેલા રેડી રેકનર દરની મદદથી વધુ ₹૧૫,૦૦૦ કરોડ એકત્ર કરવાની આશા છે. જોકે, આ પગલાથી પ્રોપર્ટી મોંઘી બનતા રિયલ એસ્ટેટ સેક્ટર પર વિપરીત અસર પડી શકે છે.

સ્ટેમ્પ ડ્યુટી અને રજિસ્ટ્રેશન સાથે સંકળાયેલા મહેસૂલ વિભાગે રાજ્યની આવક વધારવાના સંભવિત વિકલ્પો વિશે પૂછવામાં આવ્યા બાદ નાણાં વિભાગ સમક્ષ તાજેતરની રજૂઆત દરમિયાન આ વધારો સૂચવ્યો હતો. સ્ટેમ્પ ડ્યુટી અને રજિસ્ટ્રેશન એ જીએસટી અને સેલ્સ ટેક્સ પછીની આવકનું ત્રીજું સૌથી મહત્વનું સાધન છે.મહેસૂલ વિભાગના એક અધિકારીએ જણાવ્યું હતું કે 'રેડી રેકનર દરમાં સામાન્ય રીતે દર વર્ષે સુધારો કરવામાં આવે છે અને તે ૧ એપ્રિલથી અમલમાં આવે છે. રાજ્ય સરકારે વિવિધ કારણોસર ત્રણ વર્ષથી દરમાં સુધારો નથી કર્યો જેમાં ગયા વર્ષે થયેલી બે ચૂંટણીનો સમાવેશ થાય છે. આ વધારો કરવાનો સમય પાકી ગયો છે, કારણ કે લાડકી બહીણ જેવી લોકપ્રિય યોજનાઓના ભારણ બાદ સરકારને મહેસૂલની તાતકાલિક જરૂર છે.'

## છેલ્લા પાનાનું ચાલુ

### રેડી રેકનરના

રજૂઆત દરમિયાન આ વધારો સૂચવ્યો હતો. સ્ટેમ્પ ડ્યુટી અને રજિસ્ટ્રેશન એ જીએસટી અને સેલ્સ ટેક્સ પછીની આવકનું ત્રીજું સૌથી મહત્વનું સાધન છે. મહેસૂલ વિભાગના એક અધિકારીએ જણાવ્યું હતું કે 'રેડી રેક્નર દરમાં સામાન્ય રીતે દર વર્ષે સુધારો કરવામાં આવે છે અને તે ૧ એપ્રિલથી અમલમાં આવે છે. રાજ્ય સરકારે વિવિધ કારણોસર ત્રણ વર્ષથી દરમાં સુધારો નથી કર્યો જેમાં ગયા વર્ષે થયેલી બે ચૂંટણીનો સમાવેશ થાય છે. આ વધારો કરવાનો સમય પાકી ગયો છે, કારણ કે લાડકી બહીણ જેવી લોકપ્રિય યોજનાઓના ભારણ બાદ સરકારને મહેસૂલની તાતકાલિક જરૂર છે.'

### ધર્મસ્થળોના

જ નથી. મંદિરો, મસ્જિદો, ચર્ચ, ગુરુદ્વારા અને બુદ્ધવિહાર જેવાં વિવિધ પ્રાર્થનાસ્થળોએ પોલીસ પ્રશાસનની પરવાનગી લીધી નથી, એવું એક અરજી દ્વારા ધ્યાનમાં લાવવામાં આવ્યું હતું. માહિતી અધિકારમાં મળેલી માહિતી અનુસાર તેમ જ રાજ્ય સરકાર અને પોલીસ અધિકારીઓએ આપેલા સોગંદનામામાં કાર્યવાહી થઇ ન હોવાની કબૂલાત મંગળવારની સુનાવણીમાં ધ્યાનમાં લાવવામાં આવી હતી, જેની મુખ્ય ન્યાયાધીશ દેવેન્દ્ર ઉપાધ્યાય અને ન્યાયાધીશ અમિત બોરકરની ખંડપીઠે ગંભીર દખલ લીધી હતી.

### પેટ્રોલ-ડીઝલનાં

હિતની અરજી પર પસાર કરવામાં આવ્યો હતો, જે ૨૦૨૩માં શહેરના ખરાબ એર ક્વોલિટી ઈન્ડેક્સ પર હાઈ કોર્ટે જાતે જ હાથ ધર્યો હતો. કોર્ટે આ મામલે ૯મી જાન્યુઆરીએ સુનાવણી કરી હતી.

બુધવારે ઉપલબ્ધ કરવામાં આવેલા તેના વિગતવાર આદેશમાં બેન્ચે જણાવ્યું હતું કે શહેરમાં હવાની ગુણવત્તા બગાડવામાં વાહનોનું પ્રદૂષણ મુખ્ય યોગદાન છે.

## હિન્દુ મરણ

**માધવપુર ગિરિનારાયણ બ્રાહ્મણ**

વિપિનચંદ્ર કેશવલાલ પુરોહિત (ઉં. વ. ૮૮) તે સ્વ. કેશવલાલ તથા જયાલક્ષ્મીબેનના પુત્ર. મૃદુલા પુરોહિતના પતિ. હેમલ તથા મનીષના પિતાશ્રી. તા. ૧૪-૧-૨૫ના શ્રી માધવચરણ પામ્યા છે. લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**પ્રજાપતિ**

જસવંતભાઈ ઠાકોરભાઈ જરીવાલા (ઉં. વ. ૭૩) મૂળ બૌધાન, હાલ મુંબઈ ૧૪-૧-૨૫ને દિવસે સ્વર્ગવાસ પામ્યા છે. પ્રાર્થનાસભા - ભારતીય વિદ્યાભવન ઓડિટોરિયમ, ૨૯, કે. એમ. મુનશી રોડ, ગામદેવી, મુંબઈ-૪૦૦૦૦૭. ખાતે શનિવાર, ૧૮-૧-૨૫ના બપોરે ૩ થી ૫ દરમિયાન રાખવામાં આવી છે.

**કચ્છી લોહાણા**

ગામ કચ્છ મોટા ભાડિયા (હાલે મુલુંડ ચેકનાકા) વાળા સ્વ. સાકરબેન કરમશી શામજી રાયચનાના સુપુત્ર ટોકરસીભાઈ (ઉં.વ. ૮૦) મંગળવાર, તા. ૧૪-૧-૨૫ના રામશરણ પામેલ છે. તે પુષ્પાબેનના પતિ. સ્વ. પાર્વતીબેન ભાણજી વેલજી ચંદે (કચ્છ ગામ મોટી મઉં)ના જમાઈ. પ્રીતિ, પ્રિયાના પિતાશ્રી. સ્વ. મોહનલાલ, સ્વ. કરસનદાસ, સ્વ. હેમરાજ, સ્વ. દેવજી, સ્વ. ભવાનજી, સ્વ. મટાબેન રામજી સોમૈયા, સ્વ. પ્રેમાબેન ભાઈલાલ, સ્વ. મણીબેન લાલજી, સ્વ. દમયંતીબેન કાંતિલાલના ભાઈ. સ્વ. ચંદ્રકાંત ચંદે, જિતેન્દ્ર ચંદેના બનેવી. બંને પક્ષની પ્રાર્થનાસભા ગુરુવાર, તા.૧૬-૧-૨૫ના ૫થી ૬.૩૦ પવાણી હોલ, કચ્છી લોહાણા મહાજનવાડી, આર.આર.ટી. રોડ, મુલુંડ (વે). લૌકિક વ્યવહાર બંધ છે.

**ખાતરસુંબા દશા શ્રીમાળી વણિક**

અશોકકુમાર નટવરલાલ પરીખ (ઉં.વ. ૭૯) હાલ કાંદિવલી નિવાસી મંગળવારના તા. ૧૪-૧-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે શોભનાબેનના પતિ, ફાલ્ગુની કલપેશકુમાર મહેતા, અક્ષીતા કોસ્તુભકુમાર મોદી, વિશાલ, પૂજા પરીખના પિતા. મુકેશભાઈ, નરેશભાઈ, અંજુબહેન, સ્વ. હંસાબેન, સ્વ. પ્રવિણાબેનના ભાઈ. પ્રાર્થનાસભા તા. ૧૬-૧-૨૫, ગુરુવારે ૪થી ૬. ચેલેન્જર ટાવર ૩, ચેલેન્જર કલબ હાઉસ, ઠાકુરવિલેજ કાંદિવલી (ઈ).

**કંઠી ભાટિયા**

ભગવાનદાસ વેદ, (ઉં.વ. ૮૮) હાલ ઘાટકોપર નિવાસી, મૂળ વતન જામનગર તે સ્વ. કાનજી વેલજી અને સ્વ. કેસરબેનના પુત્ર. નલિનીબેનના પતિ. જાગૃતિ અને કૌશિકના પિતા. મનોજ આશર અને અમિષી વેદના સસરા. સ્વ. હરિદાસ, સ્વ. જીવણદાસ, સ્વ. મંગલદાસ, સ્વ. પાર્વતીબેન, સ્વ. શાંતિબેન અને પુષ્પાબેનના ભાઈ. સ્વ. જીવણદાસ લધાના જમાઈ. તા. ૧૧-૧-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૧૬-૧-૨૫ના ૪.૦૦થી ૫.૩૦. બાલકનજી-બારી, રાજાવાડી, ઘાટકોપર (પૂર્વ). લૌકિક વ્યવહાર બંધ છે.

લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**હાલાઈ લોહાણા**

મૂળગામ જુનાગઢવાળા હાલ બોરીવલીના સ્વ. હીરાબેન તથા ભરતકુમાર ભગવાનજીભાઈ ગણાત્રાની પૌત્રી તથા શ્રદ્ધા સૂચિત ગણાત્રાની દીકરી કુ. જીઆના ગણાત્રા (ઉં.વ. ૧૦) તે ૧૫-૧-૨૫ના રોજ શ્રીજીચરણ પામેલ છે. તે પ્રીતિ ભાવેશ રાજપોપટ, બિનિતા નિમેષ મહેતા તથા ભાવિકા રિષિત બદિયાણીની

# થાણેમાં રિક્ષા ટકરાઈ અનેક વાહનો સાથે: ત્રણ જણનાં મોત

થાણે: મહારાષ્ટ્રના થાણે જિલ્લામાં બુધવારે સવારે હાઇવે પર એક ઓટો રિક્ષાએ એક બસ અને અન્ય કેટલાક વાહનોને ટક્કર મારતાં ત્રણ લોકો મૃત્યુ પામ્યા હતા અને અન્ય ૧૫ જણને ઈજા થઈ હોવાનું પોલીસે જણાવ્યું હતું. આ અકસ્માત મુંબઈ-આગ્રા હાઈવે પર શાહપુર તાલુકાના ઘોટેઘર ગામમાં ખીનાવલી પુલ નજીક પરોઢિયે સવા ચાર વાગ્યે થયો હતો.

### મહાયુતિ હાઉસફુલ

નથી. આનો જવાબ આપતા શિવસેના (યુબીટી)ના સાંસદ સંજય રાઉતે કહ્યું હતું કે અમે તમારા દરવાજે નહીં આવીએ.

મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે એક મરાઠી ચેનલને આપેલા ઇન્ટરવ્યુમાં જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે મુખ્ય પ્રધાન બન્યા પછી તેમણે એવું શું કર્યું કે ઉદ્ધવ ઠાકરે અને આદિત્ય ઠાકરે તેમના વખાણ કરી રહ્યા છે. આ અંગે બોલતાં મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે કહ્યું હતું કે, 'તમારે હંમેશા કેટલાક લોકોના વખાણથી સાવધ રહેવું જોઈએ. જો તમે આ વખાણને પોતાની પ્રશંસા માનશો, તો તમારું નામ ઇતિહાસમાં જમા થઈ જશે. તેથી, આ રીતે લોકોની પ્રશંસા સાંભળવાનું બંધ કરવું જોઈએ.'

ફડણવીસને એમ પણ પૂછવામાં આવ્યું હતું કે, શું ઉદ્ધવ ઠાકરે માટે મહાયુતિના દરવાજા ખુલશે? ત્યારે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે એવી સ્પષ્ટતા કરી હતી કે, 'આવો કોઈ પ્રશ્ન જ નથી. કારણ કે હવે મહારાષ્ટ્રમાં, લોકોએ અમારા ત્રણેને ખૂબ જ સારી બહુમતી આપી છે. તેથી, અમે ત્રણે અમારી ખુરશીઓ પર મજબૂત રીતે બેસી ગયા છીએ કે હવે ચોથા વ્યક્તિ માટે કોઈ જગ્યા બાકી જ નથી અને તેની કોઈ જરૂર પણ નથી.

ફડણવીસની આ ટિપ્પણી પર મીડિયા સાથે વાત કરતા, સાંસદ સંજય રાઉતે કહ્યું હતું કે, 'અમારા (પાર્ટીના) જનપ્રતિનિધિઓ, વિધાનસભ્યો અને સાંસદો ચોક્કસપણે તેમને મળશે. નહિંતર, એવો સરકારી આદેશ જારી કરો કે વિરોધ પક્ષના વિધાનસભ્યો મને ન મળવું. એકવાર તમે સરકારી આદેશ જારી કરો, પછી અમે મુક્ત છીએ.

ભત્રીજી. બ્રિજ, વ્રજ, યુગ તથા યાશીકાની બહેન. મોસાળપક્ષે અ.સૌ. રાજુલબેન તથા પંકજભાઈ જશવંતલાલ શાહની દોહિત્રી તથા ઋષભ, સુહાની જીગર શાહની ભાણેજ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**મોચી-ભાવનગરી**

ગામ ત્રાપજ નિવાસી મોહનભાઈ રામજીભાઈ વાઘેલાના પત્ની શ્યામુબેન (ઉં.વ. ૮૫) તા. ૧૫-૧-૨૫ના રોજ રામશરણ પામ્યા છે. તે ધનજીભાઈ, હસુભાઈ, ચિમનભાઈ, વિજુબેન, વસંતબેનના માતુશ્રી. મંજુબેન, મધુબેન, રંજનબેન, ઘનશ્યામભાઈ. પ્રવિણભાઈના સાસુ. મુકેશ, સંદીપ, ભાવેશ, અમીત, ગીતા, શિલ્પા, પુનમ, પાયલ, પ્રગતિ, શિતલ અલ્પાના દાદી. સાખડાસર નં. ૨, સ્વ. જાદવભાઈ ઠાકરશીભાઈ ગોહિલની દીકરી. તેમની ઉત્તરક્રિયા તા. ૨૫-૧-૨૫ ને શનિવારના રોજ ત્રાપજ મુકામે રાખેલ છે. જિલ્લો. ભાવનગર-ગુજરાત.

**બાલાસિનોર દશાનિમા વણિક**

સ્વ. મુલજીભાઈ તથા ઈંદુમતીબેનની સુપુત્રી મીનાક્ષીબેન શાંતિલાલ મોદી (ઉં.વ. ૮૪) તે ૧૫-૧-૨૫ના રોજ મુંબઈ ખાતે શ્રીજીચરણ પામ્યા છે. તે સુદીપ, શિલ્પા, સોનલના માતુશ્રી અને જ્યોતિ, અક્ષયકુમાર, રાજેશકુમારના સાસુ. પ્રાર્થનાસભા શ્રી મુંબઈ પાટીદાર સમાજ હોલ, ફ્રેંચ બ્રિજ, મુંબઈ-૪૦૦૦૦૭ તા. ૧૭-૧-૨૫, શુક્રવારે ૫થી ૭. લૌકિક પ્રથા સદંતર બંધ છે.

**વતલ્ય પ્રજાપતિ**

ગામ મહુવા, હાલ મુંબઈ, નટવરલાલ મોહનલાલ મિસ્ત્રી (ઉં.વ. ૭૯) તા. ૧૫-૧-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. મોહનલાલભાઈ તથા સ્વ. કમળાબેનના પુત્ર. વિજયાબેનના પતિ. મનોજ વિકાસ તથા વંદનાના પિતાશ્રી. ચિ. રિદ્ધિ તથા ચિ. રચનાના સસરા. તે હરિલાલભાઈ જગદીશભાઈ ચંદ્રિકાબેન તથા હેમલતાબેનના ભાઈ. સ્વ. નરોત્તમભાઈ તથા મોંઘીબેનના જમાઈ. પ્રાર્થનાસભા તા. ૨૦-૧-૨૫ યોગી સભાગ્રહ હોલ, દાદર સ્ટેશન સામે, સ્વામિનારાયણ મંદિરની પાછળ, સાંજે ૪.૦૦થી ૫.૩૦. લૌકિક પ્રથા બંધ છે.

**પરજીયા સોની**

વિસાવાડા હાલ કાંદિવલી નિવાસી રમણીકલાલ પ્રધાનભાઈ ધાનક (ઉં.વ.૯૩) ૧૩-૧-૨૫ના સોમવારના શ્રીજીચરણ પામ્યા છે. તે મંજુલાબેનના પતિ. સ્વ.પુષ્પાબેન, સ્વ.પ્રવિણભાઈ, હિંમતભાઈના મોટાભાઈ. ખંભાળિયાવાડા સ્વ.ગોપાલદાસ જેઠાલાલ કતિરાના જમાઈ. કમલેશભાઈ, ધર્મેશભાઈના પિતા, નયનાબેન અને ભાવનાબેનના સસરા. પ્રાર્થનાસભા ૧૬-૧-૨૫ના ૪ થી ૬. સોનીવાડી, બોરીવલી વેસ્ટ. લૌકિક પ્રથા બંધ છે.

**દશા સોરઠીયા વણિક**

સરધાર નિવાસી હાલ કાંદિવલી સ્વ.અરવિંદભાઈ બેચરદાસ વખારિયાના ધર્મપત્ની ગં.સ્વ.મંજુલાબેન વખારિયા (ઉં.વ.૮૮) ૧૩/૧/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ.મીના, સુનિલ, ઉદયના માતુશ્રી. ભુપેન્દ્રભાઈ ગોરધનદાસ માંડવીયા, સ્વ.રશ્મિ તથા જ્યોતિના સાસુ. હેતલ, નિકુંજ-ઉર્જા, તુલસી, ધવલ, રોશની ચિતન વલિયાના દાદી. પિયરપક્ષે સ્વ.મનવાનીબેન નાગરદાસ મદ્રાણીના દીકરી. સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કપોળ**

ડેડાણવાળા ચિતલીયા રેખાબેન કીર્તિ નગીનદાસ (ઉં.વ.૬૪) તે લક્ષ્યાંક, દિવ્યેશના માતુશ્રી. શ્રુતિ તથા ક્રિષાના સાસુ. ધૈર્ય, ધ્રુવી, ઉન્નતિ, નિયતિના દાદી. મૃદુલાબેન, સ્વ.ઉષાબેન, જયપ્રકાશ, કૃષ્ણાબેનના ભાભી. બોટાદવાળા પ્રતાપરાય ત્રિભોવનદાસ મહેતાના દીકરી. ૧૪/૧/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. પ્રાર્થનાસભા ૧૬/૧/૨૫ના ૫ થી ૭. વર્ધમાન સ્થા જૈન સંઘ, મોટા ઉપાશ્રય, ચોથે માળે, પારેખ લેન કોર્નર, એસ. વી રોડ, કાંદિવલી વેસ્ટ.

**લુહાર સુથાર**

મૂળ લોધિકાવાળા હાલ બોરીવલી ગં.સ્વ.વિજયાબેન હંસોરા (ઉં.વ.૬૭) તે સ્વ.દિનેશભાઈ કાનજીભાઈ હંસોરાના પત્ની. સંજય, નિખિલ તથા જ્યોતિ જીતેન્દ્ર કવાના માતૃશ્રી. ભારતી, મિલી, જીતેન્દ્ર નગીનભાઈ કવાના સાસુ. શ્રીયા, યુવરાજ, નિર્વેદ અને રાધિકાના દાદી. ગીતાબેન જમનદાસ સોલંકી, જમનાદાસ ભગવાનજીભાઈ સોલંકીના બહેન. તા.૧૫/૧/૨૫ને બુધવારે રામચરણ પામેલ છે, પ્રાર્થનાસભા શુક્રવાર તા.૧૭/૧/૨૫ને ૫ થી ૭. લુહાર સુથાર વાડી, કાર્ટર રોડ ૩, અંબામાતા મંદિર પાસે, બોરીવલી ઈસ્ટ.

**હાલાઇ લોહાણા**

મૂળ ગામ માધવપુર (માડિયા હાટી) હાલ ભિવંડી મનીષ (ઉં.વ.૪૫) સોમવાર, તા.૧૩.૧.૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે ગં.સ્વ. કુસુમબેન ચંદ્રકાંતભાઈ લુક્કાના પુત્ર. જ્યોતિબેનના પતિ. રિષિતા ભદ્રેશભાઈ મસરાણીના ભાઈ. પંક્તિના પિતાશ્રી. નૂપુર, સ્વ. નીતિનભાઈ પ્રભુદાસભાઈ, નીતાબેન પરેશભાઈ કચ્છીના ભત્રીજા. પ્રાર્થનાસભા ગુરુવાર તા.૧૬.૧.૨૫ના ૪.૩૦ થી ૬.૦૦. રાધા ગોવિંદ હોલ, જલારામ મંદિર, તીનબત્તી ભિવંડી. લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઈ લોહાણા**

મુળ ગામ પોરબંદર હાલ ભિવંડી નિવાસી સ્વ. રાજેશ કાપડિયા (ચોલેરા) (ઉં.વ.૭૫) તા.૧૪.૦૧.૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ.ગોકુળદાસ કાલિદાસ કાપડિયા તથા સ્વ. સુશીલાબેન અને ગ.સ્વ.મંજુલાબેન ગોકુળદાસ કાપડિયાના સુપુત્ર. ગં.સ્વ. મધુરીબેનના પતિ. અ.સૌ. કાજલબેન જીજ્ઞેશકુમાર પોપટ, આશિષના પિતાશ્રી. સ્વ.હરિષભાઈના નાનાભાઈ. સ્વ.ભરતભાઇ, અનિલભાઈ તથા સ્વ. હિનાબેનના મોટાભાઈ. પ્રાર્થનાસભા તા.૧૬.૦૧.૨૫ ગુરુવાર ૪ થી ૬ શ્રીગણપતિ મંદિર હોલ, બ્રાહ્મણ આળી, પી. આર. મરાઠી સ્કૂલની પાછળ, ભિવંડી.

**હાલાઈ લોહાણા**

મૂળ ગામ જામ સલાયા હાલ ઘાટકોપર નિવાસી સ્વ. લક્ષ્મીદાસ પોપટલાલ મશરૂના ધર્મપત્ની વિમળાબેન (બચીબેન) (ઉં.વ.૮૭) ૧૪/૦૧/૨૫ મંગળવારના શ્રીજીચરણ પામેલ છે. કીન્તેશ, દક્ષાબેન ભરતકુમાર, ભારતીબેન અશ્વિનકુમાર, યોગીનીબેન સુરેશકુમાર, મનીષાબેન નિલેશકુમારનાં માતૃશ્રી. હીનાબેનના સાસુ. ચી.પૂર્વાંગના દાદી. પ્રવીણભાઈ ગોપાલદાસ અને સ્વ સુરેશભાઈ ગોપાલદાસ જોબનપુત્રાના બહેન. પ્રાર્થનાસભા ગુરૂવાર તા.૧૬/૦૧/૨૫ના ૫.૦૦ થી ૬.૩૦. ઘાટકોપર બ્રાહ્મણ સમાજ હૉલ, ત્રીજે માળે, સમાજ ભવન , જોશીલેન, એમજી રોડ ઘાટકોપર ઇસ્ટ.

**હાલાઈ લોહાણા**

સ્વ. ચંદ્રકાંત આનંદલાલ લાખાણી તા. ૧૨-૦૧-૨૫ના રોજ શ્રીજી ચરણ પામ્યા છે. પ્રાર્થના સભા તા. ૧૬-૦૧-૨૫ના ગુરુવાર સાંજે ૫ થી ૭ રાખવામાં આવી છે. સ્વ. જયાબેન આનંદલાલ લાખાણીના પુત્ર. કપિલાબેન, મૃદુલાબેન, શોભનાબેનના ભાઈ. જ્યોતિબેન ચંદ્રકાંત લાખાણીના પત્ની. ડિમ્પલ ક્રિશ્ચિયનના પુત્રી. હેમાંગ લાખાણીના પુત્ર. લૌકિક વ્યવહાર બંધ છે, બંને પક્ષની પ્રાર્થનાસભા સાથે રાખેલ છે, સ્થળ- સી ટી ચાટવાની હોલ, તેલી ગલી,

## જૈન મરણ

મોરબી નિવાસી, હાલ વાલ્કેશ્વર (મુંબઈ) સ્વ. જવાહરલાલ પ્રભાશંકર દફતરીના ધર્મપત્ની સરલાબેન દફતરી (ઉં.વ. ૮૬) તે ગોંડલ નિવાસી સ્વ. તુલસીદાસ હિરાચંદ દોશીના સુપુત્રી. દીપક, વંદના, બિમલના માતુશ્રી તથા ઈલા, અશોક કુમાર, નીતાના સાસુ. મૃણાલના દાદી. તા. ૧૪-૧-૨૫ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

રાણપુર (ભેસાણ) નિવાસી હાલ ઘાટકોપર સ્વ. મોહનલાલ ત્રીભોવનદાસ કોઠરીના સુપુત્ર વિનોદરાય (ઉં. વ. ૯૧) તે જયશ્રીબેનના પતિ. તે અતુલ-પારૂલ, પીયૂષ-રીટા, નયના દેવાંગ શાહ, કિરણ સંજય કુવાડીયાના પિતાશ્રી. સ્વ. મગનભાઈ, સ્વ. દલસુખભાઈ, સ્વ. હસમુખભાઈ, સ્વ. હીરાબેન, સ્વ. હંસાબેનના ભાઈ. ગોવિંદપુર નિવાસી સ્વ. હરજીવનદાસ સોમજીભાઈ વોરાના જમાઈ. સ્વ. મનુભાઈ નવીનભાઈ, અતુલભાઈના બનેવી. તા. ૧૪-૧-૨૫ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઝાલ. શ્વે. મુ. વિ. શ્રી. જૈન**

વઢવાણ નિવાસી હાલ મુલુન્ડ સ્વ. પ્રભાબેન રતિલાલ શાહના પુત્ર હસમુખલાલ શાહ (ઉં. વ. ૯૧) તે સ્વ. લીલાબેનના પતિ. જયેશ-મીના, હેમંત-સોનલ અને ધર્મેન્દ્ર - રૂપલના પિતાશ્રી. સ્વ. નિર્મળાબેન, નટવરલાલ, સ્વ. ભોગીલાલ અને સાધ્વીજી વિદ્વતપદ્મશ્રીજીના સંસારી ભાઈ. સ્વ. બાલચંદ પ્રેમચંદ પારેખના જમાઈ. રિદ્ધિ-રિકી, ભવ્ય-જેની, નિયતી અને રાજવી-પરીનના દાદાશ્રી. મંગળવાર, ૧૪-૧-૨૫ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા, લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી વિસા શ્રીમાળી જૈન**

ઘોઘા નિવાસી હાલ અંધેરી ભારતીબેન (ઉં. વ. ૭૯) તે હર્ષદરાય મણિલાલ ગાંધીના ધર્મપત્ની તા. ૧૩-૧-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. હંસાબેન મહેન્દ્રભાઈ ગાંધીના દેરાણી, તે ભૂમિકા-સુશીલકુમાર પિલ્લઈ તથા ચાર્મિકાના માતુશ્રી. તે સ્વ મધુકાંતા વસંતરાય શાહ, સ્વ. હસુમતી પ્રતાપરાય શાહ, હીરાબેન મહાસુખરાય દોશીના ભાભી. તે પિયરપક્ષે સ્વ. પ્રિયવદન પ્રાણવલ્લભ દવેના દીકરી. તે પીનાબેન, નયનાબેન, ઉષાબેન, રીટાબેન, વિભાબેન, વિજયભાઈના બેન. નિવાસસ્થાન: બી-૯૦૩, મેસાકોન જ્વેલ, રજપુરિયા હોસ્ટેલની સામે, એલ. એસ. રોડ, લલ્લુભાઈ પાર્ક, અંધેરી વેસ્ટ. લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

કપાયા હાલે મલાડના માતૃશ્રી કેસરબેન હિરજી વેરશી મામણીયા (ઉં.વ. ૮૫) ૧૨/૧/૨૫ના અરિહંત શરણ પામેલ છે. માતૃશ્રી ખેતબાઈ વેરશી ઓભાયાના પુત્રવધુ. સ્વ. હીરજી વેરશીના ધર્મપત્ની. મનસુખ, પંકજ, પરેશ, હિરેનના માતૃશ્રી. પત્રીના ભાણબાઈ પાસુ જેઠા ધરોડના દીકરી. ભુજપુરના હીરબાઈ (મધુરી) મગનલાલ, છસરાના હેમકુંવરબેન રાઘવજી, કુંદરોડી ઉમરભાઈ નેણસી, ગુંદાલા કુંવરબાઈ ધારશીના બેન. પ્રાર્થના - શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ, દાદર (વેસ્ટ) શ્રી કરસન લધુ નિસર હોલ. ટાઇમ ૨ થી ૩.૩૦.

ગોધરાના રીતેશ મહેન્દ્ર રાંભીયા (ઉં.વ.૩૪) ૧૩-૧-૨૫ના રોજ અવસાન પામેલ છે. વનિતા મહેન્દ્રના પુત્ર. સ્વ. વૈશાલી, સ્વ. સચીન, રાકેશના ભાઇ. પુષ્પાના પતિ. સૌમ્યાના પિતા. મહુવાના હેમલતા ભાણજી મારૂના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિ. મહેન્દ્ર રાંભીયા, બી-૧૦૪, સમ્રાટ તપન પેલે, ગેલેક્સી હોટલની સામે, નાલાસોપારા (વે.).

બિદડા (વીરા ફરિયો) હાલે રાયપુરના લખમશી નાનજી કચુ વીરા (ઉં.વ.૮૧) તા.૧૨/૧/૨૫ના અવસાન પામેલ છે. મા. મણીબેન નાનજી કચુના સુપુત્ર. મંજુલાના જીવનસાથી. રાજેશ, અનિલાના પિતા. જવેરબેન, ખીમજી, જેવંતી, જાદવજી, હરખચંદ, જ્યોતી, વિમળાના ભાઈ. ગણેશવાલા મમીબાઈ/ સાકરબાઈ લખમશી વેરશીના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિવાસ : રાજેશ વીરા, ૬૦૯/ બાલાજી ગાર્ડન, ફાફાડી (પાટીદાર ભાવની સામે), રાયપુર, છત્તીસગઢ.

દેવપુરના મા. કેશરબેન ખીમજી ગાલા (ઉં.વ.૯૦) ૧૪-૧-૨૫ના અરિહંત શરણ પામ્યા છે. મા. પદમાબેન પાસુ જેઠાના પુત્રવધુ. સ્વ. ખીમજી (મંગલ)ના ધર્મપત્ની. શેરડી મા. પાનબાઇ લાલજી પચાણ દેઢિયાના સુપુત્રી. સ્વ. પ્રભા, સ્વ. હેમલતા, ગીરીશ, દક્ષા, પ્રકાશના માતુશ્રી. શેરડી હેમરાજ, હીરજીના બહેન. પ્રાર્થના રાખેલ નથી. ત્વચાદાન કરેલ છે. નિ. પ્રકાશ ગાલા, બી-૨૨, બી.એમ. બિલ્ડીંગ, અગ્રવાલ હોલની સામે, માનપાડા રોડ, ડોંબિવલી (ઇ).

છસરાના રોહિત રામજી છેડા (ઉં.વ.૫૨) ૧૩-૧-૨૫ ના કચ્છમાં અવસાન પામ્યા છે. મંજુલાબેન રામજીના સુપુત્ર. શીતલના પતિ. રીટા, જયશ્રી, રાજેશના ભાઈ. શોભાના જેઠ. સ્વ. મગનલાલ, સ્વ. વીરજી, સ્વ. ધનજી, લુણી કુંવરબાઈ નાનજી, વડાલા ભચીબાઈ શાંતિલાલ, ઝવેરબેન વિસનજીના ભત્રીજા. પ્રાર્થના રાખેલ નથી. નિ. રાજેશ રામજી છેડા, પાર્વતી નિવાસ-૨, ગોગ્રાસવાડી, ડોંબીવલી (ઈસ્ટ).

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

મૂળ ભૂતડી (અમરેલી) હાલ કાંદિવલી સ્વ.મધુકાંતા વિઠ્ઠલદાસ દામાણીના સુપુત્ર કમલેશ દામાણી (ઉં.વ.૬૫) તે દિપ્તીબેનના પતિ. રિદ્ધિ મિહિરકુમાર ગણાત્રા, વિધિ, દેવાંશી ચિરાગકુમાર ગોરડિયાના પિતાશ્રી. ધર્મેન્દ્ર તથા પ્રદીપના ભાઈ. સ્વ.પ્રમોદકુમાર કેશવલાલ ચિતલિયાના જમાઈ. ૧૪-૧-૨૫ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર તથા પ્રાર્થનાસભા રાખેલ નથી.

**દશા શ્રીમાળી સ્થા જૈન**

મોરબી નિવાસી હાલ મીરારોડ

સંપદા સોસાયટી, અંધેરી (ઈસ્ટ).

**ઔદિચ્ય સહસ્ત્ર બ્રાહ્મણ**

ગામ વિરમગામ હાલ મુંબઈ મલાડ જગદીશચંદ્ર અંબાપ્રસાદ શુક્લ (ઉં.વ. ૮૬) ૧૪/૦૧/૨૫ના મંગળવારે દેવલોક પામ્યા છે. જે સ્વ. મણીબેન અંબાપ્રસાદ શુક્લના પૂત્ર. પ્રેમિલાબેનના પતિ. સ્વ. ભદ્રેશના પિતાશ્રી. નીતાના સસરા. નંદિની તપન જાની, માધવી રજનીકાન્ત ઠાકર, જ્યોતિ રાહુલ લોદરીયાના પિતાશ્રી. તેમની પ્રાર્થનાસભા તા. ૧૬/૦૧/૨૫ને ગુરૂવારે સાંજે ૫ થી ૭ કલાકે રાખેલ છે. પ્રાર્થનાસભા સ્થળ કડિયા વાડી, ૩જી મામલતદાર વાડી, જૈન દેરાસરની સામે, મલાડ વેસ્ટ.

**કપોળ વૈષ્ણવ**

ભાવનગરવાળા હાલ અંધેરી શાંતીલાલ અનંતરાય કોઠારી, (ઉં.વ.૮૭), તે સ્વ. હંસાબેનના પતિ. તે જયેશ, વર્ષાના પિતા. તે બંસરી તથા નિલેશ મહેતાના સસરા. તે જશ, રિયાના દાદા. તે સ્વ. પ્રવિણભાઈ, સ્વ. વસંતાબેન જયંતીલાલ ભુવા, નિર્મળાબેન જગમોહનદાસ મોદીના ભાઈ તા. ૧૪-૦૧-૨૫ના મંગળવારના શ્રીજીચરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા તથા સર્વ લૌકિક પ્રથા બંધ છે.

## પારસી મરણ

શેરા સોરાબ ઈરાની તે મરહુમ સોરાબ જમશેદ ઈરાનીના વિધવા. તે ફીરોઝા તીરંદાઝ ને મરહુમ જમશેદ ઈરાનીના બાવાજી. તે પરવેઝ ખોશરવીના સાસુ. તે જમશેદ તથા મરહુમો દિનશા, ખોનમ, ગોવેર ને રોહિનટનના બહેન. તે હોમાયુ ને ખોદાયારના ગ્રેન્ડ મધર. તે તરોનીશના ભાણેજ. (ઉં. વ. ૮૮) રે. ઠે.: ૨૧ ગીલડર લેન, હીરામંઝીલ, ડી. બી. માર્ગ, મુંબઈ-૪૦૦૦૦૮. ઉઠમણાંની ક્રિયા: તા. ૧૭-૧-૨૫ના રોજ બપોરે ૩.૪૫ કલાકે હોડીવાલા બંગલી ડુંગરવાડી.

દિનશા માનેક મીસ્ત્રી તે મરહુમ માનેકના ખાવિંદ. તે મરહુમો પુટલીબાઈ તથા માનેક હોરમઝજીના દીકરા. તે શીરીન મીસ્ત્રીના બાવાજી. તે મરહુમો બેહેરામ તથા સીલ્લુના ભાઈ. (ઉં. વ. ૯૭) રે.ઠે.: શેઠના બિલ્ડિંગ, ૪થો માળ, ૨૯/૨૯એ, નવરોજી શેઠ સ્ટ્રીટ, એસ. કે. પાટીલ ગાર્ડનની પાછળ, ચર્નીરોડ, મું-૪૦૦૦૦૨. ઉઠમણાંની ક્રિયા: ૧૭-૧-૨૫ના રોજ બપોરે ૩.૪૫ કલાકે ઓલ્બેસ બંગલી ડુંગરવાડી.

સ્વ.હસમુખલાલ મગનલાલ ટોલીઆના ધર્મપત્ની ગં.સ્વ.નિરૂપમાં (ઉં.વ.૮૬) ૧૩/૧/૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ.મોતીચંદ શામજીભાઈ બદાણીના દીકરી. સ્વ.દીપકભાઈ, સ્વ.ભાવેશભાઈ, બકુલભાઈ તથા ફાલ્ગુનીના માતુશ્રી. મધુના સાસુ. અંકિત, ભૂમિ, ભક્તિ તથા પ્રિયાંકના બા. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઝાલાવાડી દશા શ્રીમાળી સ્થા જૈન**

વઢવાણ નિવાસી હાલ ગોરેગાંવ કાંતિલાલ રતિલાલ શાહ (ઉં.વ.૯૪) તે સ્વ.મંજુલાબેનના પતિ. જયશ્રી કીર્તિ શાહ, હિમાંશુ, અલકા રીચી વોરાના પિતા. રોહન, સલોની ગૌરવ છેડાના દાદા. સ્મિતાના સસરા. સ્વ.કુસુમબેન શાંતિલાલ શાહ ધ્રાંગધ્રાના જમાઈ. ૧૩/૧/૨૫ના અરિહંતશરણ પામેલ છે. સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઝાલાવાડી વિશા શ્રીમાળી શ્વે. મુ. પૂ. જૈન**

બોટાદ નિવાસી હાલ કાંદિવલીના સ્વ.કનૈયાલાલ રમણીકલાલ શાહના ધર્મપત્ની ગં.સ્વ.હંસાબેન શાહ (ઉં.વ.૮૨) તે સ્વ.તૃપ્તિ જયંતકુમાર શાહ, દીપ્તિ સંજયકુમાર શાહ, નિમિષના માતુશ્રી. રીમ્પલના સાસુ. જૈનમ તથા સાધ્વી શ્રી શ્રવ્યલીના મ.સાના દાદી. પિયરપક્ષે સ્વ.ચંપકલાલ મણિલાલ ફૂલવડીના દીકરી. ૧૫/૧/૨૫ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન**

છત્રાસા નિવાસી હાલ બોરીવલી સ્વ.ચીમનલાલ લીલાધર વોરાના ધર્મપત્ની સરોજબેન વોરા (ઉં.વ.૭૪) તે હિરેન અને વૈશાલીના માતુશ્રી. ખુશીના નાની. ભાણવડ નિવાસી સ્વ.શાંતિલાલ પાટલીયાની દીકરી. સ્વ.ઉમેદચંદ શાંતિલાલ પાટલીયાના બેન. ૧૪/૦૧/૨૦૨૫ મંગળવારના અરિહંતશરણ પામેલ છે, લૌકીક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

મોટા સુરકા નિવાસી હાલ ચેન્નાઇ પાનાચંદ લલ્લુભાઇ શાહના પુત્રવધુ અ.સૌ.યશોદરાબેન યશવંતભાઈ શાહ (ઉં.વ.૭૪) ૧૪/૧/૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે દર્શિત તથા કુણાલના માતુશ્રી, પ્રતાપભાઈ, લલીતાબેન કાંતિલાલ શાહ, મધુબેન કાંતિલાલ દોશી, ભદ્રાબેન અરવિંદભાઈ શાહના ભાભી. પિયરપક્ષે કમળાબેન મનસુખભાઇ માવજીભાઈ કનાડીયાના દીકરી. અશ્વિનભાઇ તથા રોહિતભાઈના બહેન. પ્રાર્થનાસભા ૧૮/૧/૨૫ના ૧૦ કલાકે. શ્રી ઝાલાવાડ ભવન, પેરિયામેટ ચેન્નાઈ રાખેલ છે.

**સોરઠ વિશા શ્રીમાળી જૈન**

છત્રાસા નિવાસી હાલ મુલુંડ સ્વ. તારાબેન પ્રભુદાસ શેઠના સુપુત્ર નરેન્દ્રભાઈ (ઉં.વ. ૭૩) તે રેખાબેનના પતિ. મેહુલના પિતાશ્રી. સેજલનાં સસરા. પ્રવિણાબેન મનસુખલાલ વોરા, લવિંગાબેન કનકરાય સંઘવી, સ્વ. ભૂપેન્દ્રભાઈ- સ્વ. રાજુભાઈના ભાઈ. શ્વસુર પક્ષે સ્વ. લાભકુંવરબેન હર્ષદરાય દોશીના જમાઈ. તા. ૧૨-૧-૨૫ના અરિહંતશરણ પામ્યા છે.

**ઝાલાવાડી વિશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન**

લીંબડી નિવાસી હાલ અંધેરી જીતેન્દ્રભાઈ સંઘવી (ઉં.વ.૮૫) તે સ્વ. ન્યાલચંદ લાલચંદ સંઘવીના સુપુત્ર. રસિલાબેનના પતિ. તેજસના પિતા. કવિતાના સસરા. સ્વ. રસીકભાઈ, સ્વ. અંબાલાલભાઈ, પ્રવિણભાઈ, વસંતભાઈ, ત્થા હંસાબેન જસવંતલાલ સંઘવીના ભાઈ ૧૪/૦૧/૨૫ને મંગળવારના અરિહંતશરણ પામેલ છે. તેમની બન્ને પક્ષની પ્રાર્થનાસભા ગરુવાર તા.૧૬/૦૧/૨૫ના ૪:૩૦ થી ૬:૩૦. શ્રી ગુર્જર સુતાર વિશ્વકર્મા બાગ, બજાજ રોડ, સન્યાસઆશ્રમની બાજુમાં, વિલેપાર્લા વેસ્ટ.

**ઝાલા. દશા શ્રી. શ્વે. મૂ.. જૈન**

જોરાવરનગર નિવાસી ન્યાલચંદ જેઠાલાલ શાહ (ઉં. વ. ૮૭) વિલેપાર્લે નિવાસી, નયનબેનના પતિ. સ્વ. લાભુબેન, સ્વ. સમતાબેન, સ્વ. પ્રભાબેન, સ્વ. સૌભાગ્યચંદભાઈ, સ્વ. મહાસુખભાઈ, સ્વ. ભોગીભાઈ અને સ્વ. અરવિંદભાઈના ભાઈ. લિંબડી નિવાસી સ્વ. પ્રભાવતીબેન ઉત્તમચંદ જગજીવનદાસ શાહના જમાઈ. જાગૃતિ રશમિકાંત ભાઈ, સોનલ હિતેશભાઈ અને મનીષા રાજેશ ભાઈના કાકા. કૃતિ, ભૌમિક, દેશના, પલક અને મીરાના કાકા દાદા ૧૪.૦૧.૨૫ના મંગળવારે અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**સ્થાનકવાસી જૈન**

લાઠી નિવાસી હાલ મુંબઈ (ચાંદિવલી) (ઉં.વ.૮૭), ગં.સ્વ. મધુકાન્તા ચંદુલાલ દેસાઈ, તે સ્વ. ઉજમશી નાગરદાસ કપાસીના દિકરી. તે સ્વ. ચંદુલાલ ગિરધરદસ દેસાઈના ધર્મપત્ની. તથા રશ્મીકાન્ત અને દિપીકાના માતુશ્રી. તથા સંગીતા, નિખીલભાઈના સાસુ. ૧૪-૦૧-૨૫ના રોજ અરિહંતશરણ પામેલ છે. લોકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**શ્રી વાગડ વિ.ઓ.જૈન**

ગામ ભચાઉના સ્વ.મણીબેન પ્રેમજી ગાલા (ઉં.વ.૭૨) સોમવાર, તા. ૧૩.૦૧.૨૫ના અવસાન પામેલ છે. ગોરીબેન કરશન રવજીના પુત્રવધુ. પ્રેમજી કરશનના ધર્મપત્ની. રંજન, વિનોદ, દીપક, નિલેશ, ભદ્રેશના માતુશ્રી. કાંતીલાલ ગુણશી ગડા, નયના, ભાવિકા, ભારતી, વેતલના સાસુ. જીવાબેન ધનજી કરશન ખુથીયાની દીકરી. પ્રાર્થના સભા તા. ૧૬.૦૧.૨૫ ગુરુવાર ટાઈમ ૩ થી ૪.૩૦ સ્થળ. રાજેશ્રી બેંકવેટ હોલ, દહિંસર-ઈસ્ટ.

**વાગડ વિ.ઓ.જૈન**

ગામ ભચાઉના હેમરાજ હરગણ ગડા (ઉં.વ.૭૭) સોમવાર, તા.૧૩.૦૧.૨૫ના અવસાન પામેલ છે. સ્વ. વાલીબેન ગોવર ગડાના પૌત્ર. સ્વ. ગંગાબેન હરગણ ગોવર ગડાના સુપુત્ર. કેશરબેનના પતિ. તૃપ્તી, નિલેશના પિતાશ્રી. સ્વ. અમૃતબેન, સ્વ. રવજી, જગદીશ, શાંતિલાલ, ગં.સ્વ. જયશ્રીના ભાઈ. પ્રાર્થના સભા ગુરૂવાર. તા. ૧૬.૦૧.૨૫, ટાઈમ. ૩ થી ૪.૩૦ સ્થળ - કપોળવાડી, એમ.જી.રોડ, ઘાટકોપર.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મહાયુતિના વિધાનસભ્યોને આપ્યા પાંચ મહામંત્ર

મુંબઈઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મહાયુતિના વિધાનસભ્યોનો ક્લાસ લીધો હતો. તેમાં મહાયુતિને મજબૂત બનાવવા અને એકબીજા સાથે સંકલન રાખવાનું સૂચન કરવામાં આવ્યું હતું. તે ઉપરાંત, વિધાનસભ્યોએ પોતાના મતવિસ્તારની સંભાળ રાખતી વખતે પોતાના આરોગ્યનું પણ ધ્યાન રાખવું જોઈએ. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ વિધાન સભ્યોની બેઠકમાં મનસે પ્રમુખ રાજ ઠાકરેની ગુજરાત મુલાકાતનો ઉલ્લેખ કરતા કહ્યું હતું કે લોકોએ જાણવું જોઈએ કે તેમણે કરેલા કામ વિશે તેઓ શું વિચારે છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે, વિધાનસભ્યોએ વિપક્ષને મૌખિક રીતે જવાબ આપવાને બદલે પોતાના કામ દ્વારા જવાબ આપવો જોઈએ. જો બીજા રાજ્ય કે બીજાના મતવિસ્તારમાં કંઈક સારું હોય, તો તેના વિશે અભ્યાસ મુલાકાત ગોઠવવી જોઈએ. મનસે પ્રમુખ રાજ ઠાકરેની ગુજરાત મુલાકાતનું ઉદાહરણ આપતા મોદીએ વિધાનસભ્યોને તેમની જેમ અભ્યાસ પ્રવાસો કરવાની સલાહ આપી હતી. રાજ ઠાકરેએ ૨૦૧૧માં ગુજરાતની મુલાકાત લીધી હતી અને વિધાનસભ્યોને પણ અભ્યાસ પ્રવાસો કરવાની સલાહ આપી હતી. સમાજ અને મતવિસ્તારની સાથે પરિવારને પણ સમય આપવાની સલાહ આપતાં તેમણે કહ્યું હતું કે કામનું આયોજન અને સમસ્યાનું નિરાકરણ થવું જોઈએ.

દરમિયાન મહાયુતિમાં એકતા વધારવા માટે તમારા વિધાનસભ્યો અને પદાધિકારીઓ એકબીજાની કચેરીઓની મુલાકાત લો. દરેક ગામમાં ડબ્બા પાર્ટીનું આયોજન કરો. જનપ્રતિનિધિ તરીકે કામ કરતી વખતે, આપણે દરેક બાબત પર ધ્યાન આપવું જોઈએ. બેઠકમાં, વડા પ્રધાને ગુજરાતમાં તમામ ગ્રામ પંચાયત અને સ્થાનિક સરકારની ચૂંટણીઓમાં ભાજપે કેવી રીતે સત્તા જાળવી રાખી તેનું ઉદાહરણ આપ્યું. મોદીએ મહાયુતિના વિધાનસભ્યોને આગામી દિવસોમાં પણ આવું જ કરવાની સલાહ આપી હતી. ■

### પાંચ મહામંત્ર

૧ સામાજિક અને રાજકીય જીવનમાં કામ કરતી વખતે તમારા આરોગ્યનું ધ્યાન રાખો, દર વર્ષે તબીબી તપાસ કરાવો.

૨ ઘરમાં તમારા પરિવાર પર ખાસ ધ્યાન આપો, સામાજિક જીવનમાં વાતચીત કરતી વખતે તેમની અવગણના ન કરો.

૩ વિધાન પરિષદના વિધાનસભ્યોએ એક-એક મતવિસ્તાર દત્તક લેવો જોઈએ અને સારું કામ કરવું જોઈએ.

૪ સરકારી અધિકારીઓ સાથે નમ્રતાથી વાત કરો, ટ્રાન્સફર અને દલાલીથી દૂર રહો.

૫ તમારા મતવિસ્તારમાં જેમણે તમને મત ન આપ્યા હોય તેમના માટે કામ કરીને તમારા વિરોધીઓ માટે પોતાને પ્રિય બનાવો.

# ભારતની આધ્યાત્મિક સંસ્કૃતિ સેવાની ભાવનાથી પ્રેરિત છેઃ મોદી





**હરે રામ, હરે ક્રિષ્નાઃ** નવી મુંબઈના ખારઘર ખાતે ઇસ્કોન મંદિરનું ઉદ્‌ઘાટન વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે કર્યું હતું. મોદીએ ભગવાનના આશીર્વાદ લીધા પછી શંખ પણ ફૂંક્યો હતો.(અમય ખરાડે)

નવી મુંબઈઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે ભારપૂર્વક જણાવ્યું હતું કે ભારતની આધ્યાત્મિક સંસ્કૃતિ સેવાની ભાવનામાં ઊંડે સુધી મૂળ ધરાવે છે અને તેમની સરકાર એક દાયકાથી વધુ સમયથી લોકોના કલ્યાણ માટે નિઃસ્વાર્થપણે કામ કરી રહી છે.

નવી મુંબઈના ખારઘર ખાતે ઇસ્કોન (ઇન્ટરનેશનલ સોસાયટી ફોર કૃષ્ણ કોન્શિયસનેસ) મંદિરનું ઉદ્‌ઘાટન કર્યા પછી એક સભાને સંબોધતા ગયા વર્ષના જૂન મહિનામાં ત્રીજી વખત પદ સંભાળનારા મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે તેમની સરકારે શૌચાલયો, ગરીબો માટે ઘર બનાવવા અને નાગરિકોને એલપીજીના જોડાણ આપવા અને તબીબી વીમો આપવા જેવા અનેક કલ્યાણકારી પગલાં શરૂ કર્યા છે.

'સામાજિક સેવાની આ ભાવના વાસ્તવિક ધર્મનિરપેક્ષતાનું પ્રતીક છે. આપણી આધ્યાત્મિક સંસ્કૃતિનો મુખ્ય પાયો સેવાની ભાવના છે. ભારત ફક્ત ભૌગોલિક સીમાઓથી ઘેરાયેલો ભૂમિનો ટુકડો નથી. તે એક જીવંત ભૂમિ છે, જીવંત સંસ્કૃતિ છે. જ્ઞાન એ આધ્યાત્મિકતા છે અને જો આપણે ભારતને સમજવા માગતા હોઈએ, તો આપણે આધ્યાત્મિકતાને આત્મસાત કરવી પડશે,' એમ તેમણે જણાવ્યું હતું.

તેમણે એમ પણ કહ્યું હતું કે ભગવદ્‌ગીતાના ઉપદેશો પર સ્થાપિત વૈશ્વિક ભક્તિ ચળવળ ઇસ્કોનના અનુયાયીઓ આખી દુનિયામાં ભગવાન કૃષ્ણ પ્રત્યેની તેમની ભક્તિ દ્વારા એકબીજા સાથે જોડાયેલા છે.

મોદીએ કહ્યું હતું કે ઇસ્કોન ચળવળ દ્વારા પ્રસારિત સેવાની ભાવના યુવાનોને પ્રેરણા આપે છે અને તેમને એક સંવેદનશીલ સમાજ બનાવવામાં મદદ કરે છે જે માનવ મૂલ્યોને પ્રોત્સાહન આપે છે.

'તે ભારતમાં લોકોને સ્વસ્થ થવા અને તેમના સુખાકારીની સંભાળ રાખવા પ્રેરણા આપે છે,' એમ વડા પ્રધાને કહ્યું હતું.

મોદીએ કહ્યું હતું કે, સાચી સેવા નિઃસ્વાર્થ માનવ પ્રયાસ દ્વારા થાય છે જ્યાં અન્ય કોઈ બાબતમાં રસ હોતો નથી અને ભારતને 'અસાધારણ, અદ્‌ભૂત ભૂમિ' તરીકે વર્ણવ્યું હતું.

તેમણે નોંધ્યું હતું કે પ્રભુપાદ સ્વામીએ વેદો, વેદાંત અને ગીતાનું મહત્ત્વ ભારતની સ્વતંત્રતાની ચળવળ વખતે ફેલાવ્યું હતું અને સામાન્ય નાગરિકોમાં જાગૃતિ ફેલાવી હતી. ૭૦ વર્ષની વયે જ્યારે મોટા ભાગના લોકો પોતાની ફરજ પૂરી થઈ હોવાનું માને એ સમયે પ્રભુપાદ સ્વામીએ ઈસ્કોન ચળવળની સ્થાપના કરી હતી અને આખી દુનિયાનો પ્રવાસ ખેડ્યો હતો.

તેમણે એમ પણ કહ્યું હતું કે જે લોકો આખી દુનિયાને ભૌતિકવાદની દૃષ્ટિએ જૂએ છે તેઓ ભારતને વિવિધ ભાષા અને પ્રાંતોનું જૂથ તરીકે જૂએ છે, પરંતુ જ્યારે તેમનો આત્મા સાંસ્કૃતિક ચૈતન્ય સાથે જોડાય છે ત્યારે તેઓ વાસ્તવિક ભારતને જોઈ શકે છે.

# નેવીની વિનાશિકાઓ અને સબમરીનની ખૂબીઓ જાણી લો

## આઈએનએસ નીલગિરિની ખાસ વાતઃ સુપર રેપિડ ગન માઉન્ટ



પ્રોજેક્ટ ૧૭-એ હેઠળ નૌકાદળનાં સાત નવાં સ્ટીલ્થ ફ્રિગેટ્‌સમાં નીલગિરિ મુખ્ય જહાજ છે. તેને શિવાલિક-ક્લાસ ફ્રિગેટ્‌સ પર એક મોટી પ્રગતિ માનવામાં આવે છે અને તેમાં એક બંધ મૂરિંગ ડેક, નીચા ઈન્ફ્રારેડ સિગ્નેચર, ક્રૂ અને સામગ્રીની સલામત હિલચાલ માટે ડેક રેલ સિસ્ટમ જેવાં તત્ત્વોનો સમાવેશ થાય છે, જેણે અન્ય યુદ્ધજહાજની સ્ટીલ્થ સુવિધાઓને વધારવા માટે રેલને દૂર કરવામાં સક્ષમ બનાવ્યું છે. અન્ય જહાજોમાં તમે ફોક્સલ પર ઘણી બધી ફિટિંગ્સ જોશો, જેમ કે એન્કર, ચેઈન કેબલ વગેરે, પણ અહીં સ્વચ્છ ડેક છે. બધું નીચે એક તૂતક પર, મૂરિંગ ડેક પર સ્થાનાંતરિત થયું છે જે સંપૂર્ણપણે છુપાયેલ છે. આનાથી જહાજના વધુ સારા રડાર દમનની ખાતરી થઇ છે. આ ઉપરાંત આ જહાજ ઈન્ફ્રારેડ સેપ્રેશન સિસ્ટમ વહાણના પ્રોપલ્શન એક્ઝોસ્ટ અને પાવર જનરેશન મશીનરીમાંથી ઉત્સર્જન ઘટાડે છે, જે કોઇ પણ જહાજને શોધી કાઢવાની શક્યતાઓને ઘટાડે છે. આ જહાજમાં સુપર રેપિડ ગન માઉન્ટ (અપગ્રેડેડ) સિસ્ટમ પણ છે, જેનો ઉપયોગ ભારતીય નૌકાદળમાં પહેલી વાર કરવામાં આવ્યો છે.

## આઈએનએસ સુરતઃ સૌથી ઓછા સમયમાં વિકસાવેલું યુદ્ધજહાજ



સુરત પ્રોજેક્ટ ૧૫-બી જહાજોનું ચોથું અને અંતિમ જહાજ છે. પ્રોજેક્ટ ૧૫-બી એ પ્રોજેક્ટ ૧૫-એ કોલકાતા-વર્ગના વિનાશકનું નિર્માણ છે, જેમાં નોંધપાત્ર ક્ષમતા વૃદ્ધિ છે. સ્ટીલ્થ ગાઈડેડ મિસાઈલ વિનાશક ૭૪૦૦ ટનનું વિસ્થાપન અને ૧૬૪ મીટરની એકંદર લંબાઈ ધરાવે છે, જે ભારતીય નૌકાદળના સૌથી મોટા વિનાશકમાંનું એક છે. લોન્ચથી શરૂ થવા સુધી, સુરતને માત્ર ૩૧ મહિનાનો સમય લાગ્યો હતો, જે તેને સૌથી ઓછા સમયમાં બનાવવામાં આવેલ સ્વદેશી યુદ્ધ જહાજ બની ગયું છે. ગાઈડેડ મિસાઈલ સ્ટીલ્થ ડિસ્ટ્રોયર્સના પ્રોજેક્ટ ૧૫-બી-ક્લાસમાં સુરતના પુરોગામી આઈએનએસ વિશાખાપટ્ટનમ, આઈએનએસ માર્મગોવા અને આઈએનએસ ઈમ્ફાલ છે. આ વહાણ માટે તમે ભલે ચોથું અને અંતિમ કહો, પણ તે નવીનતમ અને શ્રેષ્ઠ છે. લડાઈ માટે આ વિનાશિકા તૈયાર છે. આ વર્ગના અગાઉના જહાજને લોંચ થવાથી શરૂમાં ૫૪ મહિનાનો સમય લાગ્યો હતો. આ જહાજ સપાટીથી સપાટી પરની 'બ્રહ્મોસ' સુપરસોનિક ક્રૂઝ મિસાઈલો અને બરાક-૮ મીડિયમ રેન્જ સરફેસ-ટુ-એર મિસાઈલો (એમઆરએસએએમ)થી સજ્જ છે જે તમામ પ્રકારના હવાના જોખમો સામે રક્ષણ સુનિશ્ચિત કરે છે.

## આઈએનએસ વાઘષીર, કલવરી-ક્લાસ સબમરીનમાંની છેલ્લી છે



વાઘષીર એ ફ્રેન્ચ સ્કોર્પિયન ડિઝાઈન પર આધારિત કલવરી-ક્લાસની છ સબમરીનમાંથી છઠ્ઠી સબમરીન છે. આ પ્રોજેક્ટમાં ફ્રેન્ચ સહયોગી, નેવલ ગ્રુપ પાસેથી ટેક્નોલોજીનું ટ્રાન્સફર સામેલ હતું. પ્રથમ પાંચમાં આઈએનસ કલવારી, ખંડેરી, કરંજ, વેલા અને વાગીર છે.

સબમરીન શરૂઆતમાં પાંચ અલગ અલગ વિભાગોમાં બાંધવામાં આવી હતી. આ પાંચ વિભાગોમાંનું એક સબમરીનમાં વેલ્ડિંગ - એક શબ્દ જે બુટ ટુગેધર તરીકે ઓળખાય છે, જે ૧૮મી જાન્યુઆરી, ૨૦૨૧ના રોજ પૂરું થયું હતું અને તેનું લોન્ચિંગ ૨૦મી એપ્રિલ, ૨૦૨૨ના રોજ થયું હતું. એ સમયે તે માત્ર એક હોલો સિલિન્ડર હતું. આ એક પરંપરાગત ડીઝલ-ઈલેક્ટ્રિક સબમરીન છે. વાઘષીર દુર્બળ મેનિંગ સાથે વિશ્વમાં સૌથી વધુ છૂપા અને અદ્યતન છે. દુશ્મનના પ્રદેશમાં કોઇનું ધ્યાન ન જાય એ માટે સક્ષમ છે. ■

### હાઈ કોર્ટનો રાજ્ય સરકારને પ્રશ્ન

# ધર્મસ્થળો પરનાં લાઉડસ્પીકરો સામે કાર્યવાહી કરી કે નહીં?

મુંબઈઃ રાજ્યભરમાં મુંબઈ અને પુણે સહિત અનેક શહેરોમાં પ્રાર્થનાસ્થળોએ અનધિકૃત લાઉડસ્પીકર લગાવીને ધ્વનિપ્રદૂષણ પ્રતિબંધક નિયમોનું ઉલ્લંઘન થઇ રહ્યું હોવાની માહિતી અધિકારમાંથી મળેલી માહિતીમાંથી સામે આવી છે. આથી ૨૯૪૦ લાઉડસ્પીકરો પર કઇ કાર્યવાહી કરી અને તેના સંબંધિત વ્યક્તિ વિરુદ્ધ કઇ કાયદાકીય કાર્યવાહી કરી, તેની માહિતી સોગંદનામા પર આપો, એવો નિર્દેશ મુંબઈ હાઈ કોર્ટે મંગળવારે રાજ્યના ગૃહ વિભાગના વધારાના ચીફ સેક્રેટરી તેમ જ રાજ્યના પોલીસ વડાને આપ્યો છે.

કોઇ પણ ધર્મનાં પ્રાર્થનાસ્થળો પર લાઉડસ્પીકર લગાવવામાં આવ્યું હશે તો પોલીસ પ્રશાસનની પહેલાંથી પરવાનગી લઇને જ લગાવી શકાશે અને ધ્વનિપ્રદૂષણ પ્રતિબંધક નિયમાવલીનું પાલન કરીને તેનો વપરાશ કરી શકો છો, એવો સ્પષ્ટ આદેશ હાઈ કોર્ટે ૧૬મી ઓગસ્ટ, ૨૦૧૬ના રોજ આપ્યો હતો. આ ઉપરાંત અનધિકૃત લાઉડસ્પીકરો પર કાર્યવાહી કરવાનો નિર્દેશ પણ આપવામાં આવ્યો હતો. તેમ છતાં રાજ્યમાં અનેક ભાગોમાં તેનું પાલન થતું જ નથી.

મંદિરો, મસ્જિદો, ચર્ચ, ગુરુદ્વારા અને બુદ્ધવિહાર જેવાં વિવિધ પ્રાર્થનાસ્થળોએ પોલીસ પ્રશાસનની પરવાનગી લીધી નથી, એવું એક અરજી દ્વારા ધ્યાનમાં લાવવામાં આવ્યું હતું.

માહિતી અધિકારમાં મળેલી માહિતી અનુસાર તેમ જ રાજ્ય સરકાર અને પોલીસ અધિકારીઓએ આપેલા સોગંદનામામાં કાર્યવાહી થઇ ન હોવાની કબૂલાત મંગળવારની સુનાવણીમાં ધ્યાનમાં લાવવામાં આવી હતી, જેની મુખ્ય ન્યાયાધીશ દેવેન્દ્ર ઉપાધ્યાય અને ન્યાયાધીશ અમિત બોરકરની ખંડપીઠે ગંભીર દખલ લીધી હતી.

## મહિલા સૈનિકો માટે રહેવાની સુવિધાવાળાં સૌપ્રથમ જહાજ

નીલગિરિ અને સુરત પણ ભારતના પ્રથમ યુદ્ધ જહાજો છે જેમણે મહિલા ખલાસીઓ અને અધિકારીઓને મદદ કરવા માટે અલગથી રહેવાની સુવિધા બનાવી છે. હકીકતમાં સુરતના કમિશનિંગ ક્રૂમાં બે મહિલા અધિકારીઓ છે, સાર્જન્ટ લેફ્ટેનન્ટ અહલ્યા અરવિંદ અને લેફ્ટેનન્ટ આસ્થા કંબોજ, જેઓ સુરતના ડેપ્યુટી લોજિસ્ટિક ઓફિસર પણ છે. અન્ય તમામ જહાજોમાં મહિલા અધિકારીઓ અને ખલાસીઓને સમાવવા માટે પછીના તબક્કે ગોઠવણો કરવામાં આવી હતી, જ્યારે નીલગિરિ અને સુરતમાં નૌકાદળનાં મહિલા કર્મચારીઓને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવ્યાં છે. આ અંગે કમિશનિંગ ક્રૂના એક ભાગ કંબોજે જણાવ્યું હતું કે અમે અલગથી રહેવાની સુવિધા બનાવી છે, જેની ડિઝાઈન પ્રક્રિયા પહેલેથી જ વિચારવામાં આવી હતી, જે જહાજને અનન્ય બનાવે છે. ■

# મેટ્રો ૯ અને ૭-એ માટે હજી ઘણી રાહ જોવી પડશે

મુંબઈઃ દહિસર-મીરા-ભાયંદર મેટ્રો ૯ અને અંધેરી પૂર્વ-છત્રપતિ શિવાજી મહારાજ ઇન્ટરનેશનલ એરપોર્ટ મેટ્રો ૭-એ લાઇનનું નિર્માણ હાલ મુંબઇ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી (એમએમઆરડીએ) દ્વારા કરવામાં આવી રહ્યું છે. કોન્ટ્રાક્ટરોને બંને લાઇન પર કામ માટે મુદત વધારી આપવામાં આવી છે. મેટ્રો ૯ લાઈનની મુદત જૂન ૨૦૨૫ સુધી અને મેટ્રો ૭-એ જુલાઈ ૨૦૨૬ સુધી વધારવામાં આવી છે. પરિણામે મુંબઈગરાઓએ આ બે રૂટ પર મુસાફરી કરવા માટે રાહ જોવી પડશે.

દહિસર-મીરા-ભાયંદર મેટ્રો ૯ લાઈન પર હાલ કામ ચાલી રહ્યું છે. આ રૂટ ઉત્તન સુધી લંબાવવામાં આવશે. અત્યાર સુધીમાં લાઇનનું ૯૨ ટકા કામ પૂર્ણ થઇ ચૂક્યું છે. મેટ્રો ૭-એ દહિસરથી ગુંદવલી, અંધેરી પૂર્વ મેટ્રો ૭ રૂટના ગુંદવલી, અંધેરી (પૂર્વ)થી ઇન્ટરનેશનલ એરપોર્ટ સુધી લંબાવવામાં આવી રહી છે. આ બંને લાઈનના કામનો આદેશ ૯ સપ્ટેમ્બર, ૨૦૧૯ના દિવસે જારી કરવામાં આવ્યો હતો. દરમિયાન આરટીઆઇ એક્ટિવિસ્ટ અનિલ ગલગલીએ એમએમઆરડીએ પાસેથી આ લાઇનોના કામ અંગે માહિતી માગી હતી. એ અનુસાર આ બંને મેટ્રો લાઇનની મુદત વધારવામાં આવી હોવાનું એમએમઆરડીએએ જણાવ્યું હતું.

મેટ્રો ૯ના કામ માટે અંતિમ તારીખ ૮ સપ્ટેમ્બર ૨૦૨૨ હતી. જોકે કામમાં વિલંબ થતાં કોન્ટ્રાક્ટરને જૂન ૨૦૨૫ સુધી મુદત વધારી આપવામાં આવી છે. મેટ્રો ૭-એ લાઇનની મુદત ૮ માર્ચ, ૨૦૨૩ હતી. કામમાં વિલંબને કારણે એમએમઆરડીએએ આ કામના કોન્ટ્રાક્ટર માટેની સમયમર્યાદા જુલાઈ ૨૦૨૬ સુધી વધારી દીધી છે. ■

# મહાયુતિ હાઉસફુલ, ચોથા પક્ષ માટે સ્થાન નથીઃ ફડણવીસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વિધાનસભાની ચૂંટણીમાં જંગી બહુમતી મેળવીને મહાયુતિએ રાજ્યમાં સરકાર બનાવી છે. તેવી જ રીતે મહા વિકાસ આઘાડીના એક ઘટક પક્ષ, શિવસેના (યુબીટી) મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના વખાણ કરી રહ્યું છે. ઉદ્ધવ ઠાકરે અને આદિત્ય ઠાકરેએ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને પણ મળ્યા. મુખપત્રમાં ફડણવીસની પ્રશંસા પણ કરી હતી. જોકે, આ બધાની વચ્ચે મુખ્ય પ્રધાન ફડણવીસે એવી સ્પષ્ટતા કરી છે કે, ઉદ્ધવ ઠાકરે માટે હવે મહાયુતિના દરવાજા બંધ થઈ ગયા છે. મુખ્ય પ્રધાન ફડણવીસએ એમ પણ કહ્યું હતું કે, શિવસેના સાથે ભાજપના 'નવા સંબંધો' વિશેની અટકળો લગાવવામાં સાવધાની રાખવાની જરૂર છે. મહાયુતિમાં ચોથા વ્યક્તિ માટે કોઈ સ્થાન નથી. આનો જવાબ આપતા શિવસેના (યુબીટી)ના સાંસદ સંજય રાઉતે કહ્યું હતું કે અમે તમારા દરવાજે નહીં આવીએ.

મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે એક મરાઠી ચેનલને આપેલા ઇન્ટરવ્યુમાં જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે મુખ્ય પ્રધાન બન્યા પછી તેમણે એવું શું કર્યું કે ઉદ્ધવ ઠાકરે અને આદિત્ય ઠાકરે તેમના વખાણ કરી રહ્યા છે. આ અંગે બોલતાં મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે કહ્યું હતું કે, 'તમારે હંમેશા કેટલાક લોકોના વખાણથી સાવધ રહેવું જોઈએ. જો તમે આ વખાણને પોતાની પ્રશંસા માનશો, તો તમારું નામ ઇતિહાસમાં જમા થઈ જશે. તેથી, આ રીતે લોકોની પ્રશંસા સાંભળવાનું બંધ કરવું જોઈએ.'

ફડણવીસને એમ પણ પૂછવામાં આવ્યું હતું કે, શું ઉદ્ધવ ઠાકરે માટે મહાયુતિના દરવાજા ખુલશે? ત્યારે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે એવી સ્પષ્ટતા કરી હતી કે, 'આવો કોઈ પ્રશ્ન જ નથી. કારણ કે હવે મહારાષ્ટ્રમાં, લોકોએ અમારા ત્રણેને ખૂબ જ સારી બહુમતી આપી છે. તેથી, અમે ત્રણે અમારી ખુરશીઓ પર મજબૂત રીતે બેસી ગયા છીએ કે હવે ચોથા વ્યક્તિ માટે કોઈ જગ્યા બાકી જ નથી અને તેની કોઈ જરૂર પણ નથી. તેથી, હું નથી માનતો કે કયો દરવાજો ખુલ્લો છે અને કયો બંધ છે. આવી ચર્ચાઓ માટે હવે કોઈ સ્થાન નથી. મહાયુતિ સારી રીતે કામ કરી રહી છે અને અમારી મહાયુતિ સરકાર મહારાષ્ટ્રમાં ત્યાં સુધી કામ કરશે જ્યાં સુધી 'અંત ન આવે.'

ફડણવીસની આ ટિપ્પણી પર મીડિયા સાથે વાત કરતા, સાંસદ સંજય રાઉતે કહ્યું હતું કે, 'અમારા (પાર્ટીના) જનપ્રતિનિધિઓ, વિધાનસભ્યો અને સાંસદો ચોક્કસપણે તેમને મળશે. નહિંતર, એવો સરકારી આદેશ જારી કરો કે વિરોધ પક્ષના વિધાનસભ્યો મને ન મળવું. એકવાર તમે સરકારી આદેશ જારી કરો, પછી અમે મુક્ત છીએ.





# વર્લ્ડ કલાસ વંદે ભારત સ્લીપર ટ્રેનની અમદાવાદ-મુંબઈ વચ્ચે સફળ ટ્રાયલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વંદે ભારત ટ્રેન પછી હવે વંદે ભારત સ્લીપર ટ્રેનની મહિનાઓથી રાહ જોવામાં આવી રહી છે ત્યારે મુંબઈ ડિવિઝનમાં બુધવારે દેશની સૌથી પહેલી વંદે ભારત સ્લીપર ટ્રેનનો ટ્રાયલ રન હાથ ધરવામાં આવી હતી જે સફળ રહી હતી. અમદાવાદ-વડોદરા-મુંબઈ સેન્ટ્રલ કોરિડોરનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

વંદે ભારત સ્લીપર ટ્રેનનો ટ્રાયલ અમદાવાદથી મુંબઈ વચ્ચે હાથ ધરવાનું નિર્ધારિત કરવામાં આવ્યું હતું. સવારે અમદાવાદથી મુંબઈ ૫૪૦ કિલોમીટરનું અંતર પાંચ કલાક અને ૨૫ મિનિટમાં પૂરું કરવામાં આવ્યું હતું, જ્યારે બેથી પાંચ મિનિટના હોલ્ટ આપવામાં આવ્યા હતા, એમ અધિકારીએ જણાવ્યું હતું.

અમદાવાદથી મુંબઈ સેન્ટ્રલ રવાના કરવામાં આવ્યા પૂર્વે ટ્રેનનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું, જ્યારે મુંબઈ સેન્ટ્રલ પહોંચ્યા પહેલા ટ્રેનની સ્પીડ સહિત અન્ય બાબતનો પરીક્ષણ કરવામાં આવ્યા હતા. ૧૬ કોચની સ્લીપર વંદે ભારત ટ્રેનમાં ત્રણ ક્લાસ છે, જેમાં ફર્સ્ટ એસી, સેકન્ડ એસી અને થર્ડ એસીના કોચનો સમાવેશ થાય છે. આ અગાઉ ટ્રેનનો કલાકના ૧૮૦ કિલોમીટરની સ્પીડની ટ્રાયલ પણ હાથ ધરવામાં આવ્યો હતો, જે સફળ થઈ હતી. ત્યાર બાદ રેલવે સેફ્ટી કમિશનર દ્વારા સેફ્ટીનું ટેસ્ટિંગ પણ હાથ ધરવામાં આવ્યું હતું.

બુધવારે બપોરે ૧.૫૦ વાગ્યે મુંબઈ સેન્ટ્રલ વંદે ભારત સ્લીપર ટ્રેન આવી હતી. ટ્રેનમાં એકદમ વર્લ્ડ ક્લાસ ઈન્ટિરિયર છે. અમદાવાદથી મુંબઈ વચ્ચે કલાકના ૧૩૦ કિલોમીટરની ઝડપથી ટ્રાયલ હાથ ધરવામાં આવી હતી. સંપૂર્ણ ટેસ્ટિંગ કર્યા પછી આરડીએસઓ દ્વારા ફાઈનલ સર્ટિફિકેટ આપવામાં આવશે, એમ પશ્ચિમ રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી વીનિત અભિષેકે જણાવ્યું હતું.

વંદે ભારત ટ્રેન આધુનિક હોવાની સાથે નવી સ્લીપર ટ્રેન પણ એકદમ આધુનિક છે, જ્યારે ટ્રેનની અંદરનું રાચરચિલું પણ આધુનિક છે. એરક્રાફ્ટ ડિઝાઈન આધારિત વંદે ભારત સ્લીપર ટ્રેનમાં ખાસ કરીને ઓનબોર્ડ વાઈફાઈ સુવિધા, ઓટોમેટિક ડોર, અલ્ટ્રા કમ્ફર્ટેબલ બર્થ્સ, એરક્રાફ્ટ જેવી ડિઝાઈન વગેરેનો સમાવેશ થાય છે, એમ અધિકારીએ જણાવ્યું હતું. ■

# ભારતીય મહિલા ક્રિકેટરો વિક્રમજનક ૩૦૪ રનના માર્જિનથી જીતી

## આયરલૅન્ડનો ૩-૦થી કર્યો વાઈટ-વૉશઃ પ્રતીકા રાવલ પ્લેયર ઑફ ધ સિરીઝ

રાજકોટઃ સ્મૃતિ મંધાના (૧૩૫ રન, ૮૦ બૉલ, સાત સિક્સર, બાર ફોર)ના સુકાનમાં ભારતીય ટીમે અહીં ગઈ કાલે આયરલૅન્ડ સામેની ત્રીજી અને છેલ્લી વન-ડેમાં ૩૦૪ રનથી વિજય મેળવ્યો હતો. વન-ડેમાં ભારતે અત્યાર સુધીમાં મેળવેલા તમામ વિજયમાં આ સૌથી મોટા માર્જિનવાળો વિજય છે. ભારતે ૫૦ ઓવરમાં પાંચ વિકેટે ૪૩૫ રન બનાવ્યા હતા જેના જવાબમાં આયરલૅન્ડની ટીમ ૪૩૬ રનના તોતિંગ લક્ષ્યાંક સામે ૩૧.૪ ઓવરમાં માત્ર ૧૩૧ રનના સ્કોર પર ઑલઆઉટ થઈ હતી.

એ સાથે, ભારતે આ સિરીઝ ૩-૦થી જીતી લીધી હતી. સ્પિન-ઑલરાઉન્ડર દીપ્તિ શર્માએ સૌથી વધુ ત્રણ વિકેટ અને લેફ્ટ-આર્મ સ્પિનર તનુજા કંવરે બે વિકેટ લીધી હતી. આયરલૅન્ડની એક પણ બૅટર હાફ સેન્ચુરી નહોતી ફટકારી શકી. ઓપનર સારા ફૉર્બ્સના ૪૧ રન ટીમમાં હાઇએસ્ટ હતા.

પહેલાં ભારતે વન-ડેમાં પોતાનો સર્વશ્રેષ્ઠ સ્કોર (૪૩૫/૫) નોંધાવ્યો હતો જે મહિલાઓની વન-ડેમાં ચોથા નંબરનો શ્રેષ્ઠ સ્કોર છે. એ તો ઠીક, પણ પુરુષોની ક્રિકેટમાં ભારતીય ટીમે ક્યારેય એક દાવમાં આટલા રન નથી બનાવ્યા. મેન્સ વન-ડેમાં ૪૧૮/૫ ભારતનો સર્વોચ્ચ સ્કોર છે જે ભારતીય ટીમે ૨૦૧૧ની સાલમાં વેસ્ટ ઇન્ડિઝ સામે બનાવ્યા હતા.

ત્યાર પછી ભારતે ૩૦૪ રનના તફાવતથી જીત મેળવી જે સાતમા નંબરનો શ્રેષ્ઠ વિજયી-માર્જિન છે.

અગાઉ ભારતનો સૌથી મોટો વિજયી માર્જિન ૨૪૯ રન હતો જે આયરલૅન્ડ સામે જ નોંધાયો હતો.

સ્મૃતિ મંધાનાએ ૭૦ બૉલમાં સેન્ચુરી ફટકારી હતી જે ભારતીય મહિલા ક્રિકેટર્સમાં ફાસ્ટેસ્ટ છે. તેની આ ૧૦મી સેન્ચુરી હતી. તેના ૧૩૫ રન ઉપરાંત સાથી-ઓપનર પ્રતીકા રાવલે ૧૫૪ રન બનાવ્યા હતા અને એ તેની કરીઅરની પહેલી જ સદી હતી.

સ્મૃતિ અને પ્રતીકા વચ્ચે ૨૩૩ રનની ઓપનિંગ પાર્ટનરશિપ થઈ હતી.

ઓપનર પ્રતીકા રાવલની આંતરરાષ્ટ્રીય કરીઅરને માંડ પચીસ દિવસ થયા છે. એમાં તે છ વન-ડે રમી છે અને આ સિરીઝને અંતે તેણે ત્રીજી મૅચનો તેમ જ સિરીઝનો સર્વશ્રેષ્ઠ પ્લેયરનો અવૉર્ડ જીતી લીધો હતો.

પ્રતીકાએ આ છ વન-ડેમાં કુલ ૪૪૪ રન બનાવ્યા છે જે કારકિર્દીની પહેલી છ વન-ડેમાં બનાવેલા રનની રેકૉર્ડ-બુકમાં વિશ્વવિક્રમ છે. તેના છ વન-ડેના સ્કોર આ મુજબ રહ્યાઃ ૪૦, ૭૬, ૧૮, ૮૯, ૬૭ અને ૧૫૪ રન.

# ટેસ્ટમાં ભારતીય ક્રિકેટરોના ફ્લૉપ-શોનું કારણ આઈપીએલના મોટા કૉન્ટ્રૅક્ટ?

## બીસીસીઆઇની મીટિંગમાં સનસનાટીભર્યા ખુલાસાઃ ખેલાડીઓ હવેથી પત્ની-પરિવારને વિદેશ પ્રવાસમાં માત્ર બે અઠવાડિયા પોતાની સાથે રાખી શકશે

મુંબઈઃ ઑસ્ટ્રેલિયા સામેની બોર્ડર-ગાવસકર ટ્રોફીમાં ભારતીય ટીમનો ૧-૩થી રકાસ થયો એને પગલે બોર્ડ ઑફ કન્ટ્રોલ ફૉર ક્રિકેટ ઇન ઇન્ડિયા (બીસીસીઆઇ)એ સખ્તાઈભર્યો અભિગમ અપનાવ્યો છે. ઑસ્ટ્રેલિયા ખાતેના પ્રવાસ વિશેના અવલોકનને લગતી બેઠકમાં કેટલાક સખત નિયમો લાગુ કરવા પર વિચાર કરાયો હોવાનું મનાય છે. એટલું જ નહીં, ટેસ્ટ-ક્રિકેટમાં ભારતીય ખેલાડીઓ કેમ સારું નથી રમી શકતા એ વિશે પણ સનસનાટીભર્યો ખુલાસો કરાયો હોવાનું જાણવા મળ્યું છે.

ક્રિકેટ બોર્ડ એક મહત્ત્વના સંભવિત નિર્ણય પર વિચાર કરી રહ્યું છે જેમાં જો ભારતીય ટીમની વિદેશ ટૂર ૪૫ કે એનાથી વધુ દિવસની હશે તો ખેલાડીઓ પત્નીઓને કે પરિવારના સભ્યોને વધુમાં વધુ બે અઠવાડિયા પોતાની સાથે રાખી શકશે. જો એ ટૂર ૪૫ દિવસથી ઓછા સમયની હશે તો પત્ની કે ફૅમિલી મેમ્બર્સને એક અઠવાડિયું એ પ્રવાસમાં સાથે રાખી શકશે.

તાજેતરના પ્રવાસમાં વિરાટની પત્ની અનુષ્કા ઘણા દિવસ ઑસ્ટ્રેલિયામાં હતી. તેણે વીઆઇપી સ્ટૅન્ડમાં બેસીને પતિદેવને વારંવાર ઑફ-સ્ટમ્પની બહારના બૉલમાં કૅચ આપી દઈ રહેલો જોયો હતો અને નિરાશ થઈ હતી.

બીજું, ભારતીય ખેલાડીઓ વિદેશ પ્રવાસ દરમ્યાન (ટીમની એકતાને ધ્યાનમાં રાખીને) માત્ર ટીમની બસમાં જ પ્રવાસ કરી શકશે. મોટા ભાગના ખેલાડીઓ આ નિયમ પાળતા હોય છે, પણ ક્યારેક ખેલાડીઓ તથા સપોર્ટ સ્ટાફ અન્ય વાહનોમાં પ્રવાસ કરતા હોય છે જે હવે નહીં ચાલે. તેમણે ટીમની બસમાં જ મુસાફરી કરવી પડશે.

ત્રીજું, પ્લેયર્સ તથા હેડ-કોચના પર્સનલ મૅનેજરની વીઆઇપી બૉક્સની ટિકિટ તથા ટીમ-બસમાં મુસાફરી પર નિયંત્રણને લગતો નિર્ણય લેવાઈ શકે છે.

ચોથું, ટૂર દરમ્યાન પ્રત્યેક ખેલાડી પાસે વધુમાં વધુ ૧૫૦ કિલો સામાન માન્ય ગણાશે. એનાથી વધુ વજનના સામાન માટે ચાર્જ લાગશે.

ઑસ્ટ્રેલિયામાં ભારત પર્થની પ્રથમ ટેસ્ટ જીત્યું, પણ ત્યાર બાદ ત્રણ ટેસ્ટ હારી જતાં કાંગારુંઓનો ૩-૧થી વિજય થયો હતો. આ નિરાશાજનક પ્રવાસ સંબંધમાં બીસીસીઆઇની રિવ્યૂ મીટિંગમાં વિગતવાર ચર્ચા થઈ હતી. એક જાણીતા હિન્દી દૈનિકના અહેવાલ મુજબ બોર્ડના એક મેમ્બરે જણાવ્યું છે કે ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ)ના મોટા કૉન્ટ્રૅક્ટને કારણે ખેલાડીઓ ટેસ્ટમાં પૂરું જોર લગાવીને, પૂરી તીવ્રતાથી નથી રમતા હોતા.

આ ઉપરાંત, બીસીસીઆઇની મીટિંગમાં ફેબ્રુઆરીની ચૅમ્પિયન્સ ટ્રોફી માટેની ટીમની ઘોષણા વિશે પણ ચર્ચા થઈ હતી. બોર્ડના એક મેમ્બરના જણાવ્યા મુજબ આ ટીમની જાહેરાત ૧૭ કે ૧૮મી જાન્યુઆરીએ કરવામાં આવશે.

રિવ્યૂ મીટિંગમાં કૅપ્ટન રોહિત શર્મા, સિલેક્શન કમિટીના ચૅરમૅન અજિત આગરકર તેમ જ ટીમ-મૅનેજમેન્ટના મેમ્બર્સે હાજરી આપી હતી.

ભારતનો હવે પછીનો વિદેશ પ્રવાસ જૂનમાં છે. ત્યારે ભારતીય ટીમ ઇંગ્લૅન્ડના પ્રવાસે જશે.

# ભારતીય મહિલાઓ ખો-ખો વર્લ્ડ કપની ક્વૉર્ટરમાં

નવી દિલ્હીઃ અહીં રમાઈ રહેલા ભારતની પરંપરાગત રમત ખો-ખોના વર્લ્ડ કપમાં ભારતીય મહિલા ટીમ ગઈકાલે ઇરાનને ૧૦૦-૧૬થી હરાવીને ક્વૉર્ટર ફાઇનલમાં પહોંચી ગઈ હતી. ભારતના પુરુષોની ટીમ બ્રાઝિલને ૬૪-૩૪થી પરાસ્ત કરીને નૉકઆઉટ રાઉન્ડની નજીક પહોંચી ગઈ હતી.

સાઉથ કોરિયાને ૧૭૫-૧૮થી કચડ્યા બાદ ભારતીય મહિલા ટીમે ઇરાન સામે થોડો સંઘર્ષ કરવો પડશે એવું મનાતું હતું, પણ એવું નહોતું થયું અને ભારતીય ટીમે આસાનીથી વિજય મેળવી લીધો હતો. અશ્વિની અને મીનુ ભારતની બે સ્ટાર પ્લેયર હતી અને ભારતે 'ટચ પૉઇન્ટ' દ્વારા ૫૦ પૉઇન્ટ મેળવી લીધા હતા.

# ચૅમ્પિયન્સ ટ્રોફી માટે ટીમની જાહેરાતમાં આટલો બધો વિલંબ શા માટે?: સિદ્ધુનો સવાલ

## ઈજાગ્રસ્ત બુમરાહ રમી શકશે કે નહીં એ નક્કી ન હોવાથી ટીમ હજી જાહેર નથી કરાઈ?

નવી દિલ્હીઃ આગામી ૧૯મી ફેબ્રુઆરીએ પાકિસ્તાનમાં શરૂ થનારી વન-ડેની ચૅમ્પિયન્સ ટ્રોફી માટે કુલ આઠમાંથી છ દેશે ટીમ જાહેર કરી દીધી છે, પણ ભારતે જાહેર નથી કરી એ સંબંધમાં ભૂતપૂર્વ ભારતીય ઓપનર નવજોત સિંહ સિદ્ધુએ બીસીસીઆઇને નિશાન બનાવી છે.

ભારતની જેમ પાકિસ્તાને પણ હજી ટીમ જાહેર નથી કરી. બાકીના છ દેશો ૧૫ ખેલાડીની ટીમ જાહેર કરી ચૂક્યા છે. આ ટૂર્નામેન્ટ પાકિસ્તાનમાં રમાશે, પરંતુ ભારતની મૅચો દુબઈમાં રમાશે. સ્પર્ધાની શરૂઆત ૧૯મી ફેબ્રુઆરીએ પાકિસ્તાન અને ન્યૂ ઝીલૅન્ડ વચ્ચેની મૅચથી થશે, જ્યારે ભારતનો પહેલો મુકાબલો ૨૦મી ફેબ્રુઆરીએ બાંગ્લાદેશ સામે થશે.

નવજોત સિદ્ધુએ ભારતીય ટીમની જાહેરાતમાં થયેલા વિલંબ બાબતમાં સોશિયલ મીડિયા પર ચિંતા વ્યક્ત કરી છે. તેણે 'એક્સ' પર જણાવ્યું છે કે 'આઇસીસીના પચીસ વર્ષના ઇતિહાસમાં પહેલી વાર ચૅમ્પિયન્સ ટ્રોફી માટેની ભારતીય ટીમની જાહેરાતમાં વિલંબ થયો છે. ૧૨ જાન્યુઆરીની નિર્ધારિત તારીખ જતી રહી છે. સ્વાભાવિક છે કે ખેલાડીઓના મનમાં મૂંઝવણ થઈ હશે. ભારતની દોઢ અબજ જનતા ટીમની ઘોષણાની કાગડોળે રાહ જુએ છે.'

સિદ્ધુએ બુમરાહ વિશે લખ્યું છે કે 'બધાની નજર બુમરાહ પર છે. તેનું માત્ર નામ હાલમાં ભારતીય ટીમની ઊંચાઈ દર્શાવે છે અને તેની પ્રતિભાની આખી દુનિયામાં વાહ-વાહ થઈ રહી છે. બુમરાહની પીઠની ઈજા કેટલી ગંભીર છે એ મુદ્દે જ કદાચ એના પર ટીમની જાહેરાત અટકી છે. આ દિગ્ગજના ખભા પર આખા દેશની આશા નભે છે. ક્રિકેટ જગત બુમરાહની ફિટનેસ અને તેની વિજયી-વાપસીની રાહ જુએ છે.'

# કોહલી-અનુષ્કાની અલીબાગની વિલામાં વાસ્તુવિધિ માટે દોડધામ!

મુંબઈઃ વિરાટ કોહલી અને પત્ની અનુષ્કા ચાર દિવસ પહેલાં અલીબાગ જવા ગેટવે ઓફ ઇન્ડિયા ખાતે ફેરીની લાઈનમાં ઊભેલાં જોવા મળ્યાં ત્યાર બાદ મુંબઈ પાછા આવ્યા બાદ ફરી અલીબાગ જઈ રહેલા ગેટવે પાસે જોવા મળ્યાં હતાં. તેમણે આ દોડધામ પોતાના આલીશાન બંગલામાં વાસ્તુની વિધિ માટે કરી હોવાનું મનાય છે.

તેમની આ બૅક-ટુ-બૅક વિઝિટને પગલે તેમના ઘણા ચાહકોને તેમના બંગલા વિશે જાણવાની આતુરતા થઈ હશે.

કોહલી ઘણા મહિનાથી ફૉર્મમાં નથી અને ઑસ્ટ્રેલિયાના નિષ્ફળ પ્રવાસ બાદ તે મન હળવું કરવા માટે જ અનુષ્કા સાથે અલીબાગ ગયો હોવાનું મનાય છે.

કોહલીનો અલીબાગ ખાતેનો બંગલો કુલ ૧૦,૦૦૦ સ્કવેર ફૂટ પ્લૉટ પર બનેલો છે. તે ઍક્ટ્રેસ-પત્ની અનુષ્કા સાથે બે દિવસ માટે અલીબાગ ગયો હતો.

કોહલીના આ વિલામાં ચાર બેડરૂમ છે. આ બંગલો બનાવવામાં પ્રિસ્ટાઇન સ્ટોન, ઇટાલિયન માર્બલ અને ટર્કી લાઇમસ્ટોન સહિત કીમતી માલ-સામાનનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

એક વર્ષ પહેલાં કોહલીએ આ બંગલામાં એન્ટ્રી કરી હતી. આ વિલા ૩૨ કરોડ રૂપિયાની કિંમતે બનેલું છે. એની ડિઝાઇન સેલિબ્રિટી ઇન્ટિરિયર ડિઝાઇનર સુઝેન ખાને તૈયાર કરી છે. વિલાનો વિસ્તાર ૨,૦૦૦ સ્ક્વેર ફૂટ છે જેમાં વિરાટે છ કરોડ રૂપિયાનો ખર્ચ કર્યો છે.

વિલાના દરેક રૂમમાં છત ખૂબ ઊંચી બનાવવામાં આવી છે કે જેથી દરેક રૂમમાં ભરપૂર કુદરતી પ્રકાશ અને હવા આવે છે.

કોહલીના આ વિલાના રીતે ઊંચી હોય એના કરતાં બમણી ઊંચી બનાવવામાં આવી છે. કોહલીના મતે છત ખૂબ ઊંચી હોય તો વધુ કુદરતી પ્રકાશ અને વધુ ઊર્જા ઘરમાં આવે. મને એવું હૉલિડે-હોમ ગમે કે 'જ્યાં પ્રવેશ કરતા જ ખૂબ જ રાહત અને આનંદની અનુભૂતિ થાય. મારું હૉલિડે-હોમ એવું હોવું જોઈએ જ્યાં મને મારા રેગ્યુલર હોમ જેવો જ અનુભવ થાય. મારું આ નવું હોમ અસ્સલ એવું જ છે.'

કોહલીનો ગુરુગ્રામમાં પણ આલીશાન બંગલો છે તેમ જ મુંબઈમાં સી-ફેસિંગ પ્રોપર્ટી છે. મુંબઈ, પુણે, કલકત્તા અને દિલ્હીમાં કોહલીની વન-૮ કૉમ્યુન નામની રેસ્ટોરાં છે.

## સિટી ન્યૂઝ

# બૅન્કની શાખામાં જ બેસીને બોગસ અધિકારીઓનો ઠગાઈનો કારભાર

## ગ્રાહકોને બનાવટી ઈન્શ્યોરન્સ પૉલિસી વેચ્યાની શક્યતાઃ બે સામે ગુનો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ બનાવટી આઈ કાર્ડની મદદથી બૅન્કના અધિકારી હોવાનો દાવો કરી પ્રતિષ્ઠિત ખાનગી બૅન્કની શાખામાં બેસીને જ છેતરવાનો કારભાર ચલાવનારા બે જણ વિરુદ્ધ પોલીસે ગુનો નોંધ્યો હતો. આશ્ચર્યની વાત એટલે આ બોગસ અધિકારીઓ કર્મચારીઓની નિયુક્તિ કરી તેમને બે મહિનાનો પગાર સુધ્ધાં ચૂકવ્યો હતો. આરોપીઓએ ગ્રાહકોને છેતરીને બનાવટી ઈન્શ્યોરન્સ પૉલિસી વેચી હોવાની શક્યતાને પગલે પોલીસે તપાસ હાથ ધરી હતી.

ખાનગી બૅન્કની અંધેરી પૂર્વમાં આવેલી શાખાના બ્રાન્ચ મૅનેજરે નોંધાવેલી ફરિયાદને આધારે એમઆઈડીસી પોલીસે ગૌરવ શાહ અને તેની સાથી કોમલ કદમ વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. ગૌરવ શાહ બૅન્કના ઈન્શ્યોરન્સ ડિપાર્ટમેન્ટનો ભૂતપૂર્વ કર્મચારી હતો. તેણે ૨૦૨૨માં નોકરીમાંથી રાજીનામું આપ્યું હતું.

પોલીસ ફરિયાદ અનુસાર એપ્રિલ, ૨૦૨૪માં શાહ બૅન્કની અંધેરી શાખામાં આવ્યો હતો અને ફરિયાદીને તેનું આઈ કાર્ડ દેખાડ્યું હતું. બૅન્કની ઈન્શ્યોરન્સ પૉલિસી સંદર્ભે કામ હોવાનું જણાવી બે મહિના તેની સાથી કોમલ કદમ સાથે બૅન્કમાં બેસીને કામકાજ પણ કર્યું હતું. આ દરમિયાન તેણે બે કર્મચારીની બૅન્કના કર્મચારી તરીકે નિયુક્તિ કરી હતી અને તે અંગેના બોગસ એપાઈન્ટમેન્ટ લેટર આપ્યા હતા.

જગ્યાની અછતને પગલે જુલાઈ, ૨૦૨૪ પછી બન્ને અધિકારી બીજી શાખામાં કામકાજ માટે ગયા હતા. કામકાજ માટે આરોપીઓએ વ્હૉટ્સઍપ ગ્રૂપ બનાવ્યાં હતાં, જેમાં અનેક લોકોને જોડ્યા હતા. આ ગ્રૂપ બૅન્કના વરિષ્ઠ અધિકારીઓના નામે ચલાવવામાં આવતું હતું.

ડિસેમ્બર, ૨૦૨૪માં એક કર્મચારીએ રાજીનામું આપતાં શાહે બે મહિનાનો પગાર બૅન્કને ચૂકવવો પડશે, એવું કહ્યું હતું. પરિણામે કર્મચારી આ અંગે પૂછપરછ કરવા ફરિયાદી બ્રાન્ચ મૅનેજર પાસે ગયો હતો. તપાસ દરમિયાન ફરિયાદીને જાણવા મળ્યું હતું કે ગૌરવ શાહ અને કોમલ કદમ નામના કોઈ કર્મચારી કે અધિકારી બૅન્કમાં કાર્યરત નથી. આખરે ફરિયાદીએ પોલીસનો સંપર્ક સાધ્યો હતો.

# તલાસરીમાં મહાલક્ષ્મી મંદિરનાં પગથિયાં પર હાર્ટ અટેક, જીવ ગયો

પાલઘરઃ મહારાષ્ટ્રના પાલઘર જિલ્લાના તલાસરી સ્થિત મહાલક્ષ્મી મંદિરના પગથિયાં પરથી નીચે ઉતરતી વખતે ૨૫ વર્ષની એક વ્યક્તિનું મૃત્યુ થયું હતું. સ્થાનિક રહેવાસી મિલન ડોમ્બ્રે મંગળવારે ૯૦૦ પગથિયાં ચઢીને અને દેવીના 'દર્શન' કરીને પરત ફરી રહ્યો હતો ત્યારે અચાનક પડી ગયો હોવાનું તેના પરિવારના સભ્યોએ જણાવ્યું હતું. તેને તાત્કાલિક કાસા ગ્રામીણ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો ત્યારે ડોક્ટરોએ તેને મૃત જાહેર કર્યો હતો. મિલનને હાર્ટ એટેક આવ્યો હોવાની શંકા પરિવારના સભ્યોએ વ્યક્ત કરી હતી. (પીટીઆઈ)

# માનખુર્દમાં ચાકુની ધાકે મહિલા પર બળાત્કારઃ ટીનેજર પકડાયો

મુંબઈઃ માનખુર્દ વિસ્તારમાં ઘરમાં ઘૂસીને ચાકુની ધાકે ૨૭ વર્ષની મહિલા પર બળાત્કાર ગુજારવા પ્રકરણે ટીનેજરને પકડી પાડવામાં આવ્યો હતો. સંતાનોને મારી નાખવાની ધમકી આપીને તેમની નજર સામે મહિલાના હાથ બાંધી ટીનેજરે તેની સાથે દુષ્કર્મ આચર્યું હતું.

પોલીસના જણાવ્યા અનુસાર સોમવારે બપોરના ૪.૩૦ વાગ્યાની આસપાસ આ ઘટના બની હતી. પીડિતાનો પતિ કામે ગયો હતો, જ્યારે બપોરે તે ઘરની બહાર બેઠી હતી અને તેના સંતાનો ઘરમાં હતા. ટીનેજર એ સમયે મહિલાની હિલચાલ પર નજર રાખી રહ્યો હતો.

પીડિતા ઘરમાં ગઇ ત્યારે ટીનેજર તેની પાછળ ઘરમાં ઘૂસ્યો હતો. તેણે અંદરથી દરવાજો બંધ કરી દીધો હતો અને રસોડામાંથી ચાકુ લાવી પીડિતાને ધમકાવી હતી. હું જેમ કહું તેમ કર નહીં તો તારાં સંતાનને મારી નાખીશ, એવી ધમકી તેણે પીડિતાને ધમકી આપી હતી.

તેણે બાદમાં ચાકુની ધાકે પીડિતાના હાથ બાંધી દીધા હતા અને ગળું દબાવી તેના પર બળાત્કાર ગુજાર્યો હતો. ત્યાર બાદ બહારથી દરવાજો બંધ કરી તે ભાગી છૂટ્યો હતો.

દરમિયાન પીડિતાએ મદદ માટે બૂમાબૂમ કરતાં પડોશીઓ દોડી આવ્યા હતા અને દરવાજો ખોલ્યો હતો. ત્યાર બાદ ઘટનાની જાણ પીડિતાને પતિને કરવામાં આવી હતી.

# વાલ્મિક કરાડને એસઆઈટીની ૭ દિવસની કસ્ટડી

છત્રપતિ સંભાજીનગરઃ મહારાષ્ટ્રના બીડ શહેરની મહારાષ્ટ્ર કંટ્રોલ ઓફ ઓર્ગેનાઇઝ્ડ ક્રાઇમ એક્ટ (એમસીઓસીએ) માટેની એક વિશેષ અદાલતે બુધવારે એનસીપીના પ્રધાન ધનંજય મુંડેના સહયોગી મનાતા વાલ્મિક કરાડને મસ્સાજોગના સરપંચ સંતોષ દેશમુખની હત્યાના કેસમાં સાત દિવસની પોલીસ કસ્ટડીમાં મોકલ્યો છે. મહારાષ્ટ્ર પોલીસની સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન ટીમે દસ દિવસની કસ્ટડી માગી હતી. વાલ્મિક કરાડ પર મંગળવારે આકરા એમસીઓસીએ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો અને ૧૪ દિવસની અદાલતી કસ્ટડીમાં મોકલવામાં આવ્યો હતો. ત્યારબાદ, પોલીસે તેમની કસ્ટડી માટે ખાસ એમસીઓસીએ કોર્ટનો સંપર્ક કર્યો હતો. બુધવારે બપોરે બીડની ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો અને ૨૨ જાન્યુઆરી સુધી એસઆઈટીની કસ્ટડીમાં મોકલવામાં આવ્યો હતો. બીડ જિલ્લાના મસ્સાજોગ ગામના સરપંચ સંતોષ દેશમુખનું નવમી ડિસેમ્બરે અપહરણ અને હત્યા કરવામાં આવી હતી. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે દેશમુખે આ વિસ્તારમાં પવનચક્કી પ્રોજેક્ટ ચલાવતી ઊર્જા કંપની પાસેથી ખંડણી વસૂલવાના પ્રયાસનો પ્રતિકાર કરવાનો પ્રયાસ કર્યો હતો. સરપંચની હત્યા સંબંધિત ખંડણીના કેસમાં ધરપકડ કરવામાં આવેલા વાલ્મિક કરાડને બીડની કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો ત્યારે તેમના સમર્થકોએ સતત બીજા દિવસે તેમની મુક્તિ માટે આંદોલન ચાલુ રાખ્યું હતું. કેટલાક સમર્થકો મોબાઈલ ફોનના ટાવર પર અને પાણીની ટાંકી પર ચડી ગયા હતા (પીટીઆઈ)

# મેલીવિદ્યાથી બીમારીનો ઈલાજ કરવાને નામે મહિલા સાથે દુષ્કર્મ કરનારો પકડાયો

## મહિલાની બન્ને પુત્રીને મધરાતે જંગલમાં નિર્વસ્ત્ર કર્યા બાદ અયોગ્ય સ્પર્શ કર્યાનો પણ આરોપ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આરે કોલોનીના જંગલમાં મેલીવિદ્યાથી બીમારીનો ઇલાજ કરવાને બહાને મહિલા સાથે કથિત દુષ્કર્મ કરનારા ઢોંગી બાબાની પોલીસે ધરપકડ કરી હતી. શારીરિક સંબંધનો વિરોધ કરનારી મહિલાના કુટુંબીજનોને તંત્ર-મંત્રથી મોતને ઘાટ ઉતારવાની ધમકી આપનારા આરોપીએ મહિલાની બન્ને પુત્રીને મધરાતે જંગલમાં નિર્વસ્ત્ર કરી અયોગ્ય સ્પર્શ કર્યાનું પણ ફરિયાદમાં જણાવાયું હતું.

આરે પોલીસે પકડી પાડેલા આરોપીની ઓળખ રાજારામ યાદવ (૪૩) તરીકે થઈ હતી. ગોરેગામ પૂર્વમાં આરે કોલોનીમાં રહેતી ૩૭ વર્ષની મહિલાએ મંગળવારે નોંધાવેલી ફરિયાદને આધારે પોલીસે ગુનો નોંધ્યો હતો. પોલીસ ફરિયાદ અનુસાર મહિલા અને તેના પતિનું સ્વાસ્થ્ય નબળું રહેતું હતું. ઓળખીતી વ્યક્તિની સલાહથી મહિલા સારવાર માટે યાદવને મળી હતી. યાદવે જાદુટોણા અને તંત્ર-મંત્રથી ઇલાજ કરવાને બહાને મહિલાને શારીરિક સંબંધ બાંધવા મજબૂર કરી હતી. મહિલાની ઇચ્છા વિરુદ્ધ આરોપીએ તેની સાથે શારીરિક સંબંધ બાંધ્યો હતો.

ત્રણેક દિવસ અગાઉ આરોપીએ એક વિધિને બહાને ફરિયાદીની બન્ને દીકરીને મધરાતે જંગલ પરિસરમાં બોલાવી હતી. જંગલમાં બન્નેને નિર્વસ્ત્ર કરીને મંત્રજાપને બહાને અયોગ્ય સ્પર્શ કર્યા હતા. આખરે યાદવ ઢોંગી બાબા હોવાની ખાતરી થતાં ફરિયાદીએ પોલીસનો સંપર્ક સાધ્યો હતો.

# મ્હાડાની ચાર હજાર ઘરની લૉટરી, તબક્કાવાર પૈસા ભરી શકાશે

મુંબઈઃ મુંબઈમાં વધતી જતી ઘરોની માગણીની પાર્શ્વભૂમિ પર મ્હાડા હવે બાંધકામ થઇ રહ્યું હોય એવા હાઉસિંગ પ્રોજેક્ટમાં અંદાજે ત્રણથી ચાર હજાર ઘરોની લોટરી કાઢવાનું છે. તે અનુસાર આગામી વર્ષ-દોઢ વર્ષમાં કયા પ્રોજેક્ટ પૂરા થવાના છે તેનું નિરીક્ષણ કરવાનું કામ ચાલી રહ્યું છે. આથી ઘરની ખરીદીની પ્રતિક્ષા જે મુંબઈગરાને છે તેઓને થોડી રાહત મળશે. બાંધકામ ચાલી રહ્યું હોય ત્યાં જ લોટરી કાઢીને આગળની પ્રક્રિયા શરૂ કરવામાં આવશે અને વિજેતાઓ તબક્કા વાર ઘરના પૈસા ભરી શકશે.

મુંબઈ સહિત એમએમઆર ક્ષેત્રમાં ઘરોના ભાવ સામાન્ય લોકોના ગજા બહારની વાત થઇ ગઇ છે. આને કારણે મુંબઈમાં હકનું ઘર મળે, એ માટે દરેકને મ્હાડાના મુંબઈ બોર્ડે ૨૦૨૪માં ૨૦૨૦ના ઘરનાં વેચાણ માટે કાઢેલી લોટરીને ૧.૧૩ લાખ અરજી આવી હતી, એટલે કે એક ઘર માટે પંચાવન હજાર એન્ટ્રીઓની સ્પર્ધા હતી. તેની દખલ લઇને મ્હાડાએ નવા વર્ષમાં ફરી લોટરી કાઢવાની હિલચાલ શરૂ કરી છે. મુંબઈમાં હાલ મ્હાડા પાસે તૈયાર ઘરની કે પછી ઓસી પ્રાપ્ત થયાં હોય એવાં ઘરોની સંખ્યા ઓછી છે. આથી જ બાંધકામ ચાલતું હોય એવા પ્રોજેક્ટમાંથી જ ઘરોની લોટરી કાઢવાનું આયોજન ચાલી રહ્યું હોવાની માહિતી મ્હાડાના અધિકારીએ આપી હતી.

# કોસ્ટલ રોડ પરનાં હૉર્ડિંગ્સ સામે સતત વધી રહ્યો છે વિરોધ

## દક્ષિણ મુંબઈના રહેવાસીઓએ શરૂ કરી ઓનલાઈન પિટિશન

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃબ્રીચ કેન્ડી અને નેપિયન સી રોડના રહેવાસીઓ દ્વારા મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને કેબિનેટ પ્રધાનને પત્ર લખીને કોસ્ટલ રોડ પર જાહેરાત માટે હૉર્ડિંગ્સ લગાડવા માટે મહારાષ્ટ્ર કોસ્ટલ ઝોન મેનેજમેન્ટ ઓથોરિટી (એમસીઝેડએમએ) દ્વારા આપવામાં આવેલી મંજૂરીને રદ કરવાની વિનંતી કરવામાં આવી છે.

બ્રીચ કેન્ડી અને નેપિયન સી રોડના રહેવાસીઓના દાવા મુજબ આ હૉર્ડિંગ્સ કોસ્ટલ રોડના બાંધકામ માટે તો જોખમી બની શકે છે પણ સાથે જ સૌંદર્યને પણ નુકસાન પહોંચાડી શકે છે અને તેને લગતી ચિંતા વ્યક્ત કરીને જ તેઓએ ઓનલાઈન અરજી પણ દાખલ કરી છે. તેમના કહેવા મુજબ આ પગલું સરકારના સિદ્ધાંતોની વિરુદ્ધ, પર્યાવરણીય કાયદાઓ અને જાહેર સલામતીના નિયમોનું ઉલ્લંઘન કરનારું છે. જોકે દક્ષિણ મુંબઈના રહેવાસીઓએ આ નિર્ણયનો આકરો વિરોધ કર્યો છે અને એક ઓનલાઈન અરજી પણ દાખલ કરી છે. એક જ દિવસની અંદર ૯૨૫ સ્થાનિક રહેવાસીઓએ તેની સામે વિરોધ પણ નોંધાવી દીધો છે. સ્થાનિક રહેવાસી રાજેશ દહિયા દ્વારા ઓનલાઈન અરજી કરવામાં આવી છે, જેમાં લખવામાં આવ્યું છે કે 'અમને કોસ્ટલ રોડ પર કોઈ જાહેરાત, હૉર્ડિંગ્સની જરૂર નથી.'

# લાડકી

કથા કોલાજ
કાજલ ઓઝા-વૈદ્ય
feedback.ladki@
bombaysamachar.com



## ભારતમાં આગમન
# થિયોસોફિકલ સોસાયટી સાથે અનુસંધાન

(ભાગ: ૩)
**નામ: ડો. એની બેસેન્ટ**
સમય: ૨૦ સપ્ટેમ્બર, ૧૯૩૩
સ્થળ: વારાણસી
ઉંમર: ૮૬ વર્ષ

જગતના કોઈ સત્તાધીશોથી એમનો વિરોધ સહન થતો નથી, આ તો અંગ્રેજ સરકાર હતી!ભારત, દક્ષિણ આફ્રિકાનો મોટો ભાગ અને ઈજિપ્ત, કેન્યા, નાઈજીરિયા, (આજે જે કેનેડા તરીકે ઓળખાય છે) બ્રિટિશ નોર્થ અમેરિકા, કેરેબિયનનો કેટલોક ભાગ અને વેસ્ટઈન્ડિઝના દેશો ઉપર રાજ કરતા આ અંગ્રેજોનો સૂર્ય કદી આથમતો નથી એમ કહેવાતું, કારણ કે એમની સત્તાના એક દેશમાં સૂર્ય આથમે ત્યારે બીજા દેશમાં સૂર્યોદયનો સમય થઈ જતો! ક્વીન વિક્ટોરિયાની સત્તાલાલસા અને અંગ્રેજ અધિકારીઓની ગેરરીતિ તથા સત્તાલાલસા સામે એક અંગ્રેજ નાગરિક તરીકે અવાજ ઉઠાવવાની હિંમત મારે ચૂકવવી પડી. મને જેલમાં નાખવાની ધમકી આપવામાં આવી, પરંતુ હું ડરું એવી નહોતી. સરકારને લાગ્યું કે મને જો જેલમાં નાખશે તો મારા સહકાર્યકરો અને ટેકેદારો ઈંગ્લેન્ડમાં બળવો કરશે, એટલે મને ચૂપકીદીથી ઈંગ્લેન્ડ છોડી દેવાનો આદેશ આપવામાં આવ્યો.




એ ગાળામાં જ્યારે સરકાર મને સતાવી રહી હતી ત્યારે વિલિયમ સ્ટીડ ફરી એકવાર મારી મદદે આવ્યા. અમે બંનેએ સાથે મળીને એક અખબારની શરૂઆત કરી જેનું નામ હતું, 'લિન્ક'. એ અખબારનો ઉદ્દેશ હતો કે, જે બોલી નથી શકતા એની વકીલાત કરવી, જે નિર્બળ છે એમની સાથે ઊભા રહેવું અને જેમના પર અત્યાચાર થાય છે એમને માટે લડવું... લિન્કમાં અન્યાય, અત્યાચારનો વિરોધ કરવામાં આવતો, એવા પ્રસંગોને લોકો સમક્ષ મૂકવામાં આવતા, અખબાર ખૂબ પ્રસિદ્ધ થયું, પરંતુ એ પછી આર્થિક મદદના અભાવે અખબાર ચાલી શક્યું નહીં. વિલિયમ સ્ટીડની ઓળખાણોમાં જેણે જેણે મદદ કરી એ સહુ ઉપર સરકારની તવાઈ બોલી અને સહુએ સમય જતાં મદદ પાછી ખેંચી લીધી. અંતે, અખબાર બંધ કરવાનો વારો આવ્યો ત્યારે મેં પેમ્ફલેટ લખવાના શરૂ કર્યાં. એ પેમ્ફલેટો હું જાતે રસ્તા પર ઊભી રહીને વહેંચતી. પોલીસ અધિકારીઓ ત્યાં આવીને ઊભા રહેતા, મારા પર નજર રાખતા. પસાર થતાં લોકો સરકાર અને અધિકારીઓના ડરથી પેમ્ફલેટ લેતા નહીં, પરંતુ દુકાનોમાં કે પીઠામાં, રેસ્ટોરન્ટમાં અને નાના કરિયાણાની દુકાનોમાં મૂકેલા પેમ્ફલેટ ચૂપચાપ લઈ લેતા... મને સમજાઈ ગયું કે, સહુને સત્ય જાણવામાં રસ છે, પરંતુ સત્યની મદદ કરવા માટે કોઈ આગળ નહીં આવે. હું હિંમત હાર્યા વગર મારું કામ કરતી રહી.

એ વખતે ચાર્લ્સ બ્રાડલેગ એક એવા નેતા હતા જે મારી જેમ સરકાર વિરોધી વિચારોને ડર્યા વગર પ્રગટ કરતા હતા. એમના અખબારનું નામ 'નેશનલ રિફોર્મર' હતું. એમણે મને એમના અખબારમાં જોડાવા માટે નિમંત્રણ આપ્યું. એ 'સેક્યુલર સોસાયટી' નામની એક સંસ્થા ચલાવતા હતા. આ સંસ્થામાં એમણે મને સેક્રેટરી બનાવી અને સ્ત્રીઓ વિષયક મુદ્દા સંભાળી લેવાની વિનંતી કરી. ૧૮૭૪માં પહેલીવાર લોકોની સામે ઊભા રહીને 'ધ પોલિટિકલ સ્ટેટ્સ ઓફ વિમેન'ના વિષય પર મેં ભાષણ આપ્યું. લગાતાર તાળીઓ ગૂંજતી રહી અને ચાર્લ્સ બ્રેડલેગે મને અન્ય ભાષણો માટે નિમંત્રિત કરી. આ ભાષણો માટે પ્રવાસ કરતી વખતે મને છાતીમાં દુઃખાવો થયો. અમે ડોક્ટરને મળ્યા ત્યારે ડોક્ટરે કહ્યું કે, 'એમના ફેફસાં નાજુક છે. ભાષણ કરતી વખતે કાં તો એમનું મૃત્યુ થશે અને કાં તો ઊંડા શ્વાસ લેતાં લેતાં એમના ફેફસાં ખૂલી જશે.' સમાજને અને શોષિત લોકોને મારી જરૂર હશે માટે ભાષણોનો પ્રભાવ અનુકૂળ રહ્યો. મારા ફેફસાં ખૂલી ગયા અને રોગ મટી ગયો. હવે, માત્ર ઈંગ્લેન્ડમાં જ નહીં, ઈંગ્લેન્ડની બહાર પણ મને ભાષણ માટે નિમંત્રિત કરવા લાગ્યા. મારા વિચારો સહુને ગમતા, લોકો મારી સાથે સહમત થતા અને સમાજમાં એક એવી લહેર ઊભી થઈ જેને કારણે ઈંગ્લેન્ડમાં પણ ભારત ઉપર થઈ રહેલા અત્યાચાર વિરુદ્ધ અવાજ ઉઠાવનારા થોડાક લોકો એકઠા થઈ શક્યા.

ક્રિશ્ચિયાનિટીમાં મને આસ્થા નહોતી, પરંતુ ધર્મ અને આધ્યાત્મ મારા રસના વિષયો હતા. મને લાગતું હતું કે, શરીરની સાથે સાથે આત્મા પણ આઝાદ થવો જોઈએ. ધર્મની જગ્યાએ વિજ્ઞાન અને સ્વર્ગના સ્થાન પર ધરતી પર જીવતા લોકોનું સુખ, ભયની જગ્યાએ પ્રેમ હોવો જોઈએ. સૌની નૈતિકતા તર્ક અને અનુભવ પર આધારિત હોવી જોઈએ. જગત સામાન્ય માણસનું હોવું જોઈએ અને આઝાદીમાં સ્ત્રી કે પુરુષનો ભેદ ન હોવો જોઈએ... મારા આ વિચારો સાથે મને 'થિયોસોફી'ની ઓળખાણ થઈ. એ એક એવો વિચાર છે જેમાં તમામ ધર્મોની સારી વાતોને સમાવી લેવામાં આવી છે.

થિયોસોફી એ ૧૯મી સદીના અંતમાં યુનાઇટેડ સ્ટેટ્સમાં સ્થાપિત ધાર્મિક અને દાર્શનિક પ્રણાલી છે. મુખ્યત્વે રશિયન હેલેના બ્લેવાત્સ્કી દ્વારા સ્થપાયેલ, અને મોટાભાગે તેમનાં લખાણો પર આધારિત, તે નિયોપ્લેટોનિઝમ અને ભારતીય ધર્મો જેમ કે હિંદુ અને બૌદ્ધ ધર્મ એમ બંને જૂના યુરોપિયન ફિલસૂફીમાંથી ભારે આકર્ષણ ધરાવે છે. જોકે, ઘણા અનુયાયીઓ એવું માને છે કે થિયોસોફી એ ધર્મ નથી, તેને ધાર્મિક વિદ્વાનો દ્વારા પશ્ચિમી વિશિષ્ટતાની અંદરથી એક નવી ધાર્મિક ચળવળ અને ગુપ્તવાદના સ્વરૂપ બંને તરીકે વર્ગીકૃત કરવામાં આવે છે.

થિયોસોફીની સ્થાપના ૧૮૭૫માં બ્લેવાત્સ્કી અને અમેરિકનો હેનરી ઓલકોટ અને વિલિયમ ક્વાન જજ દ્વારા થિયોસોફિકલ સોસાયટીની સ્થાપના સાથે ન્યૂયોર્ક શહેરમાં કરવામાં આવી હતી. ૧૮૮૦ના દાયકાની શરૂઆતમાં, બ્લેવાત્સ્કી અને ઓલકોટ ભારતમાં સ્થળાંતર થયા, જ્યાં તેઓએ અદ્યાર, તમિલનાડુ ખાતે સોસાયટીના મુખ્ય મથકની સ્થાપના કરી. બ્લેવાત્સ્કીએ તેના વિચારોનું વર્ણન બે પુસ્તકો, ઈતશાત અનવેલ્ડ અને ધ સિક્રેટ ડોક્ટ્રિનમાં કર્યું, જે થિયોસોફીના મુખ્ય ગ્રંથો બન્યા.થિયોસોફી એ ''સકારાત્મક ધર્મ'' છે સ્યુડોસાયન્સ પર આધારિત દેખીતી રીતે તાર્કિક ધર્મશાસ્ત્ર પ્રદાન કરે છે. થિયોસોફિકલ સોસાયટીમાં જોડાઈને મને જીવનનું સાચું જ્ઞાન મળ્યું. મને સમજાયું કે, ધર્મ કોઈ મુઠ્ઠીભર લોકોનો ઈજારો નથી, બલ્કે ધર્મ એ નિરપેક્ષતા સાથે જોડાયેલી એક જીવન જીવવાની સાચી રીત છે.

જીવનના પાંચ દાયકા જેટલો સમય મેં વારાણસીમાં વિતાવ્યો છે. હવે વિચારું તો સમજાય કે, ભારત જ મારું ઘર છે. ઈંગ્લેન્ડમાં તો હું જીવનના શરૂઆતના થોડાં વર્ષ રહી, મારું શેષ જીવન ભારતમાં જ વીત્યું. હું આત્માથી ભારતીય છું. ભારતીય પરંપરા, વેદો, પુરાણોનું જ્ઞાન અને ભારતીય દર્શન શાસ્ત્ર સાથે મને ઊંડો લગાવ છે. હું માનું છું કે, ભારતના યુવાનોને જો ધર્મનું સાચું જ્ઞાન આપવામાં આવે તો આ દેશનો વિકાસ જુદી રીતે થઈ શકે. આજના સમયમાં યુવાનોને જ્ઞાન નહીં, બલ્કે પૈસા અને અંધશ્રદ્ધા તરફ ધકેલવામાં આવે છે. જે યુવાનો યોગ્ય સમયે પોતાના ઉદ્દેશને શોધી લે છે એ જીવનમાં સફળ અને સુખી થઈ શકે છે. આ વિચાર સાથે જ મેં ભારતમાં આવીને એક શાળાની સ્થાપના કરી. જેના પર ઉદારવાદી હિન્દુ સંસ્કૃતિનો પ્રભાવ હતો. મારી ઈચ્છા હતી કે, પુરાતન શિક્ષણ પ્રણાલિને ફરી પુનઃપ્રસ્થાપિત કરવી જોઈએ.

ભારતમાં એક સમય હતો જ્યારે રાજા-મહારાજાઓ વિશ્વ વિદ્યાલય અને શિક્ષણ સંસ્થાનો ઊભા કરતા હતા. એમના અનુદાન પર ચાલતી સંસ્થાનોમાં પણ રાજા-મહારાજા દખલ ન કરતા કારણ કે, ત્યાંના શિક્ષકો જ સર્વેસર્વા હતા. બદલાતાં સમય સાથે શિક્ષકોનું મહત્ત્વ ઘટતું ગયું અને અનુદાન આપનારા, શિક્ષણ સંસ્થા ઊભી કરનારા લોકો પોતાનું મહત્ત્વ પ્રસ્થાપિત કરવા લાગ્યા. એને કારણે ભારતીય શિક્ષણ પ્રણાલી અને ભારતીય યુવા ઉપર ખૂબ ખરાબ અસર પડી. શાળામાં ભણતા કે શિક્ષણ સંસ્થાનમાં ભણતા યુવાનને એવું લાગવા માંડ્યું કે, એમના શિક્ષક કરતાં એ લોકો વધુ મહત્ત્વના છે જેમણે આ શિક્ષણ સંસ્થા માટે પૈસા આપ્યા છે, એથી શિક્ષણનું મહત્ત્વ ઓછું અને પૈસાનું મહત્ત્વ વધુ છે આ વાત અજાણતાં જ યુવા માનસમાં ઘર કરી ગઈ છે. મારે આ વિચારને બદલવો છે. હું ઈચ્છું છું કે, ભારતની પુરાણી પરંપરા ફરી એકવાર જાગૃત થાય. અધ્યાત્મ અને શિક્ષણનું મહત્ત્વ યુવા પેઢી સુધી પહોંચે.

આજે વારાણસીમાં જે શાળા મેં શરૂ કરી એ પછી અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટી અને બનારસ હિન્દુ યુનિવર્સિટીની સ્થાપના થઈ. સત્ય તો એ છે કે, શિક્ષણને ધર્મ સાથે કોઈ સંબંધ ન હોવો જોઈએ. ધર્મનું શિક્ષણ આવશ્યક છે, પરંતુ શિક્ષણ સાથે ધર્મને જોડનારા લોકો એક કટ્ટરપંથી સમાજનું નિર્માણ કરે છે. મેં મારા આ વિચારો ભારત પહોંચતાની સાથે રજૂ કરવાનું સાહસ કર્યું, જેનાથી અહીં પોતાના પગ ફેલાવીને બેઠેલી અંગ્રેજ સરકાર મારાથી નારાજ થઈ.

એમને માટે તો એ જ પ્રશ્ન ફરી ઊભો થયો, મેં ઈંગ્લેન્ડમાં રહીને પણ એમનો વિરોધ કર્યો અને ભારત પહોંચીને પણ મેં અંગ્રેજ સરકારની નીતિઓ સામે અવાજ ઊઠાવવાનો ચાલુ રાખ્યો.

એ સમયમાં મને કલ્પના નહોતી કે, હું ભારતની રાજનીતિને એક મહત્ત્વનો હિસ્સો બનીશ... નેશનલ કોંગ્રેસની સદસ્ય અને અંતે કોંગ્રેસની અધ્યક્ષ બનવાનું સન્માન પણ મને પ્રાપ્ત થશે. એક અંગ્રેજ તરીકે ભારતીય જનતાએ આપેલું આ સૌથી મોટું સન્માન હતું. (ક્રમશઃ)■

લાફ્ટર આફ્ટર
પ્રજ્ઞા વશી
feedback.ladki@
bombaysamachar.com

# ખા ખા કરતી છે તે ભોગવહે.. આપરે હું?



બધા પ્રદેશોની એની લોકબોલી અને લહેકો હોય અને જે તે પ્રદેશને એમની બોલી માટે પ્રેમ અને ગર્વ હોય. ખરું ને? પણ હમણાં કેમ એકદમ બોલી (હુરતી) યાદ આવી ગઈ. અમારા પોતિકા વિચારો હુરતીમાં લખવાના કે બોલવાના આવેતો જાને એમ જ લાગે કે કોઈએ રબડીમાં ચોખ્ખા ઘીની જલેબી અને એ જલેબી ઉપર એકાદ વાડકી જેટલી મલાઈ પાથરી હોય અને સબડકે સબડકે ખાતાં હોઈએ!

અમારા હુરતના નર્મદને તો ગુજરાતી ભાષા પર ને હુરત પર બો અભિમાન હતું. તે અમે કંઈ ઓછા થોરાં છીએ? અમને હો બો (ઘણું) અભિમાન! એટલે નક્કી કરેલું કે મુંબઈવારી બેનપરી આવેત્યારે હુરતીમાં જ બોયલા કરવાનું. એમને હો થવું જોવે કે બેન પોતિકી બોલીને કેટલું માન આપે છે!

મુંબઈની બેનપરીઓ તો આવી. આમ અમે ફેસબુકિયા ફ્રેન્ડ. તે મેં ફેસબુક પર ખાલી ખાલી હારું લગાડવા લખી કારેલું કે 'હુરત તો કો'ક દી આવો...' . પણ એ તો એક બે ની, પન દહ-બાર જનીઓ આવી પરી.

એજન્ડા જાને કે એવો હતો કે હાકભાજી અને મરી મસાલા ઉપર નવલકથા જેવું કંઈ હાથ લાગે તો એનો આસ્વાદ કરાવવો. પન તમને કેમ કહું કે એ તો ટ્રેનમાંથી ઊતરાં નથી કે તરત હુરતી ખાવાનાં પર જે તૂટી પરયાં! (પડ્યાં) પછી તો અમે ભેગાં થીયાં ને હીધાં હુરતી ખાવાનાનાં રસાસ્વાદ ઉપર ચર્ચાસભા શરૂ કરી. એકે પ્રશ્ન કર્યો :

'આ ઊંબાડિયું એટલે શું? એમાં શું શું ઊંધું મૂકવાનું હોય?' (જોઈ મોટી બધીઓ... શુદ્ધ ભાષા બોલવાવાળી...! હુરતમાં આવીને હુરતી ઝાપટ્યું, તો થોડીવાર 'શું શું' ની જગ્યાએ 'હું હું' બોલે, તો એમાં કંઈ નીચી પરી જવાની હતી?) મેં ફોડ પાડતાં કીધું, :

'એમાં ખાલી જે માટલામાં હાકભાજી મસાલો કરીને ભરેલો હોય, એ માટલું જ ખાલી ઊંધું કરીને ચૂલા ઉપર મૂકવાનું.' પછી બીજી બેનપરી પૂછે :

'એમાં મસાલો કયો નાખવાનો?કોઈ સ્પેશિયલ મસાલો હોય?'

શું શું કરીને માથું દુખવી લાખ્યું (નાખ્યું).

મેં કીધું, :

'એમ બધી ઊંબાડિયા પર પૂછાપૂછ કરી કરીને સાંજ પારી લાખવાની. એના કરતાં એમ જ કેવ ની, કે તમારે ઊંબાડિયું ખાવું છે તો એક કામ કરો. તમને હમી હાંજે ઊંબાડિયું ખાવા લેઈ જાહું. ત્યાં જેઈને ઊંબાડિયું ખાજો હોં અને ઊંબાડિયાવારાને પ્રશ્નો પૂછી પૂછીને ઠેકાણે પાડી દેજો. (જો જો તમે, ઊંબાડિયાવારા હાથે હોં આ બધીઓ શું શું ને શા શા જ કરહે... આપરે હું...)

મેં કીધું (મનમાં) હવે આ લોકો અમે જે મફતમાં મરી-મસાલાવારી નવલકથા હાંભરવા આવ્યાં છે, એ હવે હંભરાવે તો હારું. પણ ત્યાં તો એકે પૂછ્યું :

'સુરતમાં ડુમસ ક્યાં આવ્યું?' ત્યાં ૫૦૦ ગ્રામની એક એવી રતાળુની પૂરી, ટામેટાનાં ભજિયાં, આઇસ ભજિયાં મળે છે. જો ત્યાં જઈ શકાય તો કાલે સવારે ત્યાં જ જઈ આવીએ.'

મેં લાગેલું જ ચોપડાવી દીધું :

'હા, પન અહીંયા તો એ બો લાંબું પરે. ખાસ્સું દૂર... ને પાછું મેટ્રોવારાએ ખોદી ખોદીને આખા હુરતની હકલ (શકલ - ચહેરો) બગારી લાખી છે. મારું જો માનો, તો આમ એકાંતરા (નહીં જોયેલું હોય એમ ખાઉધરા બનીને) થેઈને તૂટી ની પરો. (માંદા પડહો તો પાસા અઠવાડિયાનો ધામો લાખહો.) મેં ટો ટમને ટમારા હારાની હારું કેવ છું. બાકી રેઈ પરો તો હો વાંધો થોરો છે? (નવ્વાણું તો ભર્યા હો) કંટારીને હા કેઈ મેલ્યું.' (કાલની વાત કાલે)

મેં કીધું : 'પેલું નવલકથાવારું ક્યારે ચાલુ કરવાનું?'બધીઓએ બે-ચાર બગાસાં ખાધાં. બે- ચારે મોટેથી ઓડકાર ખાધા. બે-ચારે સોફેસ્ટીકેટેડ બગાસાં ખાધાં. (પછી એક્સક્યુઝ મી... એવું પન બોલી.) પછી તો ચા-નાસ્તો આવ્યો. 'ના... ના...' કહેતી જાય ને બધી ખાતી જાય. જરાય ભૂખ નથી... પણ 'સુરતનું જમણ ને કાશીનું મરણ' જેવી કહેવત યથાર્થ કરવા પણ થોડુંક ખાવું જ પડશે. (હજી ઓડકાર તો બધીઓના ચાલુ જ હતા.) એમ સુરતનું ખાવાનું ધરાર ખાધું જ! બોલો. (આપરે હું... રાતે મથાવહે, તીયારે ખબર પડહે. કરેલાં ભોગવહે. આપરે હું!)

પછી વરી એકને થીયું કે આપણે તો નવલકથા આસ્વાદ કરવાનો છે. ખાલી હુરતી રસાસ્વાદમાં મગ્ન નથી થવાનું. એક પછી એક મરી મસાલા, ને વિવિધ વાનગીઓ ઉપર આસ્વાદ તો હારો કરાવ્યો. પન વચ્ચે વચ્ચે હુરતી ઊંધિયું, તુવેરના ઢોકળા, કાળી પાપડીનું હાક, વાલ, વાલની દાળ, પોંક, પોંકવડા, લસ્સી ને ડુમસનાં ભજિયાં તો વારેવારે યાદ કરીને (મેં કદાચ ખવડાવવાનું ભૂલી જાઉં તો?) બધી મારી તરફ જોતી રહી.

છેલ્લે મને એમ કે હવે મારો ઊઠવાનો ટાઇમ થીયો, તો હો એમાંની એકે એમ નથી કે'તી કે તેં અમારી આટલી લાંબી નવલકથાના આસ્વાદ હાંભળ્યા, તો તું હો કંઈ બોલ. તે મે હો કાસી થોરી'તી?

મેં કીધું, 'ઉં હોં મુંબઈ આવા, તો બધું વસૂલ કરી જવા હોં...'

ઉસ્તાદો હમજી ગેઈ. તે કહે:

'એક કામ કર. તું હમણાં જ બોલી નાખ. આમને સામને સાટુ-બાટુ કરવાનું ઇજન આપી છટકવા... મને કેઈ... હુરતીમાં કંઈ હો બોલી નાખ...'

આખરે તો નર્મદના વંશજ! ની બોલું તો નર્મદનું નાક કપાય. તે મેં તો ધરાધર એવું બોયલી... એવું બોયલી... કે એ લોકો હો હુરતી બોલતી થેઈ ગઈ. ને મને કે, 'તું બહુ હારું બોયલી... બો ગયમું અમને!' ■

ઉડાન મુગ્ધાવસ્થાથી મધ્યાવસ્થા સુધી
શ્વેતા જોષી-અંતાણી
feedback.ladki@
bombaysamachar.com

# આવા કાલ્પનિક ભયને કરો 'કિલ'!

મ્યુઝિક એ રીમીનો શોખ નહી પેશન હતું-સંગીત એનો ઉત્કટ પ્રેમ હતો. એ કલાકો એની ગિટાર લઈ બેસી રહેતી. ગિટાર પર પ્રેક્ટિસ કરવી.પોતાને મનપસંદ ગીતો ગાવાં-વગાડવા અને અવનવી ધૂનો શિખતી રહેવી એ એનું સૌથી પ્રિય કાર્ય. હાથમાં ગિટાર લઈને એ પોતે સ્ટેજ પર ઊભી રહી છે એવી કલ્પના એ અનેકવાર કરતી. એક દિવસ પોતે સ્ટેજ પર્ફોર્મન્સ આપશે એવું સપનું સેવી કલ્પનાઓમાં રાચતી રીમી ત્યારે સીધી જમીન પર પછડાય છે. જ્યારે સ્કૂલના પ્રતિષ્ઠિત ગણાતા એક કાર્યક્રમ માટે એને ઓડિશનમાં બોલાવવામાં આવે છે ને રીમી આવડત હોવા છતાં પર્ફોમ કરી શકતી નથી.

શા માટે? એક જ કારણ છેઃ ડર. આવી 'સ્ટેજ ફિયર 'ને કારણે ઓડિશનની આગલી રાત્રે રીમી સૂઈ શકી નહોતી.પોતે કંઈક ગરબડ કરી બેસશે તો? શું એ સાચે આ તકને લાયક છે ખરી? જો એવું નહીં હોય તો બધા સામે પોતાનો કેવો રકાસ થશે....આવા વ્યર્થ વિચારો એના મગજમાં ઘૂમરાવા લાગેલા. જે એને જંપવા દેતાં નહોતા. એનું ચિત્ત ક્યાંય ચોટતું નહોતું. રાત આખી રીમી આવા કાલ્પનિક વિચારોના વમળમાં ઘૂમેડાતી રહી. અને સવારે સ્ટેજ પર એ કંઈજ કરી શકી નહીં.



ઓડિશન ખરાબ જવાના કારણે એ તદ્દન ભાંગી પડી. એણે હવે સંગીતનો સાથ છોડવાનું નક્કી કરી લીધું હોય એમ એ પ્રેક્ટિસ કરવાનું ટાળતી. માત્ર એ ડરે કે પોતે ફરી ફેલ થઈ જશે તો? એનું હાલતાં-ચાલતાં ગીતો ગણગણવાનું બંધ થઈ ગયું. ગિટાર તો હાથમાં લેતાં જ એ કતરાતી. સ્ટેજ પર્ફોમર બનવાના સપનાને એણે પડીકું વાળી ફેંકી દીધું જાણે. રીમીમાં આવેલો આ બદલાવ જોકે એના મિત્રો- પરિવારથી છાનો ના રહ્યો. 'શું થયું છે આ રીમી?'એવું લોકો વારંવાર પૂછતા, પણ રીમી પોતાની મૂંઝવણને વર્ણવવા સક્ષમ નહોતી. સાવ તદ્દન કાલ્પનિક ગણાતા ભયને જાકારો આપી શકાતો હોય છે એ હકીકત-વાતથી એનું ટીનએજ મન હજુ અજાણ હતું. એક દિવસ આ વાત એના મ્યુઝિક ટીચરના ધ્યાને ચડી કે રીમી હમણાંથી ગિટારની કોઈ વાત કરતી નથી. એના માટે કોઈ પ્રશ્નો પૂછવા આવતી નથી. પ્રેક્ટિસ કરવાની પરવાનગી પણ માગતી નથી. એમણે રીમીને બોલાવી, પાસે બેસાડી પ્રેમથી પૂછ્યું. :

'શું વાંધો પડ્યો છે ગિટાર સાથે?' પહેલા તો જવાબ દેવાનું ટાળતી રીમીએ અંતે સાચું કારણ કહ્યું : ' હું એટલી સારી પર્ફોમર બની શકું એમ નથી. તમે પણ મને એટલે જ સિલેક્ટ નહી કરી હોય. એટલે ગિટાર પાછળ ખોટો સમય બરબાદ કરવો હમણાથી ગમતો નથી '

'રીમી, મને ખ્યાલ છે કે તને તકલીફ થઈ રહી છે.'એમણે પ્રેમાળ સ્વરે કહ્યું :

'તને જે ડર લાગી રહ્યો છે એ સાચો હશે. હું ના નથીપાડતો, પણ, એથી કોઈ દુનિયાનો અંત નથી. ઉલ્ટું કંઈક નવી વાતનો પ્રારંભ પણ હોઈ શકે છે.

*જો હું તને મારી વાત કરું. તારા જેવડી ઉંમરે મારી સાથે પણ આવું કંઈક થયેલું....'* આટલું કહી એ માયાળુ સંગીત શિક્ષકે પોતાના સંઘર્ષની વાતો કરી. નિષ્ફળતાઓ જણાવી-ગણાવી અને સાથોસાથ એ પણ જણાવ્યું કે, ત્યારબાદ મળેલી સફળતાના ફળ કેવા મીઠા લાગ્યાં હતાં. પોતાનું લક્ષ્ય સિદ્ધ કરવાનો આનંદ કેટલો અનેરો હતો. દરેકને જીવનના કોઈના કોઈ તબક્કે અમુક ભયનો સામનો કરવાનો આવે જ છે અને એમાંથી ઘણું શીખવા મળે છે. તરુણાવસ્થાએ જો વ્યર્થ વિચારોને ત્યાગવામાં સફળતા મેળવી લો તો પછી તમને આગળ વધતાં કોઈ રોકી શકે નહીં. .. આટલું કહી સરે પીઠ થપથપાવતા એને કહ્યું : 'જા, તને એક તક આપી. હજુ ફાઈનલ પ્રોગ્રામને એક મહિનાની વાર છે. પૂરા ખંતથી તારું શ્રેષ્ઠ પર્ફોર્મન્સ રજૂ કરવાનો પ્રયત્ન કર !'

રીમીને દિવસોથી પોતાના ખભ્ભા પર લદાયેલો ભાર હળવો થતો લાગ્યો. એ આંખમાં આંસુ સાથે એમને વંદન કરી ત્યાંથી બહાર નીકળી ગઈ. બસ, બીજા દિવસથી રીમી મચી પડી. 'પોતે અને ગિટાર.... બાકી બીજું કંઈ નહીં' એવા અભિગમમાં એ ફરી પ્રવેશી. સપનાની હવેલીને લાગેલા તાળાં ફરી ખૂલી ગયાં. નકારાત્મક વિચારોમાંથી બહાર આવતાંવેત એનો આત્મવિશ્વાસ વધી ગયો. 'હું ફેલ થઈશ' એના બદલે 'હું કંઈક નવું શીખીશ' એવા વિચારો રીમીના સાથીદાર બન્યા.

અંતે કાર્યક્રમનો દિવસ આવી ઊભો રહ્યો. રીમી નર્વસ હતી પણ સાથોસાથ એકદમ મક્કમ પણ ખરી. પોતાનો વારો આવતાં ઊંડો શ્વાસ લઈ, સ્ટેજ પર પહોંચેલી રીમીએ એના પર્ફોર્મન્સમાં પ્રાણ લગાવી દીધા. ગિટારના છેલ્લા રણકાર સાથે ઓડિટોરિયમ તાળીઓના ગડગડાટ થકી ગૂંજી ઉઠ્યું. ઓડિયન્સની ચિચિયારીઓ વચ્ચે પોતના પેરેન્ટ્સના ખીલેલા ચહેરા જોઈ રીમીએ સંતોષનો શ્વાસ લીધો. પોતે ઊભા કરેલા ડર સામે આજે એ જીતી ગયેલી. રીમીને પહેલીવારમાં આવી જે અદ્ભુત સફળતા મળી. ત્યારથી એણે પાછું વળી જોયું નથી. નાની ઉંમરે એની કારકિર્દીની ભવ્ય શરૂઆત થઈ ચૂકેલી. એનાથી વધારે એણે પોતાના કાલ્પનિક ભય સામે ભવ્ય વિજય મેળવેલો. એની અંદર એક અજબ આત્મવિશ્વાસ અને હિંમત ઉમેરી ગયો હતો. આવા રીમી જેવા તરુણોજ આપણને સાચા માઈન્ડસેટ સાથે આગળ વધી, સફળતા કેમ મેળવવીએ શીખવી જતા હોય છે. ■

ભારતની વીરાંગનાઓ

ટીના દોશી
feedback.ladki@bombaysamachar.com

# ડબલ સેન્ચુરી ફટકારનાર પ્રથમ મહિલા ક્રિકેટરઃ મિતાલી રાજ



**નામઃ** મિતાલી રાજ લાડકું નામઃ લેડી સચિન તેંડુલકર જન્મઃ ૩ડિસેમ્બર ૧૯૮૨, જોધપુર-રાજસ્થાન માતાઃ લીલા રાજ પિતાઃ દોરાઈ રાજ ગૌરવઃ અર્જુન એવોર્ડ-૨૦૦૪, દેશના ચોથા સર્વોચ્ચ સન્માન પદ્મશ્રીથી પુરસ્કૃત-૨૦૧૫, વિઝડન ઇન્ડિયન ક્રિકેટર ઓફ ધ યર-૨૦૧૫,યૂથ સ્પોર્ટ્સ આઇકોન ઓફ એક્સેલેન્સ એવોર્ડ-૨૦૧૭, વોગ સ્પોર્ટ્સમેન ઓફ ધ યર-૨૦૧૭,બીબીસીની સો મહિલાઓમાં સૂચિબદ્ધ,મેજર ધ્યાનચંદ ખેલ રત્ન પુરસ્કાર-૨૦૨૧ સિદ્ધિ :પ્રથમ એક દિવસીય મેચમાં શતક બનાવનાર પ્રથમ, ટેસ્ટ ક્રિકેટમાં બેવડી સદી ફટકારનાર પ્રથમ, ટ્વેન્ટી ટ્વેન્ટી આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ૨૦૦૦ રન બનાવનાર પહેલી ભારતીય બલ્લેબાજ, એક દિવસીય આંતરરાષ્ટ્રીય મહિલા ક્રિકેટમાં ૬૦૦૦ રન પાર કરનાર એકમાત્ર મહિલા ક્રિકેટર,લગાતાર સાત અર્ધશતક બનાવનાર પહેલી મહિલા ક્રિકેટર,એકમાત્ર ક્રિકેટર જેણે એકથી વધુ આઈસીસી ઓડીઆઈ વિશ્વ કપ ફાઈનલમાં - ૨૦૦૫ અને ૨૦૧૭માં ભારતનું નેતૃત્વ કર્યું હોય,જેણે ૧૫૦થી વધુ વન ડે મેચમાં કપ્તાની કરી હોય એવી દુનિયાની એકમાત્ર મહિલા ક્રિકેટર,વર્લ્ડ કપ ફાઈનલમાં કેપ્ટન તરીકે સૌથી વધુ અઠ્ઠાવીસ મેચ રમનારી દુનિયાની પહેલી ખેલાડી ઉપલબ્ધિ : પ્રથમ વન ડે મેચમાં શતક બનાવનાર પ્રથમ મહિલા ક્રિકેટર, બેવડી સદી ફટકારનાર પ્રથમ મહિલા ક્રિકેટર, અને એક દિવસીય આંતરરાષ્ટ્રીય મહિલા ક્રિકેટમાં ૬૦૦૦ રન પાર કરનાર એકમાત્ર મહિલા ક્રિકેટર

એના નામ સાથે જોડાયેલાં પ્રથમની યાદી તો જુઓ : આયર્લેન્ડ સામે ૧૯૯૯માં પ્રથમ વન ડે મેચમાં શતક બનાવનાર પ્રથમ મહિલા ક્રિકેટર, ટેસ્ટ ક્રિકેટમાં બેવડી સદી ફટકારનાર પ્રથમ, જૂન ૨૦૧૮માં ટૂવેન્ટી ટ્વેન્ટી આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ૨૦૦૦થી વધુ રન બનાવનાર પહેલી ભારતીય બલ્લેબાજ, એક દિવસીય આંતરરાષ્ટ્રીય મહિલા ક્રિકેટમાં ૬૦૦૦ રન પાર કરનાર એકમાત્ર મહિલા ક્રિકેટર, લગાતાર સાત અર્ધશતક બનાવનાર પ્રથમ ક્રિકેટર, એકમાત્ર ક્રિકેટર જેણે એકથી વધુ આઈસીસી ઓડીઆઈ વિશ્વ કપ ફાઈનલમાં - ૨૦૦૫ અને ૨૦૧૭માં ભારતનું નેતૃત્વ કર્યું હોય, જેણે ૧૫૦થી વધુ વન ડે મેચમાં કપ્તાની કરનાર દુનિયાની એકમાત્ર મહિલા ક્રિકેટર, વર્લ્ડ કપ ફાઈનલમાં કેપ્ટન તરીકે સૌથી વધુ અઠ્ઠાવીસ મેચ રમનારી દુનિયાની પહેલી ખેલાડી....કહો જોઉં, એ કોણ છે ?



મિતાલી રાજને મળો.... લેડી સચિન તેંડુલકર તરીકે પણ જાણીતી મિતાલી રાજ ભારતીય મહિલા ક્રિકેટનો ઝગમગતો સિતારો રહ્યો. એણે ત્રેવીસ વર્ષની દીર્ઘ ક્રિકેટ કારકિર્દીમાં નોંધાવેલા વિક્રમોને પગલે ભારત સરકારે મિતાલીને ૨૧ સપ્ટેમ્બર ૨૦૦૪ના અર્જુન એવોર્ડથી પુરસ્કૃત કરેલી.૨૦૧૫માં દેશના ચોથા સર્વોચ્ચ સન્માન પદ્મશ્રીથી એને સન્માનિત કરેલી અને ૨૦૨૧માં મેજર ધ્યાનચંદ ખેલ રત્ન પુરસ્કારથી નવાજવામાં આવેલી. ઉપરાંત ૨૦૧૫માં વિઝડન ઇન્ડિયન ક્રિકેટર ઓફ ધ યર એવોર્ડ મળેલો. ૨૦૧૭માં મિતાલીને યૂથ સ્પોર્ટ્સ આઇકોન ઓફ એક્સેલેન્સ એવોર્ડ અને વોગ સ્પોર્ટ્સમેન ઓફ ધ યર તરીકેનો પુરસ્કાર પણ મળેલો.

આ મિતાલી રાજનો જન્મ ૩ ડિસેમ્બર ૧૯૮૨ના રાજસ્થાન સ્થિત જોધપુરમાં એક તમિળ પરિવારમાં થયેલો. જોકે પરિવાર આંધ્ર પ્રદેશના હૈદરાબાદમાં વસતો. માતા લીલા રાજ એક અધિકારી તરીકે સરકારી નોકરીમાં હતી. પિતા દોરાઈ રાજ ભારતીય વાયુદળમાં સેવારત હતા. વાયુદળમાંથી નિવૃત્ત થયા પછી બેંકમાં સેવાઓ આપી રહેલા. એ પણ એક જમાનામાં ક્રિકેટ ખેલતા, પણ ક્રિકેટમાં કારકિર્દી ન ઘડી શક્યા. પોતાનું અધૂરું સ્વપ્ન દીકરી પૂરું કરે એવી એમની મહેચ્છા હતી. મિતાલીએ પિતાનું સપનું સાકાર કર્યું પણ ખરું, પણ એને બાળપણમાં નૃત્યનો શોખ હતો. એણે ભરતનાટ્યમ નૃત્યની તાલીમ લીધેલી. નૃત્યના કેટલાક કાર્યક્રમોની પ્રસ્તુતિ પણ કરેલી.

દરમિયાન મિતાલી રાજનો ભાઈ મિથુન ક્રિકેટની તાલીમ લેતો હોય ત્યારે, મોકો મળતાં મિતાલી પણ જમણા હાથે બેટ ઘુમાવીને બેચાર દડાને ફટકારતી. મિતાલી પોતાના ભાઈ સાથે ક્રિકેટ રમતી. હૈદરાબાદ સ્થિત સેન્ટ જહોન્સ સ્કૂલમાં ક્રિકેટનું પ્રશિક્ષણ લેવાનું પણ શરૂ કર્યું. એણે સિકંદરાબાદની કીઝ ગર્લ્સ હાઈસ્કૂલમાં પણ ક્રિકેટની તાલીમ લીધી. અહીં તે પુરુષો સાથે ક્રિકેટ રમતી. આ ગાળામાં ક્રિકેટર જ્યોતિપ્રસાદની નજર એના પર પડી.એમણે ભવિષ્યવાણી કરતાં કહ્યું કે,આ છોકરી ક્રિકેટની સારી ખેલાડી બનશે.. મિતાલીને તો આમ પણ ક્રિકેટમાં રસ હતો. જ્યોતિપ્રસાદની ભવિષ્યવાણી પછી એ ક્રિકેટ પર વધુ ધ્યાન આપવા માંડી. જોકે ક્રિકેટને કારણે મિતાલી રાજ ભરતનાટ્યમના નૃત્યવર્ગોમાં ગાપચી મારતી. એથી નૃત્યશિક્ષકે મિતાલી રાજને ક્રિકેટ અથવા ભરતનાટ્યમ, બેમાંથી એકની પસંદગી કરવાની સલાહ આપી.

આઠ વર્ષ સુધી ભરતનાટ્યમની તાલીમ લઈ ચૂકેલી મિતાલી. સિકંદરાબાદ મેરેડપલ્લીમાં કસ્તૂરબા ગાંધી જુનિયર કોલેજ ફોર વિમેન ઇન વેસ્ટમાં બારમા ધોરણ સુધી અભ્યાસ પણ કરેલો. નૃત્યશિક્ષકે ક્રિકેટ અથવા નૃત્યમાંથી એક પસંદ કરવાનું કહ્યું, ત્યારે મિતાલીને સમજાયું કે એનો પહેલો અને અંતિમ પ્રેમ ક્રિકેટ જ છે. નસનસમાં લોહી બનીને વહેતું હતું ક્રિકેટ. રોમરોમને રોમાંચિત કરતુ હતું ક્રિકેટ. એથી મિતાલી રાજે ક્રિકેટ પર પસંદગીનો કળશ ઢોળ્યો. પિતા દોરાઈ રાજે મિતાલીને ક્રિકેટમાં કારકિર્દી બનાવવા પ્રોત્સાહન આપ્યું. મિતાલીના પ્રવાસનો ખર્ચ ઉઠાવવા પોતાના ખર્ચાઓ પર કાપ મૂક્યો. માતા લીલાએ પણ પોતાની દીકરી માટે નોકરીની કુરબાની આપી. મિતાલી ક્રિકેટના પ્રશિક્ષણ પછી થાકીને ઘેર આવે ત્યારે એનું ધ્યાન રાખી શકે એ માટે લીલાએ નોકરી છોડી દીધી. માતાપિતાએ આપેલો ભોગ અને મહેનત એળે ન જાય એ માટે મિતાલી તનમનથી ક્રિકેટને સમર્પિત થઈ ગઈ. માત્ર દસ વર્ષની ઉંમરે મિતાલી રાજે ક્રિકેટ રમવાનું શરૂ કરી દીધેલું. જ્યોતિપ્રસાદ, સંપત કુમાર અને વિનોદ શર્મા જેવા પ્રશિક્ષકના માર્ગદર્શનમાં મિતાલી ક્રિકેટ રમવા તૈયાર થઈ ગઈ.

માત્ર ૧૪ વર્ષની ઉંમરે,૧૯૯૭માં મિતાલી રાજનો સમાવેશ મહિલા વિશ્વ કપ ક્રિકેટ ટીમમાં કરવામાં આવેલો. પણ અંતિમ ટુકડીમાં એને સામેલ કરાઈ નહોતી. એ પછી ૨૬ જૂન ૧૯૯૯ના સત્તર વર્ષની ઉંમરે ક્રિકેટર તરીકેની કારકિર્દીનો આરંભ કર્યો. મિલ્ટન કિનેસ, આયર્લેન્ડમાં પોતાની પહેલી એક દિવસીય આંતરરાષ્ટ્રીય મેચમાં મિતાલી રાજે નોટ આઉટ રહીને ૧૧૪ રન બનાવ્યા. આ રીતે પ્રથમ મેચમાં જ સોથી વધુ રન બનાવીને મિતાલીએ વિક્રમ સર્જ્યો. એ પછી ૧૭ જાન્યુઆરી ૨૦૦૨ના લખનઊમાં ઇંગ્લેન્ડ વિરુદ્ધ મેચ રમીને ટેસ્ટ ક્રિકેટમાં પદાર્પણ કર્યું. ૨૦૦૧ '૦૨માં મિતાલી દક્ષિણ આફ્રિકા વિરુદ્ધ પોતાની પહેલી ટેસ્ટ મેચ રમી. ૧૭ ઓગસ્ટ ૨૦૦૨ના મિતાલીએ કાઉન્ટી મેદાનમાં પોતાની ત્રીજી ટેસ્ટ મેચમાં ૨૧૪ રન બનાવીને કૈરન રોલ્ટનનો દુનિયાનો સૌથી વધુ ટેસ્ટ સ્કોર ૨૦૯નો રેકોર્ડ તોડ્યો. ત્યાર બાદ ૨૦૦૫માં મિતાલી ભારતીય મહિલા ક્રિકેટ ટીમની કપ્તાન બની. ૨૦૦૫માં મિતાલી રાજે દક્ષિણ આફ્રિકામાં પોતાના પહેલા વિશ્વ કપમાં ભારતીય ક્રિકેટ ટીમને ફાઈનલ સુધી પહોંચાડી.ઓગસ્ટ ૨૦૦૬માં મિતાલી રાજની કપ્તાનીમાં ભારતીય મહિલા ક્રિકેટ ટીમ ઇંગ્લેન્ડમાં ટેસ્ટ સીરિઝ જીતી.

મિતાલી રાજની ક્રિકેટ કારકિર્દી સડસડાટ આગળ વધી રહેલી. ક્રિકેટ કેપ્ટન તરીકે ૨૦૧૦, ૨૦૧૧ અને ૨૦૧૨માં આઈસીઆઈસી વર્લ્ડ રેંકિંગમાં મિતાલી રાજે પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલું. મિતાલી એક દિવસીય મેચમાં અને ટ્વેન્ટી ટ્વેન્ટીમાં ભારત માટે સૌથી વધુ મેચોમાં કપ્તાની કરનારી પહેલી ખેલાડી છે. ફેબ્રુઆરી ૨૦૧૭માં મિતાલી રાજ મહિલા વન ડે ક્રિકેટમાં ૫૫૦૦ રન બનાવનારી બીજી ખેલાડી બની. જુલાઈ ૨૦૧૭માં એક દિવસીય મહિલા ક્રિકેટમાં ૬૦૦૦ રન બનાવનારી એ પહેલી ખેલાડી બની. મિતાલી રાજે ૨૦૧૭માં મહિલા ક્રિકેટ વિશ્વ કપ ફાઈનલમાં ભારતીય ટીમનું નેતૃત્વ કર્યું, જ્યાં ઇંગ્લેન્ડની ટીમથી માત્ર નવ રનથી પરાજિત થઈ. ડિસેમ્બર ૨૦૧૭માં મિતાલી રાજને આઈસીસી મહિલા વન ડે ઇન્ટરનેશનલ ટીમ ઓફ ધ યર માટે નામાંકન મળેલું.

ઓક્ટોબર ૨૦૧૮માં મિતાલીને ૨૦૧૮ આઈસીસી મહિલા વિશ્વ ટ્વેન્ટી ટ્વેન્ટી ટુર્નામેન્ટ માટે ભારતની મહિલા ક્રિકેટ ટીમમાં નમિત કરાયેલી. જોકે આ જ વર્ષમાં મિતાલીનો બીસીસીઆઈ સાથે પક્ષપાતી વલણ મુદ્દે વિવાદ અને વિખવાદ પણ થયેલો. ૯ માર્ચ ૨૦૧૯ના ઇંગ્લેન્ડ સામેની ટીટ્વેન્ટી મેચ રમ્યા પછી સપ્ટેમ્બર ૨૦૧૯માં મિતાલી રાજે ટ્વેન્ટી ટ્વેન્ટી ક્રિકેટમાંથી સંન્યાસ લઇ લીધો. નવેમ્બર ૨૦૨૦માં મિતાલી રાજને દાયકાની આઈસીસી મહિલા ક્રિકેટર માટે રાચેલ હીહો-ફ્લીન્ટ એવોર્ડ અને દાયકાની વન ડે ઇન્ટરનેશનલ ક્રિકેટરના એવોર્ડ માટે નામાંકન મળેલું. ૨૭ માર્ચ ૨૦૨૨ના ક્રાઈસ્ટચર્ચમાં દક્ષિણ આફ્રિકા સામે મિતાલી અંતિમ એક દિવસીય આંતરરાષ્ટ્રીય ક્રિકેટ રમી. ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૧થી ૩ ઓક્ટોબર ૨૦૨૧ દરમિયાન કૈરારામાં ઓસ્ટ્રેલિયા વિરુદ્ધ અંતિમ ટેસ્ટ ક્રિકેટ રમી. જાન્યુઆરી ૨૦૨૨માં ન્યૂઝીલેન્ડમાં ૨૦૨૨ મહિલા વિશ્વ કપ ક્રિકેટ માટે ભારતીય મહિલા ટીમની કપ્તાન બનાવવામાં આવેલી.

૮ જૂન ૨૦૨૨ના મિતાલી રાજે ક્રિકેટમાંથી સંન્યાસ લઇ લીધો. ક્રિકેટની લાંબી કારકિર્દીમાં મિતાલીના મસ્તક પરના મુકુટમાં કલગીઓ ઉમેરાતી ગઈ. એક દિવસીય આંતરરાષ્ટ્રીય મેચમાં સર્વાધિક ૧૦,૨૭૩ રન, વન ડે મેચ રમવાની સૂચિમાં સર્વાધિક ૨૩૨ મેચ સાથે સૌથી મોખરે, વ્યક્તિગત સર્વશ્રેષ્ઠ ૨૧૪ રનનો સ્કોર,મિતાલી રાજની કપ્તાનીમાં ખેલાયેલી ૧૫૫ મેચમાંથી ૮૯ મેચમાં વિજય પ્રાપ્ત કર્યો, આઈસીસી મહિલા ક્રિકેટ વિશ્વ કપમાં સૌથી અધિક અઠ્ઠાવીસ મેચમાં કપ્તાની કરવાનો વિક્રમ, વિશ્વ કપમાં એક હજારથી વધુ રન બનાવનારી પ્રથમ ભારતીય મહિલા ક્રિકેટર, મહિલા વન ડેમાં ૨૩૨ મેચોમાં સર્વાધિક ૭૮૦૫ રનનો રેકોર્ડ,જુલાઈ ૨૧૦૭માં ઇંગ્લેન્ડની ૫૯૯૨ રન બનાવનાર ક્રિકેટર શાર્લેટ એડવર્ડ્સનો રેકોર્ડ તોડીને સૌથી વધુ ૬૦૦૦ રન પાર કરનારી પહેલી ખેલાડી બની. જુલાઈ૨૦૨૧માં મહિલા આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં સૌથી વધુ રન કરનારી ખેલાડી બની.ઇંગ્લેન્ડની૧૦,૨૭૩ રન ફટકારનાર શાર્લેટ એડવર્ડ્સનો રેકોર્ડ તોડ્યો. મહિલા ક્રિકેટમાં શાર્લેટ એડવર્ડ્સ પછી મિતાલી એકમાત્ર એવી ક્રિકેટર છે જેણે દસ હજાર રનનો આંકડો પાર કર્યો છે.... આટઆટલા વિક્રમ સર્જવાને પગલે જ કદાચ મિતાલી રાજનું લાડકું નામ લેડી સચિન તેંડુલકર પડ્યું છે ! ■

## પ્રથમ મહિલા ક્રિકેટ કોમેન્ટેટર ચંદ્રા નાયડુ અને પ્રથમ મહિલા અમ્પાયર જી.એસ. લક્ષ્મી

ભારતના પહેલા ટેસ્ટ કપ્તાન સી.કે. નાયડુની દીકરી ચંદ્ર નાયડુ દેશની પહેલી મહિલા ક્રિકેટ કોમેન્ટેટર હતી. અઠ્યાસી વર્ષની ઉંમરે મૃત્યુ પામેલી ચંદ્રા નાયડુએ નેશનલ ચેમ્પિયન્સ, બોમ્બે અને એમસીસીની ટીમ વચ્ચે ૧૯૭૭માં રમાયેલી ક્રિકેટ મેચમાં પહેલી વાર કોમેન્ટરી આપેલી. જોકે ચંદ્રા લાંબો સમય ક્રિકેટ કોમેન્ટેટર તરીકે કાર્યરત નહોતી. એ ઇન્દોરના સરકારી કન્યા મહાવિદ્યાલયમાં અંગ્રેજીની પ્રાધ્યાપક તરીકે સેવાનિવૃત્ત થયેલી.

પુરુષ એક દિવસીય આંતરરાષ્ટ્રીય ક્રિકેટ મેચમાં અમ્પાયર તરીકે ભૂમિકા ભજવનાર પહેલી મહિલા જી.એસ. લક્ષ્મી હતી. મેચ રેફરીની આંતરરાષ્ટ્રીય પેનલમાં સ્થાન મેળવનાર પહેલી મહિલા પણ એ જ. ડિસેમ્બર ૨૦૨૦માં યુએઈમાં વિશ્વ કપ લીગ દરમિયાન ઓસ્ટ્રેલિયા અને ઇંગ્લેન્ડ વચ્ચે રમાયેલી મેચમાં જી.એસ. લક્ષ્મીએ અમ્પાયર તરીકે ભૂમિકા ભજવેલી. ૨૩ મે ૧૯૬૮ના આંધ્ર પ્રદેશનાં રાજમુંદરીમાં જન્મેલી લક્ષ્મી ખુદ પણ એક ક્રિકેટર રહી ચૂકી છે. દક્ષિણ મધ્ય રેલવે ક્રિકેટ તરફથી રમેલી લક્ષ્મીનું ચયન ૧૯૯૯ના ઇંગ્લેન્ડ પ્રવાસ માટેની ભારતીય ટીમમાં કરાયેલું, પણ એને રમવાનો મોકો મળ્યો નહોતો. લક્ષ્મીએ ૨૦૦૪માં ક્રિકેટમાંથી સંન્યાસ લઇ લીધેલો. એ પછી અમ્પાયર તરીકે ક્રિકેટના મેદાનમાં ઊતરવાની તક એને મળી.

ફેશન

ખુશ્બુ મુણાલી ઠક્કર
feedback.ladki@bombaysamachar.com

# ઓવર સાઇઝ્ડ!




**ઓવર સાઇઝ્ડ વસ્ત્રો એ એક કમ્ફર્ટેબલ વેર છે અને સાથે એક સ્ટાઈલિશ લૂક પણ આપે છે. આ પ્રકારના ડ્રેસ એક ચોક્કસ પર્સનાલિટી પર જ સારા લાગે છે.**

ઓવર સાઇઝ્ડ ટી- શર્ટ અથવા શર્ટ એટલે કે જે તમારી સાઈઝ કરતાં વધારે મોટું હોય. જો તમારી સાઈઝ લાર્જ હોય અને જો તમે ડબલ એકસેલ સાઈઝ પહેરો તો તેને ઓવર સાઈઝ કપડાં પહેર્યા છે એમ કહી શકાય. ઓવર સાઇઝ્ડ કપડાં એ એક કમ્ફર્ટેબલ વેર છે અને સાથે એક સ્ટાઈલિશ લૂક પણ આપે છે. ઓવર સાઇઝ્ડ કપડાં એક ચોક્કસ પર્સનાલિટી પર જ સારા લાગે છે. ઓવર સાઇઝ્ડ કપડાંમાં ઘણી વેરાઈટી આવે છે જેમકે, ટી-શર્ટ, શર્ટ, ડ્રેસ કે પછી કુર્તા. તમારે તમારી હાઈટ, બોડી ટાઈપ અને ઇવેન્ટ મુજબ ઓવર સાઇઝ્ડ કપડાંની પસંદગી કરી શકો. ચાલો જાણીયે ઓવર સાઇઝ્ડ કપડાં કઈ રીતે પહેરી શકાય.

શર્ટ - ઓવર સાઇઝ્ડ કપડાં પહેરતી વખતે એક વાત ધ્યાનમાં રાખવી કે, જો તમારું અપ્પર વેર લુઝ હોય તો બોટમ વેર બોડી હગિંગ રાખવું અને જો બોટમ વેર લુઝ હોય તો અપ્પર વેર બોડી હગિંગ પહેરવું. જેમકે, ઓવર સાઇઝ્ડ શર્ટ સાથે સ્કિન લેગિંગ્સ કે પછી લેધરનું લેગિંગ એક ફેશનેબલ લુક આપી શકે. વધારે ટ્રેડી લુક માટે તમારે ઓવર સાઇઝ્ડ શર્ટ સાથે શિમર લેગિંગ્સ અને તેની સાથે બૂટ્સ પહેરી શકો.

જો તમારું શરીર સુડોળ હોય અને તમને એક બોલ્ડ લુક જોઈતો હોય તો તમે ઓવર સાઇઝ્ડ શર્ટ એક ડ્રેસ તરીકે પહેરી શકો. ઓવર સાઇઝ્ડ શર્ટ તમે ડેનિમ સાથે પણ પહેરી શકો જેમકે, એક હાફ સાઈડનું શર્ટ ઈન્ટક કરવું અને બીજી હાલ્ફ સાઈડનું શર્ટ બહાર રાખવું. ઓવર સાઇઝ્ડ શર્ટ પ્લેન અથવા પિન સ્ટ્રાઈપમાં વધારે સારા લાગે છે. ઓવર સાઇઝ્ડ શર્ટ સોલિડ કલરમાં પહેરવાથી એક સ્ટેટમેન્ટ લુક આવે છે અને પેસ્ટલ શેડમાં પહેરવાથી સોબર છતાં સ્ટાઈલિશ લુક આપે છે.

ટી-શર્ટ-ઓવર સાઇઝ્ડ ટી-શર્ટ યન્ગ યુવતીઓમાં ઘણા લોકપ્રિય છે. ઓવર સાઇઝ્ડ ટી-શર્ટ કેઝ્યુઅલઈ પહેરી શકાય. ઘણી યુવતીઓ ઓવર સાઇઝ્ડ ટી-શર્ટ નાઈટ વેર તરીકે પહેરવાનું પસંદ કરે છે. અને ઘણી યુવતીઓ ઓવર સાઈઝ્ડ ટીશર્ટ એક ડ્રેસ તરીકે પહેરે છે અને આ ટી-શર્ટ સાથે તેઓ સ્નીકર્સ પહેરી એક કેઝ્યુઅલ લૂક આપે છે.ઓવર સાઇઝ્ડ ટી-શર્ટ સ્કિની જેગિંગ્સ કે સ્ટ્રેટ ડેનિમ સાથે પહેરી શકાય.

ઓવર સાઇઝ્ડ ટી-શર્ટ પહેરવાની પણ એક સ્ટાઇલ હોય છે જેમકે, ટી શર્ટ માત્ર એક જ સાઇડથી ઈન્ટક કરવું કે પછી માત્ર પાછળથી જ ઈન્ટક કરવું.આ એક ફન્કી સ્ટાઇલ છે પરંતુ તેને પણ કેરી કરતા આવડવી જોઈએ. ઓવર સાઇઝ્ડ ટી-શર્ટ ડેનિમની શોટ્સ સાથે પણ સારા લાગે છે. ઓવર સાઇઝ્ડ ટી-શર્ટમાં ઘણી લેન્થ વેરિએશન પણ આવે છે. જેમકે, અબવ ની,બીલો ની, કે પછી કાફ લેન્થ. તમે તમારી હાઈટ મુજબ ઓવર સાઇઝ્ડ ટી-શર્ટની લેન્થ પસંદ કરી શકો. જો તમારે કોફી દેટ માટે ઓવર સાઇઝ્ડ કાફ લેન્થના ટી શર્ટ પહેરવા હોય અને લુકમાં જો કૈક વેરિએશન પણ આપવું હોય તો તમે સ્લીક બેલ્ટ પહેરી એક ટ્રેન્ડી લુક આપી શકો અને પગમાં કેનવાઝ શૂઝ પહેરવા અને હાઈ પોની વાળવી અથવા ખુલ્લા વાળ રાખી શકો.


ઇન્ડિયન વેર - ઇન્ડિયન વેર મોટે ભાગે ફીટીંગમાં જ હોય છે , પરંતુ અમુક ડ્રેસ ઓવર સાઇઝ્ડ સારા લાગે છે જેમકે, કફતાન. જયારે કફતાન ફિટિંગમાં પહેરીયે તો સારા લાગે પરંતુ જયારે એ ઓવર સાઇઝ્ડ પહેરવામાં આવે છે ત્યારે એક ટ્રેન્ડી લુક આપે છે.

ઓવર સાઇઝ્ડ કફતાન સાથે સિગાર પેન્ટ અથવા એન્કલ લેન્થ લેગિંગ્સ પહેરી શકાય. હાલમાં ઓવર સાઇઝ્ડ કુર્તા ખૂબ જ ટ્રેન્ડમાં છે કે જેમાં આર્મ હોલમાં સિલાઈ નથી હોતી. અને કુર્તાને પણ કોઈ શેપ નથી આપવામાં આવટતો. આ કુર્તાને જો જમીન પર રાખીએ તો બોક્સ જેવો લુક આવે. આ કુર્તામાં લેન્થ વેરિએશન આવે છે જેમકે, અબવ ની, બીલો ની અને કફ લેન્થ.



તમારી હાઈટ મુજબ તમે કુર્તાના લેન્થની પસંદગી કરી શકો. આ કુર્તા પાતળી યુવતીઓ પર ખૂબ જ સારા લાગે છે, શર્ત માત્ર એટલીજ કે, લુઝ ફિટેડ કુર્તાને કોન્ફિડન્ટલી કેરી કરતા આવડવું જોઈએ. તમને પોતાને કોંફરંટ ફીલ થવું જોઈએ તો જ આ સ્ટાઇલ ઊભરીને આવશે. ■





પ્રકરણ: ૧૪

# ચહેરા! મોહરા!

**યુવાનીમાં પૈસો જ જીવનનું મુખ્ય ધ્યેય હોવું જોઈએ એ વાત સોહમે જાતઅનુભવ પરથી શીખી લીધી હતી. યોગાનુયોગ, આજે તેને તક પણ મળી હતી. પૈસા મેળવવા માટે તે થોડું ઘણું જોખમ ઉઠાવવા પણ તૈયાર થઈ ગયો હતો...**

**પ્રફુલ્લ કાનાબાર**



**સોહમની** ઊંઘ ઊડી ગઈ હતી. થોડી વાર પહેલાં તદ્દન અજાણ્યા કેદી અંકુશે કહેલા શબ્દો તેના કાનમાં પડઘાઈ રહ્યા હતાઃ

'તું કરોડપતિ થઈ જઈશ.. તારી દુનિયા બદલાઈ જશે...!'

એ રાતે સોહમને માંડમાંડ ઊંઘ આવી. જોગાનુજોગ બીજે જ દિવસે સોહમનો જેલમાંથી છુટકારો થયો હતો. બહાર નીકળ્યા બાદ સોહમ ત્રિભેટે ઊભો હતો. એક રસ્તો તેના ઘર તરફ જતો હતો, જ્યાં જવાનું તેણે ટાળ્યું હતું.

બીજો રસ્તો એટલે અડાલજ તરફનો રસ્તો જ્યાં તે છકડામાં બેસીને અત્યારે જઈ રહ્યો હતો. છકડામાં તેના ઉપરાંત અન્ય પાંચ માણસ બેઠા હતા. છેલ્લા ચોવીસ કલાકમાં બનેલી ઘટનાઓ સોહમની આંખ સામેથી ફિલ્મની પટ્ટીની જેમ પસાર થઇ રહી હતી.

અંકુશે જેલમાં આપેલી ચબરખી અને એ ચબરખી પર લખેલું એક અજાણ્યું સરનામું.. જ્યાં પહોંચવાની સોહમને હવે તાલાવેલી જાગી હતી. સોહમની આંખમાં હવે કરોડપતિ બનવાનું સ્વપ્ન અંજાઈ ગયું હતું. ત્રીસેક વર્ષની ઉંમરમાં સોહમને એક વાત બરોબર સમજાઈ ગઈ હતી કે ગરીબી માણસને તોડી નાખે છે... તેના સ્વમાનના લીરા ઉડાડી શકે છે... લાચારીમાં જીવવા માટે મજબૂર કરી શકે છે. ગરીબી જેવો અભિશાપ એક પણ નથી. 'પૈસો હાથનો મેલ છે, પૈસા તો કૂતરા પણ નથી સૂંઘતા..' એવું કહેનારા વાસ્તવમાં પુષ્કળ પૈસા કમાઈને પછી જ એવું કહેતા હોય છે! ખરેખર તો એવા લોકો દંભી હોય છે અને એ લોકો જ પૈસા પાછળ કૂતરાની જેમ દોડતા હોય છે!

લાંબા કારાવાસ દરમિયાન, હવે એ ખુદની સાથે એકદમ નિખાલસ બની ગયો હતો. જીવનમાં પૈસો જ સર્વસ્વ છે. યુવાનીમાં પૈસો જ જીવનનું મુખ્ય ધ્યેય હોવું જોઈએ એ વાત સોહમે જાતઅનુભવ પરથી શીખી લીધી હતી. યોગાનુયોગ આજે તેને તક પણ મળી હતી. પૈસા મેળવવા માટે તે થોડું ઘણું જોખમ ઉઠાવવા પણ તૈયાર થઈ ગયો હતો.

અંકુશે કહ્યું હતું કે તારે કોઈને પતાવી દેવાનો નથી... બસ, માત્ર ઓળખ બદલવાની છે.

સોહમ વિચારી રહ્યો.. આમ પણ તેની ક્યાં કોઈ ઓળખ જ હતી? કપાળ પર તો ખૂનીનું લેબલ લાગી જ ચૂક્યું હતું ને? તેર વર્ષ કારાવાસ ભોગવનાર માણસને સમાજ સ્વીકારશે કે કેમ એ પણ યક્ષપ્રશ્ન હતો. સમાજનો વિચાર આવતાં જ સોહમનો ગોરો ચહેરો ગુસ્સાથી લાલ થઈ ગયો. સમાજ? કયો સમાજ.. એ સમાજ જ્યાં તેનું બાળપણ વીત્યું હતું ? એ સમાજ જ્યાં એને યુવાનીના આભમાંય ક્યારેય બે ટંક પેટ ભરીને ખાવાનું મળ્યું નહોતું? એ સમાજ જ્યાં ચારે બાજુ ગરીબી જ ગરીબી હતી અને ગરીબોનાં આંસુ લૂછવા માટે એક પણ ધનવાન નજીક આવ્યો નહોતો? એ સમાજ જ્યાં તેની મા પારકા ઘરે કામ કરવા જતી હતી અને માની આવક પર કહેવાતો બાપ તાગડધિન્ના કરતો હતો? એ સમાજ જ્યાં તેને ખુદના બાપનું નામ પણ એને ખબર નહોતી... ભાડમાં જાય સમાજ.. હવે તો બસ ધનવાન બનીને જ જીવવું છે. એક વાર ઓળખ બદલાઈ જશે તો પેલું ખૂનીનું લેબલ પણ આપોઆપ અદૃશ્ય થઈ જશે.

છકડો હાઈ-વે પર અડાલજની સીમમાં ઊભો રહ્યો. ત્યાં ઊતરનાર સોહમ એકમાત્ર પેસેન્જર હતો. છકડો તરત ગાંધીનગર તરફ રવાના થઈ ગયો. સોહમે જીન્સના ખિસ્સામાંથી ગઈકાલે અંકુશે આપેલી ચબરખી કાઢી. એ પ્રમાણે સોહમ જમણા હાથે કાચા રસ્તે ચાલવા લાગ્યો. દસેક મિનિટ ચાલ્યા બાદ નાનકડું મહાદેવનું મંદિર દેખાયું. મંદિરની બાજુમાં જ એક ગાય બાંધેલી હતી. મંદિરની જર્જરિત અવસ્થા જોઈને સોહમ ફિક્કું હસ્યો. તે મનમાં જ બોલ્યો: 'વાહ..ભગવાન તારી અને મારી દશામાં ખાસ ફર્ક નથી...!'

સોહમ બાળપણથી જ પિતાના ત્રાસને કારણે નાસ્તિક હતો. મા સાથે વાત કરતી વખતે પણ તે કાયમ તારા ભગવાન એમ જ બોલતો.. માની યાદ આવતાં જ સોહમની આંખમાં આંસું ધસી આવ્યાં.

મંદિરના ખુલ્લા દરવાજામાં બરોબર સામે મહાદેવજીના લિંગનાં દર્શન થતાં હતાં. એ તરફ સોહમે આક્રોશ ભરેલી નજર ફેંકી...

મંદિરની પાછળ એક બેઠા ઘાટનું પાકું મકાન હતું. ફળિયામાં ખાટલા પર વધેલી દાઢી અને કપાળમાં તિલક કરેલા એક પંચાવન આસપાસના મહારાજ બેઠા હતા. તેમના ગળામાં મોટા રુદ્રાક્ષની માળા લટકતી હતી.

'કિસ કા કામ હૈ?'

ઘેઘૂર વડલા નીચે બેઠેલા મહારાજનો અવાજ પણ ઘેઘૂર હતો.

'જી.. નંદગીરી ગોસ્વામીજી કો મિલના હૈ' સોહમના અવાજમાં થડકાર હતો.

'મૈં હી નંદગીરી હું..બોલો.'

'જી.. મુઝે અંકુશને ભેજા હૈ.' અંકુશનું નામ સાંભળીને મહારાજની આંખમાં ચમક આવી ગઈ.

'બૈઠો..' સામે પડેલા સિંદરીવાળા ખાલી ખાટલા તરફ નંદગીરીએ ઈશારો કર્યો.

સોહમ ખાટલા પર બેઠો. બપોરની ગરમી વચ્ચે વડલાની ઠંડક સોહમને સારી લાગી.

'ભોલુ.. પાની લાના..' નંદગીરીએ બૂમ પાડી. થોડી વાર બાદ અંદરથી વીસેક વર્ષનો ગોળમટોળ ભોલુ હાથમાં પાણીના ગ્લાસ સાથે બહાર આવ્યો. સોહમ એક જ ઝાટકે આખો લોટો પાણી પી ગયો.

'ભોલુ.. ચાય બના કે લા.' નંદગીરીએ બીજો હુકમ છોડયો.

ભોલુ અંદર ગયો એટલે નંદગીરીએ કહ્યું: 'દેખ ભાઈ, સોહમ..' નંદગીરીના મોઢે ખુદનું નામ સાંભળીને સોહમ ચમક્યો. તેને તરત ખ્યાલ આવી ગયો કે તે અહીં આવશે જ તેની નંદગીરીને માત્ર ખબર જ નહોતી બલકે ખાતરી પણ હતી. સોહમ વિચારી રહ્યો.. એક વાત તો નક્કી છે કે અંકુશ જે કોઈ લોકો સાથે સંકળાયેલો છે, તેમનું નેટવર્ક ગજબનું પાવરફૂલ છે. હવે નંદગીરી આગળ શું બોલે છે તે સાંભળવા માટે સોહમ આતુરતાથી તેમની સામે જોઈ રહ્યો.

'એક બાર ઇસ રાસ્તે પે જાયેગા બાદમે વાપસ આને કા સોચને કા નહી.'


'લેકિન મુઝે જાના કહાં હોગા?' આખરે સોહમે રૂમાલ વડે કપાળ પરનો પરસેવો લૂછતાં પૂછી જ લીધું.

'ફિલહાલ તો વાપી તક જાના હૈ.. વહીં સે તુઝે આગે કહાં કહાં જાના હૈ, વોહ બતાયા જાયેગા.'

સોહમ સમજી ગયો કે નંદગીરી અત્યારે તેની પાસે ફોડ પાડીને વાત કરવા માંગતા નથી. ઘણા લોકોને એવી ટેવ જ હોય છે કે બાજી હાથમાં હોય ત્યારે બધાં પાનાં એકસાથે ન ઊતરે.. અમુક પાનાં પકડી જ રાખે.

'મહારાજ, અંકુશને બતાયા થા કી યે રાસ્તે પે જાઉંગા તો મૈ ધનવાન હો જાઉંગા.. બસ ઇસી વાસ્તે મૈ આજ યહાં આયા હું.' સોહમે નંદગીરીને મહારાજ તરીકે જ સંબોધન કર્યું.

'વોહ લડકેને બિલકુલ સહી બતાયા હૈ... તુને સપને મેં ભી નહિ સોચા હોગા ઇતની લક્ષ્મી તેરી રાહ દેખ રહી હૈ.'



ત્યાં જ ભોલુ ચા બનાવીને કીટલીમાં લઈને આવી પહોંચ્યો. ભોલુએ બે રકાબીમાં ચા કાઢી.

'લો, પહેલે ચાય પી લો... ઠંડી હો જાયેગી.' નંદગીરીએ આદેશના સૂરમાં કહ્યું.

ચા પીતી વખતે સોહમ મનમાં જ વિચારી રહ્યો... ગમે તેટલું પૂછીશ તોપણ આ બાવો વધારે વિગત આપશે નહી... ડગલું ભર્યું કે ના હટવું એવું સ્કૂલમાં ભણવામાં આવતું જ હતું ને? હવે અહીં સુધી આવી ગયો છું તો પડશે એવા દેવાશે.. આમ પણ એક વાર વાપી સુધી જવામાં તેને કાંઈ ગુમાવવાનું તો હતું જ નહી. ચા પીને રકાબી નીચે મૂકતી વખતે સોહમ ફિક્કું હસ્યો.. તેની પાસે ગુમાવવા જેવું હતું પણ શું?

સોહમ ફિક્કું હસ્યો એ વાત નંદગીરીના ધ્યાનમાં આવી ગઈ:

'ક્યા સોચ રહે હો?'

'મહારાજ,..મૈ સોચ રહા થા વાપી મૈને દેખા નહી.. આજ તક વહાં કભી ગયા નહિ.'

'ઇસકા મતલબ હૈ કી તુ વાપી જાને કા સોચ રહા હૈ.. સિર્ફ સોચ હી નહી રહા.. લેકિન તુને તય ભી કર લિયા હૈ.

નંદગીરીની ટૂ ધ પોઈન્ટ વાત કરવાની રીત સોહમે નોંધી લીધી.

'મુઝે તો ચહેરા દેખ કે હી પતા ચલ જાતા હૈ કી સામને વાલે કે દિમાગમેં ક્યા ચલ રહા હૈ..' નંદગીરીએ બીડી સળગાવી.

'મહારાજ, મૈ તૈયાર હું.'

'ઐસે કૈસે જાયેગા? નંદગીરી બીડીના એકસાથે બે-ત્રણ કસ મારીને ઠૂંઠું પગ નીચે દબાવીને ઊભા થયા. ઘરની અંદર ગયા. ગણતરીની ક્ષણમાં જ તે પરત આવ્યા ત્યારે તેમના હાથમાં રાઇફલ હતી. તેમણે રાઇફલ સોહમ સામે તાકી. સોહમને આખા શરીરે પરસેવો વળી ગયો.

સોહમના શરીરમાંથી ભયનું એક લખલખું પસાર થઈ ગયું....

(ક્રમશઃ)■

---

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શુક્રવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

મરાઠી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી બનાવો

| A | B |
|---|---|
| मुंगी | માથું |
| मुंज | સંમતિ |
| मुंडी | કીડી |
| मुका | જનોઈ |
| मुभा | મૂંગો |

### ઓળખાણ પડી?

મુખ્યત્વે ભારતમાં અને અમુક અંશે ઓસ્ટ્રેલિયામાં કાયમ જોડીમાં જ જોવા મળતા અને ખાસ્સી લંબાઈ ધરાવતા પક્ષીની ઓળખાણ પડી?

અ) તેતર બ) કલકલિયો
ક) સારસ ડ) બુલબુલ



### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ચ | ૨ રિ | ૩ તા | ર્થ | | ૪ મ | ૫ હા | ૬ પુ | રુ | ૭ ષ |
| ૮ ર | સ | મ | | ૯ ઉ | ક | ર | ડી | | ટ્ |
| ણા | | જા | | ૧૦ પા | ર | | | ૧૧ પા | કો |
| મૃ | | ૧૨ મ | ૧૩ જૂ | સ | | ૧૪ બ | ળ | ત | ણ |
| ૧૫ ત | ૧૬ વા | | ૧૭ જ | ના | ૧૮ વ | ર | | ળી | |
| | ૧૯ હ | ળ | વું | | હે | | ૨૦ ર | | ૨૧ અ |
| ૨૨ અ | ન | | | ૨૩ અ | મ | ૨૪ રા | ઇ | | મ |
| ન | | ૨૫ તા | પ | ણું | | ૨૬ ત | સ | ૨૭ વી | ર |
| ૨૮ હ | મા | લ | | | ૨૯ હા | | | ૩૦ તે | વે |
| દ | | ૩૧ વ્ય | ક્તિ | ત્વ | નિ | ર્મા | ણ | | લ |

### શબ્દલાલિત્ય
સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | ૪ | | ૫ | ૬ | ૭ | ૮ |
| ૯ | | | ૧૦ | | ૧૧ | | ૧૨ | | |
| | | ૧૩ | | | ૧૪ | ૧૫ | | | |
| ૧૬ | | | | ૧૭ | | | | | ૧૮ |
| | | ૧૯ | | | | | ૨૦ | | |
| | ૨૧ | | | | | ૨૨ | | | |
| ૨૩ | | | ૨૪ | | ૨૫ | | | | ૨૬ |
| ૨૭ | | | | | ૨૮ | | | | |
| | | | | | | | ૨૯ | | |
| ૩૦ | | | | ૩૧ | | | | | |

**આડી ચાવી**

૧. --- ભવ એટલે લાંબું જીવો (૫)
૫. મરેલાને જીવતા કરે એવી વિદ્યા (૪)
૯. રસ્તો (૨)
૧૦. કર્તવ્ય (૩)
૧૨. બેડોળ, નઠારા, ખરાબ (૩)
૧૩. તારી જો --- સુણી કોઈ ના'વે (૨)
૧૪. ભોજન સાથે હોય તો મજા આવે (૩)
૧૬. ધર્મનું પાલન કરનાર (૩)
૧૭. મજબૂત, કસવાળું (૩)
૧૮. સંગીતનું સાધન (૨)
૧૯. આવવું તે (૩)
૨૦. ખોબો, પોશ (૩)
૨૧. --- પડવો એટલે નુકસાન થવું (૨)
૨૨. બાંગનો પોકાર (૩)
૨૩. રૂઢિ, પરંપરા (૨)
૨૪. કુહાડી સાથેના રામ (૫)
૨૭. સડેલું (૪)
૨૮. હિસ્સો (૨)
૨૯. કટિ, કેડ (૩)
૩૦. અર્થ, સારાંશ (૩)
૩૧. ઝેર પીને ઉછરેલી કન્યા (૪)

**ઊભી ચાવી**

૧. આપત્તિના સમયનો ધર્મ (૫)
૨. અંગ્રેજીમાં યુવા (૨)
૩. અનુકૂળ, રુચતું, પ્રમાણે (૩)
૪. પુરુષ (૨)
૬. ચેતનવાળું (૩)
૭. શ્રેષ્ઠ (૨)
૮. શ્રદ્ધાંજલિ (જો.છૂ.) (૫)
૧૧. થોડુંક (૩)
૧૩. જામીન, જામીનદાર (૪)
૧૫. ખાટલાના બે પાયા જોડે (૨)
૧૭. છોકરીઓ કુર્તા સાથે પહેરે (૪)
૧૮. પ્રિયતમ (૩)
૨૦. અંત, પરિણામ (૩)
૨૧. માથે વજન ઉંચકનાર (મરાઠી) (૩)
૨૨. રાગ રહિત, નિર્વિકાર (૩)
૨૩. ખુશી, આનંદ (૪)
૨૪. આંખનો પલકારો, ક્ષણ (૩)
૨૫. શુભ થાઓ એવા આશીર્વાદ (૪)
૨૬. સ્મૃતિ (૪)
૨૯. એક રાશિ, કુંવારીકા (૨)

### ગુજરાત મોરી મોરી રે

અટપટી રીતે સમજાવતા સંબંધને ઓળખી કાઢો. કોઈ ભાઈના એકમાત્ર સગા કાકાના સગા ભાઈની પત્નીની એકમાત્ર દીકરીનો પતિ એ ભાઈને સગપણમાં શું થાય એ દિમાગ દોડાવી જણાવો જોઉં.

અ) ભાણેજ બ) જમાઈ ક) બનેવી ડ) ભત્રીજો

### જાણવા જેવું

પદાર્થ પર પહેલાં આપણી નજર પડે ત્યારે બહુધા આપણને બે બાબતનું જ્ઞાન થાય છે. એક એના આકારનું અને બીજું એના રંગનું. વૈજ્ઞાનિકોએ સિદ્ધ કર્યું છે કે, રંગ વાસ્તવમાં પ્રકાશનાં કિરણોમાં જ હોય છે અને વસ્તુઓના ભિન્ન ભિન્ન રાસાયણિક ગુણોને લીધે જ આપણી આંખોને તેનો અનુભવ વસ્તુઓમાં થાય છે.

### સુડોકુ-૭૦૮૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | ૧ | ૯ | ૭ | ૬ | |
| ૩ | | | ૪ | | | ૧ | | ૮ |
| | ૯ | | ૮ | ૭ | | | ૫ | ૨ |
| ૪ | | | | ૩ | ૧ | | ૮ | |
| | | ૧ | | | | ૫ | | |
| | ૮ | | ૫ | ૨ | | | | ૩ |
| ૯ | ૧ | | | ૪ | ૮ | | ૩ | |
| ૭ | | ૫ | | | ૩ | | | ૯ |
| | ૬ | ૩ | ૨ | ૯ | | | | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૭૦૮૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | ૯ | ૩ | ૪ | ૨ | ૧ | ૮ | ૭ | ૫ |
| ૧ | ૮ | ૪ | ૯ | ૭ | ૫ | ૩ | ૬ | ૨ |
| ૫ | ૨ | ૭ | ૮ | ૬ | ૩ | ૧ | ૯ | ૪ |
| ૯ | ૬ | ૫ | ૧ | ૪ | ૭ | ૨ | ૮ | ૩ |
| ૩ | ૭ | ૮ | ૨ | ૫ | ૬ | ૪ | ૧ | ૯ |
| ૪ | ૧ | ૨ | ૩ | ૮ | ૯ | ૬ | ૫ | ૭ |
| ૨ | ૪ | ૬ | ૫ | ૯ | ૮ | ૭ | ૩ | ૧ |
| ૭ | ૫ | ૧ | ૬ | ૩ | ૨ | ૯ | ૪ | ૮ |
| ૮ | ૩ | ૯ | ૭ | ૧ | ૪ | ૫ | ૨ | ૬ |

### ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

આપેલા વાક્યમાં એક બીમારી સંતાઈ બેઠી છે એ શોધી કાઢો
ઘરે વહેલા આવજો વેવાઈ જમવા આવવાના છે.

### નોંધી રાખો

દુનિયાના સૌથી સુખી લોકો એ ગણાય છે જે બહુ જલદી સમજી ગયા છે કે બીજા પાસે અપેક્ષા રાખવી નિરર્થક છે.

### માઈન્ડ ગેમ

માનવ શરીરના હૃદય સંબંધિત તકલીફ, સમસ્યા કે બીમારીની સારવાર કરનાર ડોક્ટર કયા નામથી ઓળખાય છે એ કહી શકશો?

અ) રેડિયોલોજિસ્ટ બ) ઑથોમોલોજિસ્ટ
ક) રેડિયોલોજિસ્ટ ડ) કાર્ડિયોલોજિસ્ટ

### ગયા ગુરુવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| चाक | પૈડું |
| चविष्ट | સ્વાદિષ્ટ |
| चर्मकार | મોચી |
| चषक | કપ, ટ્રોફી |
| चाणाक्ष | ચતુર |

ઓળખાણ પડી?
Mentis

માઈન્ડ ગેમ
નેફ્રોલોજિસ્ટ

ગુજરાત મોરી મોરી રે
ભાભી

ચતુર આપો જવાબ
માથું ખંજવાળો
હોંચી

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) સુભાષ મોમાયા (૨) મુલરાજ કપૂર (૩) કિશોરકુમાર જીવણદાસ વેદ (૪) પ્રતિમા પમાણી (૫) ગીતા ઉદેશી (૬) ધીરેન્દ્ર ઉદેશી (૭) તાહેર ઔરંગાબાદવાલા (૮) શીરીન ઔરંગાબાદવાલા (૯) અબ્દુલ્લા એફ. મુનીમ (૧૦) ભારતી બુચ (૧૧) લજિતા ખોના (૧૨) વિભા મહેશ્વરી (૧૩) ડૉ. પ્રકાશ કટકિયા (૧૪) ભારતી પ્રકાશ કટકિયા (૧૫) પુષ્પા પટેલ (૧૬) ખુશરૂ કાપડિયા (૧૭) શ્રદ્ધા આશર (૧૮) જ્યોતિ ખાંડવાલા (૧૯) મીનળ કાપડિયા (૨૦) કિશોર બી. સંઘરાજકા (૨૧) મનીષા શેઠ (૨૨) ફાલ્ગુની શેઠ (૨૩) ભાવના કર્વે (૨૪) મહેન્દ્ર લોઢાવિયા (૨૫) વિણા સંપટ (૨૬) દેવેન્દ્ર સંપટ (૨૭) કલ્પના આશર (૨૮) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૨૯) નીતા દેસાઈ (૩૦) મહેશ દોશી (૩૧) અંજુ ટોલિયા (૩૨) પ્રવિણ વોરા (૩૩) જગદીશ ઠક્કર (૩૪) હરીશ મનુભાઈ ભટ્ટ (૩૫) જયવંત પદમશી ચિખલ (૩૬) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૭) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૮) શિલ્પા શ્રોફ (૩૯) નયના ગિરીશ મિસ્ત્રી (૪૦) અરવિંદ કામદાર (૪૧) જ્યોત્સના ગાંધી (૪૨) રમેશ દલાલ (૪૩) ઈનાક્ષી દલાલ (૪૪) હિના દલાલ

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# પુરુષ

## પક્ષી ને પતંગ બનવામાં ફરક તો છે, પણ...



મેલ મેટર્સ
અંકિત દેસાઈ
feedback@bombaysamachar.com

અભિનેતા- લેખક માનવ કૌલે એક પુસ્તકમાં સરસ વાત કરેલી, જે મને ઉત્તરાયણે યાદ આવી અને એ વાત આપણે આખું વર્ષ, કે જીવનભર યાદ રાખી શકીએ એમ છીએ.

માનવે એના આત્મકથાનક પુસ્તકમાં લખેલું કે માણસ પક્ષી બનવા નીકળતો હોય છે અને છેલ્લે પતંગ બનીને રહી જાય છે ! એટલે કે માણસ જીવનભર કોઈના દોરી સંચાર પર, કોઈની ઈચ્છાઓ મુજબ, કોઈના દબાણમાં કે કોઈના ભયથી પોતાનું જીવન જીવતો હોય છે. એનો અર્થ એ થાય કે માણસ, બીજાના હાથમાં પોતાની ફીરકી આપી દે ને પછી બીજા ચગાવે એમ ચગતો રહે છે.કોઈની ઢીલ પર ઢીલમાં ઉડતો હોય છે અને કોઈ ખેંચે ત્યારે તણાવનો સામનો કરતો હોય છે !


કેવી ઊંડી વાત છે....!

પતંગ આમ તો આપણે માટે માત્ર એક આનંદનું સાધન જ છે, પરંતુ આકાશના સંદર્ભે જ્યારે પતંગનો વિચાર કરીએ ત્યારે પોતાની ઈચ્છા મુજબ, પોતાની સ્વતંત્રતા સાથે જીવતા પક્ષી કરતાં પતંગ આપણને વધુ ગુલામ, વધુ લાચાર લાગે અને પતંગની સરખામણી આપણા જીવન સાથે થાય તો ? તો આપણી અંદર વ્યાકુળતા જન્મે કે સ્વીકારીએ કે ન સ્વીકારીએ , પરંતુ આપણે પણ બનવું હતું પક્ષી અને આખરમાં બની ગઈ ગયા પતંગ !

આપણે માનતા હતા કે આપણું ગમતું કરીશું, આપણને ફાવશે એ કરીશું, પરંતુ સમયે સમયે ઉંમરના કોઈ પણ પડાવ પર જુદી જુદી જવાબદારીઓએ આપણને આપણી ઈચ્છાના આકાશમાં ઉડતા અટકાવ્યા અને આપણે પતંગ બનીને સંજોગોને આધીન થઈ ઉડતા-આમ તેમ ભટકતા રહ્યા.

જોકે એવા સમયે એક તર્ક કે દલીલ એમ પણ આપી શકાય કે ઘણીવાર ઈચ્છા મુજબ ન ઊડીને સંજોગોને આધીન રહીને પતંગ બની રહ્યા એ પણ કંઈ નાનીસૂની વાત નથી. આખરે સંજોગને આધીન થઈને જીવતો માણસ ક્યારેય સ્વચ્છંદી નથી બનતો. બલ્કે સમયે સમયે પોતાની જવાબદારી નિભાવતો રહે છે. આ કારણે થાય એવું કે જીવનના અંતે સરવાળો કરવા બેસીએ તો એટલું સમજાય કે ભલે જીવનમાં ઈચ્છા મુજબનું ઘણું ન કરી શકાયું, પરંતુ સાંસારિક રીતે કે દુન્યવી રીતે આપણે મંડાયેલા તો છીએને ! આખરે ખૂંટે બાંધેલી ગાય ચરી નથી શકતી એટલું જ, પરંતુ ગાય તરીકેનું મૂલ્ય હંમેશાં બરકરાર રહે છે. એ ગાય ઢોરમાં, રખડતા ઢોરમાં નથી ખપતી ! અને ખૂંટે બાંધેલી ગાય પણ ભૂખે તો ક્યાં મરતી હોય છે?

અહીં મુદ્દો એ છે કે આપણને પક્ષી બનવા મળે, આપણી ઈચ્છા મુજબ, આપણા ગમતા આકાશમાં ઊડવા મળે તો એનાથી રૂડું કશું નથી, પરંતુ જો આપણે પક્ષી બનવાની ચાહતમાં પતંગ બની જઈએ તો પણ કંઈ ખોટું નથી. આખરે પતંગ બનીને પણ આપણે બીજાને સંતોષ આપતા હોઈએ છીએ, બીજાની અપેક્ષા પૂરી કરતા હોઈએ છીએ કે આપણા પરિવાર કે સ્વજનોનાં સપનાં પૂર્ણ કરીએ છીએ ! હા, એટલું જરૂર ધ્યાન રાખવું કે પતંગ બનીએ ત્યારે આપણે કોઈની ખોટી ઈચ્છાઓ, કોઈની દુષ્ટ ભાવનાઓના ગુલામ ન બનીએ, કારણ કે ઘણીવાર માણસ પતંગ બનીને જીવનથી એવો નાસીપાસ થઈ જતો હોય છે, કે આકાશને માણવાનું કે પવનની ફરફરમાં પોતાની ઉડાનનો આનંદ લેવાનું પણ બંધ કરી દે છે. જીવન સાથે આવું દુષ્કૃત્ય અસ્વીકાર્ય છે. પતંગ બન્યા તો બન્યા, પરંતુ પતંગ બનીને પણ પોતાના હકનો આનંદ અને પોતાના ભાગની મુક્તિ કોઈ પણ સંજોગમાં મેળવી લેવી. ભલે પછી એ માટે નાનો-મોટો સંઘર્ષ કેમ ન કરવો પડે! ■






કૌશિક મહેતા
feedback@bombaysamachar.com

## ગૃહિણી કેટલા કલાક કામ કરે છે?

ડિયર હની,

એક ચર્ચાએ જોર પકડ્યું છે અને એની શરૂઆત મોટા માણસોએ શરૂ કરી છે એટલે એ ચર્ચા લંબાતી જાય છે.
કર્મચારીએ કેટલું કામ રોજ કરવું જોઈએ એ વિષે ચર્ચા શરૂ થઈ છે. 'ઈન્ફોસીસ'ના સ્થાપક નારાયણમૂર્તિએ કહ્યું
કે, કર્મચારીએ સપ્તાહમાં ૭૦ કલાક કામ કરવું જોઈએ. આટલું પૂરતું નહોતું તો 'એલ એન્ડ ટી' નાં સુબ્રમણ્યમે
કહ્યું કે, સપ્તાહમાં ૧૦૦ કલાક કામ કરવું જોઈએ...
જોકે, એમાં ય એમણે જે પૂરક ટિપ્પણી કરી એ વધુ પડતી હતી. એમણે કહ્યું કે, તમે ઘેર પત્નીના ચહેરા જોતા
કેટલો સમય પસાર કરશો? આવી જાવ ઓફિસે ને કામ કરો... સુબ્રમણ્યમ અહીં ફસાઈ ગયા, કારણ કે એમની
ટિપ્પણી ખોટી છે. પત્ની એટલે કે ગૃહિણી જે અને જેટલું કામ કરી છે એટલું કોઈ પુરુષ કામ કરતો નથી.અને
કોઈ પણ ગૃહિણીનાં કામ કોઈ પુરુષનાં કામ સાથે સરખાવી પણ ના શકાય. એક ચુકાદામાં સુપ્રીમ કોર્ટે પણ આ
વાતની પુષ્ટિ કરી છે. એક અકસ્માત કેસમાં પુત્રીઓએ વળતરનો દાવો કર્યો અને કોર્ટે ૩૦ લાખથી વધુ વળતર
મંજૂર કર્યું. વાત મુદાની છે. તને ખબર છે કે, ૩ નવેમ્બરે 'ગૃહિણી દિવસ' પણ ઉજવાય છે.એ ઉજવણી તો ઠીક
છે, પણ ગૃહિણી જે કામ કરે છે એના પર ધ્યાન દેવા જેવું છે. એ સવારે ઘરમાં સૌથી પહેલા ઊઠી જાય છે. છ
સાત વાગ્યે કે એનાથી પણ વહેલા. નાનાં- મોટાં કામ કર્યા બાદ એ બાળકો હોય તો એને તૈયાર કરવા લાગી જાય
છે. એનો નાસ્તો તૈયાર કરે છે. બાદમાં ઘરના લોકો માટે અને ઘરમાં બાળકો સિવાય પતિ જ હોય તો એના માટે
ચા- પાણી, નાસ્તો બનાવે છે. એ બધામાંથી પરવારી જાય એટલે એ બપોરની રસોઈની તૈયારીમાં લાગી જાય...
હા, બપોરે એને નાનકડો બ્રેક મળે ખરો પણ સાંજે ફરી ડિનરની તૈયારી. અને રાત્રે દસેક વાગ્યા સુધી આ બધું
ચાલે છે. એમાં જો મહેમાન આવી જાય તો કામનો એ સમય ગાળો વધી જાય ... તું તો જાણે છે પણ છતાં ય
કહું કે, એક ગૃહિણી રોજ લગભગ ૧૦ થી ૧૨ કલાક તો કામ કરે જ છે. અને એ કોઈ પણ પુરુષ કર્મચારી
આટલું કામ કરતો નથી. કોઈ પણ ઓફિસ હોય કે ફેક્ટરીમાં કામ કરનારા કર્મચારીની કોઈ ગૃહિણી જેટલી
જવાબદાર પણ નથી હોતી. બાળકોનો ઉછેર કરવો એ સૌથી મુશ્કેલ કામ છે. ઘરના સભ્યોની સારસંભાળ પણ
ઓછી મુશ્કેલ નથી. વળી, કોઈ કર્મચારી તબિયત સારી ના હોય તો રજા લઇ શકે છે પણ ગૃહિણી મોટાભાગે
નાની બીમારીમાં તો કામ કરતી રહે છે. એને વીકલી ઓફ પણ નથી હોતો, એટલું જ નહિ, એ પોતાનાં કામના
બદલામાં કોઈ વળતર પણ માગતી નથી, છતાં એના કામને ઓછું આંકવામાં આવે છે.

ચાહ નહીં, પાકર ઈસ હફ્તે તુમસે મૈં ગુલાબકોઇ પાઉં
ચાહ નહીં, 'આઇ લવ યૂ 'કહો, ઔર મૈં સુનકર ઈતરાઉં
ચાહ નહીં, તુમ ચોકલેટદો ઔર મૈં ગપગપ ખા જાઉં
ચાહ નહીં, ટૈડી બેર પાકર ઉસે શોકેસ મેં સજાઉં
ચાહ નહીં, એક તાજમહલ કા વાદાતુમસે પાઉં
ચાહ નહીં, આલિંગનમેં, મૈં તુમ્હારે બંધ જાઉં
ચાહ નહીં, ચુંબન તુમ્હારે મૈં અધરો પે સજાઉં
મુજે દેના વો ચાદર પ્રિયે...
જિસે તાન મૈં, પૂરા દિન સો જાઉં...
ઔર જબ ભી તુમ કિસી કામ કો બોલો,
મૈં બહરી હો જાઉં...મૈં બહરી હો જાઉં !

આ રચના કોની છે એ ખબર નથી પણ એમાં એક ગૃહિણીની લાગણી,
સંવેદનાને બખૂબી ઝીલવામાં આવી છે. જ્યારે કોઈ ગૃહિણીનાં કામને
તવજ્જો ના મળે ત્યારે એમનામાં આવી લાગણી જન્મે છે. તને પણ આવી લાગણી ક્યારેક થતી જ હશે.
અરે ! ઘરના સભ્યો તો ગૃહિણીની રસોઈની વાત
છે ત્યાં સુધી , કોઈ ભૂલ હોય તો ટીકા એકદમ કરે છે, પણ સારી રસોઈના
વખાણ ભાગ્યે જ કરે છે. ઘરના સભ્યો આ મુદે વિચારે એ જરૂર છે. ગૃહિણીની
નાનકડી ભૂલ પણ મોટી કરી જોવામાં આવે છે,
પણ ઘરમાં પુરુષ નાહ્યા બાદ એનો ટુવાલ પણ યોગ્ય જગ્યાએ સુકવવાની ખેવના કરતો નથી,
એની કોણ ટીકા કરે છે ? ને થાય તો એ બહુ હળવાશમાં થાય છે. આવી
વાતોની તો યાદી બનાવી શકાય એમ છે. અને સાચું કહું તો ઘરના
બધા સભ્યો
સાથે હું પણ આવી જાઉં છું. જાણતા કે અજાણતા હું પણ ટીકા
કરતો હોઉં છું
અને મારી ભૂલ પર પડદો પાડતો હોઉં છું અથવા તો એ ભૂલ છે
એવું માનતો
જ નથી. અમે બધા ગૃહિણીના કામકાજને માનથી જોઈએ તો પણ
ઘણું છે.
-અને હા, નારાયણમૂર્તિ અને સુબ્રમણ્યમ આવા મુદે કોઈકવાર
વાત કરે તો કેવું સારું!

તારો બન્ની

## આ પણ એક બાપ એવો કે...



feedback.ladki@bombaysamachar.com
નીલા સંઘવી

સામાન્ય રીતે વૃદ્ધાશ્રમમાં રહેતા વૃદ્ધોને જોઈને આપણી પ્રતિક્રિયા કેવી હોય?

'જુઓ તો સંતાનો કેવાં થઈ ગયા છે? આજની પેઢીને શું થઈ ગયું છે? પાંચ પાંચ પુત્રને ઉછેરનારા એક માતા-પિતાને પુત્રો નથી સાચવી શકતા. ખરુંને?'

જોકે, દરેક વખતે સંતાનોનો જ વાંક હોય તેવું નથી હોતું. ઘણી વાર માતા-પિતાનો વાંક પણ હોય છે. એક વૃદ્ધાશ્રમના સંચાલકે એમના વૃદ્ધાશ્રમમાં રહેતા એક વૃદ્ધ વિશે જે વાત કરી એ આપ સૌ વાચકો સાથે શેર કરું છું...

સિક્કાની બીજી બાજુ જેવા એ ભાઈનું નામ અજિતભાઈ. (નામ બદલ્યું છે.) અજિતભાઈ પોતે ખાધેપીધે સુખી ઘરનું સંતાન. ચાર બહેન અને પાંચ ભાઈઓનો બહોળો પરિવાર. અજિતભાઈ ગ્રેજ્યુએટ થયા અને નોકરીએ લાગ્યા, પણ થોડા જ સમયમાં શેઠના પૈસા લઈને ગાયબ થઈ ગયા. પોલીસે પકડ્યા, સજા થઈ. સજા ભોગવ્યા પછી જેલમાંથી બહાર આવ્યા. પત્ની અને બે બાળકનો સંસાર હતો. પત્ની પાસે માફી માગી : 'હવેથી આવું નહીં કરું' ની બાંહેધરી આપી. પત્ની પીગળી ગઈ અને પતિને માફ કરી દીધો. પોતાના જ બનેવીની ઑફિસે બેનને કાકલૂદી કરી અજિતભાઈને કામે લગાડ્યા. અજિતભાઈ સારું અંગ્રેજી જાણે. પર્સનાલિટી પણ સારી. સેલ્સમેન તો એવાં કે ટાલિયાને કાંસકો વેચી આવે. એની આ આવડતથી અજિતભાઈના શેઠ ખુશ હતા, પણ અજિતભાઈ જેનું નામ! ફરી ગોટાળો કર્યો. પૈસા લઈને ભાગ્યા. પકડાયા વગર રહે? ઘરે પોલીસ આવે. અજિતભાઈના પત્નીને દમદાટી આપે અજિતભાઈના સગડ મેળવવા માટે. પત્ની ત્રાસી ગઈ. બાળકો પણ હવે સમજણાં થયાં હતાં. પડોશનાં બાળકો 'તેરા બાપ ચોર હૈ' કહીને ચીડવતા. બાળકો રડતા અજિતભાઈના પત્ની પણ યુવાન હતાં. પોલીસની નજર એમના પર પડતી. પાસ પડોશ મિત્રવર્ગ પણ મદદ કરવાને બહાને આ અસહાય સ્ત્રી પર નજર બગાડતા હતા... આ બધું અજિતભાઈની પત્ની સમજતી હતી. ત્રણ ચાર વાર આવાં કાંડ કર્યા હોવાને કારણે સૌ સગાં સંબંધીઓએ આ પરિવારનો સાથ છોડી દીધો હતો. અજિતભાઈના પરિવારની હાલત બૂરી હતી. ઘર તો અજિતભાઈના પત્નીના નામે હતું એ એક સારી બાબત હતી, જેથી એ આશરા વિનાના થઈ ગયા ન હતા, પણ બે બાળક અને પોતે એમ ત્રણ જણનો ખાવા-રહેવાનો તેમજ બાળકોના શિક્ષણનો ખર્ચ કરવા અજિતભાઈના પત્નીને કામ કરવું જ પડે તેમ હતું. મુશ્કેલી એ હતી કે ઘરની બહાર કામ કરવા નીકળે તો બે બાળકનું ધ્યાન કોણ રાખે? એમને સ્કૂલમાં લેવા મૂકવા કોણ જાય?



અજિતભાઈના પત્ની મૂંઝાણાં : શું કરવું? પડોશમાં એક વૃદ્ધ દંપતી રહેતું હતું. એ આ બહેનની મુશ્કેલી સમજતા હતાં. વળી વૃદ્ધ બાથી રસોઈ થતી ન હતી તેથી એક દિવસ એમણે અજિતભાઈનાં પત્નીને કહ્યું, ' જો બહેન, એક સૂચન કરું. તું મારી દીકરીની ઉંમરની છે. તારી તકલીફ, તારી વ્યથા હું સમજુ છું ઘરની બહાર કામ કરવા જવું બાળકોને કારણે તારા માટે મુશ્કેલ છે ઉપરાંત ગરજવાન યુવાન સ્ત્રી હોય તો તેણે પોતાની જાતને પણ સાચવવી પડે, તું ઘરે બેઠાં એક કામ કરી શકે છે. તું સારી રસોઈ બનાવે છે. ઘણી વાર તું અમારે ઘરે નવી વાનગી બનાવી હોય તો આપી જાય છે તેથી મને ખબર છે. તું ટિફિન સર્વિસ શરૂ કરી દે. ઘરેથી જ રસોઈ કરીને ટિફિન આપી દેવાના. જેને જોઈએ એ તારી પાસેથી લઈ જાય. સૌથી પ્રથમ ગ્રાહક અમે જ છીએ. આમ પણ મારાથી હવે રસોઈ થતી નથી. અમારી જેવાં તો ઘણાં લોકો હશે જેમને ઘરનું ખાવાનું જોઈતું હોય. વૃદ્ધો તેમજ નોકરી કરતી બહેનોને આ સર્વિસ ઉપકારક થઈ પડશે અને તારા ઘરનો ખર્ચ ચાલી જશે. મને તો તું કાલથી જ ટિફિન આપી દેજે. '

'ઓહ, બા આ તો સરસ આઈડિયા છે, કાલથી તમારું ટિફિન પાકકું.'

એ પછી તો આ બહેને છાપાંઓમાં પેમ્પલેટસ નખાવ્યા. શરૂઆતમાં થોડી મુશ્કેલી પડી પણ પછી સ્વાદિષ્ટ તાજી રસોઈને કારણે આ બહેનને ટિફિનના ઘણાં ઓર્ડર મળવા લાગ્યા. અને ધીમેધીમે પોતાનું અને બાળકોનું ભરણપોષણ સરસ રીતે કરવા લાગ્યાં.

એ દરમિયાન વચ્ચે વચ્ચે અજિતભાઈ જેલમાંથી છૂટે ત્યારે પરાણે આ લોકોના ઘેર આવીને રહે. ઝઘડા કરે વળી કોઈનું ચીટિંગ કરે જેલમાં જાય. આમ વર્ષો વીતી ગયા. બંને બાળક યુવાન થઈ ગયા. દીકરી પરણાવી. દીકરો પણ પરણ્યો, પણ અજિતભાઈ જેવાં હતાં તેવાં જ રહ્યાં. એમનામાં કોઈ સુધારો ન થયો. હજુ પણ પોલીસની આવનજાવન ઘરે ચાલુ જ હતી. હવે દીકરી-દીકરાનાં પણ બાળકો થયાં. દીકરાની વહુને આ બધું જરા પણ પસંદ ન હતું, જોકે કોઈને જ પસંદ નહતું પણ કંઈ કરી શકતા ન હતા.

પુત્રવધૂએ નિર્ણય કર્યો કે સસરા હવે વૃદ્ધ થયા છે પોતાની સાથે રહે છે, ગમે ત્યારે કોઈનું પણ ચીટિંગ કરી શકે છે. અમારે હવે આવી ઉપાધિ નથી જોતી. એણે પોતાના પતિ અને સાસુને કન્વિન્સ કર્યા...

'-અને અજિતભાઈને અમારા વૃદ્ધાશ્રમમાં મૂકી ગયા. મૂકવા આવ્યા ત્યારે એમણે અમને બધી વાતથી વાકેફ કરી દીધાં હતાં. અજિતભાઈ હવે વૃદ્ધ થયા છે પણ એમના કારણે પરિવારે જિંદગીભર જે મુસીબતો વેઠી છે તેને કારણે સાથે રાખવા તૈયાર નથી. તેથી અમે એમને સ્ટ્રીક્ટ વોર્નિંગ આપીને અહીં રાખી લીધાં છે. અમારાં આશ્રમના નિવાસીઓને પણ એમના વિષે વાત કરી દીધી છે, જેથી એમની સાથે કોઈ પૈસાની લેવડદેવડ કરે નહીં. અમે તો આ વૃદ્ધાશ્રમ જ એટલા માટે બનાવ્યો છે કે જેને કોઈ ન રાખે તેને અમે રાખીશું. તેથી આવી વ્યક્તિને પણ અમે સાચવીએ છીએ, જેથી જિંદગીનો એમનો ઉત્તરાર્ધ તો શાંતિથી વીતે....' વૃદ્ધાશ્રમના સંચાલકે અજિતભાઈની કરમકથની પૂરી કરી.■

# રિલાયન્સ, ઝોમેટો, કોટક સહિતના શેરને સહારે સેન્સેક્સમાં ૨૦૦ પોઇન્ટનો સુધારો, નિફ્ટીએ ૨૩,૨૦૦ની સપાટી ફરી હાંસલ કરી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: વૈશ્વિક બજારોમાં સુધારા સાથે સ્થાનિક સ્તરે રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ, ઝોમેટો અને કોટક બેન્ક સહિતના ઇન્ડેક્સના શેરોમાં લેવાલીનો ટેકો મળતાં બેન્ચમાર્ક સતત બીજા દિવસે સુધારો જાળવવામાં સફળ રહ્યો હતો. સ્થાનિક રિટેલ ફુગાવામાં ઘટાડો થવાથી સેન્ટિમેન્ટ સહેજ સુધર્યું છે, પરંતુ યુએસ સીપીઆઇ ઇન્ફલેશનની જાહેરાત અગાઉ બજારમાં સાવચેતી પણ વર્તાઇ રહી છે.

સેન્સેક્સ ૨૨૪.૪૫ પોઇન્ટ અથવા ૦.૨૯ ટકા વધીને ૭૬,૪૯૯.૬૩ પોઇન્ટની સપાટી પર સ્થિર થયો છે. દિવસ દરમિયાન, તે ૫૦૫.૬ પોઇન્ટ અથવા ૦.૬૬ ટકા વધીને ૭૬,૭૨૪.૦૮ પોઇન્ટના સ્તરે પર બંધ થયો છે. સત્ર દરમિયાન તે ૪૯૧.૪૨ પોઇન્ટ અથવા તો ૦.૬૪ ટકાના ઉછાળા સાથે ૭૬,૯૯૧.૦૫ પોઇન્ટની સપાટીને અથડાયો હતો. જ્યારે એનએસઇનો નિફ્ટી ૩૭.૧૫ પોઈન્ટ અથવા ૦.૧૬ ટકા વધીને ૨૩,૨૧૩.૨૦ પોઇન્ટના સ્તરે પર બંધ થયો છે.

ઝોમેટો ચાર ટકાના ઉછાળા સાથે સેન્સેક્સનો સૌથી વધુ વધનાર શેર બન્યો હતો. આ ઉપરાંત ટોપ ગેઇનર્સ શેરોમાં એનટીપીસી, પાવરગ્રીડ, કોટક મહિન્દ્રા બેન્ક, મારુતિ, ટેક મહિન્દ્રા, લાર્સન એન્ડ ટૂબ્રો, રિલાયન્સ અને અદાણી પોર્ટનો સમાવેશ હતો. જ્યારે મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, બજાજ ફિનસર્વ, બજાજ ફાઇનાન્સ, એક્સિસ બેન્ક અને ટાટા મોટર્સ ટોપ લુઝર્સ રહ્યાં હતાં.

લાર્સન એન્ડ ટૂબ્રોનો ત્રીજા ક્વાર્ટરનો ચોખ્ખો નફો ચાર ટકાના ઘટાડા સાથે રૂ. ૩૨૨ કરોડ નોંધાયો છે. બ્રાઇટ આઉટડોર મીડિયા લિમિટેડે ૨૦૨૪ દરમિયાન વેસ્ટર્ન રેલ્વે અને નવી મુંબઇ મેટ્રોના કોન્ટ્રાક્ટ મેળવવા ઉપરાંત વિવિધ ક્ષેત્રના ૫૫૦ એડવર્ટાઇઝિંગ કેમ્પેઇન પાર પાડ્યા છે, જેમાં એલએન્ડટી, કોસમોસ બેન્ક, મનબા ફાઇનાન્સ, નિસસ ફાઇનાન્સ, બીબીસી હિન્દી, લોકસભા અને વિધાનસભાના કેમ્પેઇનનો સમાવેશ છે. મેનકાઇન્ડ ફાર્માને જીએસટી ઓથોરિટીએ બે કરોડ રૂપિયાની પેનલ્ટી ફટકારી છે.

એચડીએફસી લાઇફે ત્રીજા ક્વાર્ટરમાં ૧૫ ટકાના વધારા સાથે રૂ. ૪૨૧ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે.વેદાંતા રિસોર્સિસસની સંપૂર્ણ માલિકીની વેદાંતા રિસોર્સિસ ફાઇનાન્સ ટુ પીએલસીએ ઇન્ટરનેશનલ ડેટ કેપિટલ માર્કેટમાં નવા ડ્યુઅલ ટ્રાન્ચ બોન્ડ મારફત ૧.૧ અબજ ડોલર એકત્રિત કર્યા હોવાનું કંપનીએ સિંગાપોર એક્સચેન્જના ફાઇલિંગમાં જણાવ્યું છે.

સ્થાનિક બજારના સેન્ટિમેન્ટ પર ચાલુ કમાણી સીઝન અને આગામી કેન્દ્રીય બજેટની વધુ અસર વર્તાશે, જે અંગે મિશ્ર મત પ્રવર્તે છે. વૈશ્વિક બજારમાં સુધારો અને સ્થાનિક સીપીઆઇ ફુગાવામાં ઘટાડો થવાથી શેરબજારને રાહત મળી છે, આનાથી આરબીઆઇને તેની આગામી નીતિ નક્કી કરવામાં થોડી છૂટ મળી શકે છે; જોકે, ક્રૂડ ઓઇલના વધતા ભાવ અને દસ વર્ષના બોન્ડની ઊંચી ઉપજ પર ધ્યાનપૂર્વક નજર રાખવામાં આવશે. યુએસ બોન્ડ યીલ્ડમાં વધારો, ડોલરમાં મજબૂતી અને એફઆઇઆઇના વધતા જતા બાહ્યપ્રવાહને કારણે સ્થાનિક બજાર અથડાયેલું રહ્યું છે. યુએસ ડિસેમ્બરના સીપીઆઇ ફુગાવાના ડેટાની જાહેરાત પહેલા વૈશ્વિક બજારોમાં સાવચેતીનું માનસ રહ્યું હોવાથી ટૂંકા ગાળામાં બજારમાં મોટી અફડાતફડી રહેવાની ધારણા છે. આ ડેટા ફેડરલની દર ઘટાડવાની ક્ષમતાને મર્યાદિત કરે એવી સંભાવના છે. ઉપરાંત, ક્રૂડ ઓઇલના ભાવમાં વધારો અને ડોલરના મૂલ્યમાં મજબૂતી નજીકના ભવિષ્યમાં સ્થાનિક ફુગાવાને અસર કરે તેવી શક્યતા છે.

સોમવાર સુધીના પાછલા ચાર ટ્રેડિંગ સત્રોમાં સેન્સેક્સમાં ૧,૮૬૯.૧ પોઈન્ટ અથવા ૨.૩૯ ટકાનો કડાકો નોંધાયો હતો. અને એકધારી ચાર દિવસની પીછેહઠમાં રોકાણકારોની સંપત્તિમાંથી રૂ. ૨૪.૬૯ લાખ કરોડનું ધોવાણ નોંધાયું, જેમાંથી રૂ. ૧૨.૬૧



લાખ કરોડનું ધોવાણ સોમવારના સત્રમાં જ નોંધાયું હતું. ચાર સત્રમાં બીએસઇનું માર્કેટ કેપિટલ જોરદાર ઘટાડા સાથે પાંચ ટ્રિલિયન ડોલરની સપાટી તોડીને ૪.૮૨ ટ્રિલિયન ડોલરની સપાટીએ ગબડ્યું હતું.

ટેક્નિકલ એનાલિસ્ટ અનુસાર બજાર ઓવરસોલ્ડ ટેરીટરીમાં પ્રવેશ્યું છે અને જ્યાં સુધી નિફ્ટી ૨૩,૦૦૦ની ઉપર ટકેલો છે ત્યાં સુધી રિવર્સલ ટ્રેન્ડ માટે આશાવાદી રહી શકાય, જોકે આ સપાટી તૂટશે તો બજાર વધુ નીચી સપાટીએ ગબડી શકે છે. માર્કેટ એનાલિસ્ટ રોકાણકારોને ઉછાળે વેચવાલીની સલાહ આપી રહ્યાં છે. વિદેશી રોકાણકારોએ આ મહિનામાં દસ જ દિવસમાં ભારતીય ઇક્વિટીમાંથી રૂ. ૨૨,૧૯૪ કરોડ પાછા ખેંચી લીધા છે. અમેરિકાના મજબૂત રોજગાર ડેટાને કારણે ફેડરલ દ્વારા વ્યાજ દરના વહેલા ઘટાડાની અપેક્ષાઓને નબળી પાડી હોવા ઉપરાંત, રૂપિયામાં નોંધાયેલો લગભગ બે વર્ષમાં સૌથી મોટો એક દિવસીય કડાકો અને વિદેશી ભંડોળના અવિરત આઉટફ્લોએ પણ રોકાણકારોના સેન્ટિમેન્ટને ખરડી નાખ્યું છે.

એશિયાઇ બજારોમાં હોંગકોંગનો હેંગસેંગ ઇન્ડેક્સ સુધારા સાથે પોઝિટિવ ઝોનમાં સેટલ થયો હતો. જ્યારે સિઓલ, ટોકિયો અને શાંઘાઇ એક્સચેન્જના બેન્ચમાર્ક નેગેટિવ ઝોનમાં ગબડ્યા હતા. યુરોપના બજારો ઊંચા મથાળે ટ્રેડ થઇ રહ્યા હતા. અમેરકન શેરબજારો મંગળવારે સાધારણ સુધારા સાથે બંધ થયા હતા. ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૦.૩૮ ટકાના વધારા સાથે બેરલદીઠ ૮૦.૨૨ ડોલરની સપાટીએ પહોંચ્યું હતું.

એક્સચેન્જના ડેટા અનુસાર એફઆઇઆઇએ પાછલા સત્રમાં રૂ. ૮,૧૩૨.૨૬ કરોડના શેર વેચ્યા હતા. પાછલા સત્રમાં મંગળવારે સેન્સેક્સ ૧૬૯.૬૨ પોઇન્ટ અથવા તો ૦.૨૨ ટકા વધીને ૭૬,૪૯૯.૬૩ની સપાટીએ અને નિફ્ટી ૯૦.૧૦ પોઇન્ટ અથવા તો ૦.૩૯ ટકા વધીને ૨૩,૧૭૬.૦૫ની સપાટીએ સ્થિર થયો હતો.

યુટિલિટીઝ અને પાવર ઈન્ડેક્સ સૌથી અધિક વધ્યા હતા, જ્યારે હેલ્થકેર ઈન્ડેક્સ સૌથી અધિક ઘટ્યો હતો. સ્ટોક એક્સચેન્જના માર્કેટ કેપિટલમાં રૂ. ૧.૦૮ લાખ કરોડનો વધારો નોંધાયો છે. શેરબજારમાં સતત બીજા દિવસે સુધારો જોવા મળ્યો હતો. બુધવારે બીએસઈ સેન્સેક્સ ગત મંગળવારના ૭૬,૪૯૯.૬૩ના બંધથી ૨૨૪.૪૫ પોઈન્ટ્સ (૦.૨૯ ટકા) વધ્યો હતો. માર્કેટ કેપ રૂ.૧.૦૮ લાખ કરોડ વધીને રૂ. ૪૨૪.૩૧ લાખ કરોડ રહ્યું હતું.

સેન્સેક્સ ૭૬,૯૦૦.૧૪ ખૂલીને ઊંચામાં ૭૬,૯૯૧.૦૫ અને નીચામાં ૭૬,૪૭૯.૭૦ સુધી જઈને અંતે ૭૬,૭૨૪.૦૮ પોઈન્ટ્સ પર બંધ રહ્યો હતો. સેન્સેક્સની ૧૮ સ્ક્રિપ વધી હતી, જ્યારે ૧૨ સ્ક્રિપ ઘટી હતી.

એક્સચેન્જમાં ૪,૦૬૪ સ્ક્રિપ્સમાં કામકાજ થયું હતું, જેમાં ૨,૧૫૦ સ્ટોક્સ વધ્યા હતા, ૧,૮૦૬ સ્ટોક્સ ઘટ્યા હતા, જ્યારે ૧૦૮ સ્ટોક્સ સ્થિર રહ્યા હતા. ૮૭ સ્ટોક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ૧૦૦ સ્ટોક બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા. બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ મિડકેપ ૦.૧૧ ટકા અને બીએસઈ સ્મોલકેપ ૦.૩૪ ટકા વધ્યા હતા. સ્ટ્રેટેજી ઈન્ડાયસીસમાં બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૦.૨૧ ટકા ઘટ્યો અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૦.૬૧ ટકા વધ્યો હતો. સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં મુખ્યત્વે ઝોમેટો ૪.૩૬ ટકા, એનટીપીસી ૩.૩૫ ટકા, પાવર ગ્રીડ ૩.૦૩ ટકા, કોટક બેન્ક ૨.૨૯ ટકા, મારુતિ ૧.૬૯ ટકા, ટેક મહિન્દ્ર ૧.૬૨ ટકા, લાર્સન ૧.૨૨ ટકા, રિલાયન્સ ૧.૧૧ ટકા, અદાણી પોર્ટ્સ ૦.૯૪ ટકા સ્ટેટ બેન્ક ૦.૭૯ ટકા અને અલ્ટ્રાટેક સિમેન્ટ ૦.૬૭ ટકા વધ્યા હતા, જ્યારે મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૨.૯૧ ટકા, બજાજ ફિનસર્વ ૨.૨૭ ટકા, બજાજ ફાઈનાન્સ ૨.૧૬ ટકા, એક્સિસ બેન્ક ૨.૧૪ ટકા, તાતા મોટર્સ ૦.૯૩ ટકા, નેલ્સે ૦.૮૦ ટકા, સન ફાર્મા ૦.૬૧ ટકા, એશિયન પેઈન્ટ્સ ૦.૫૦ ટકા, તાતા સ્ટીલ ૦.૩૫ ટકા અને ટાઈટન ૦.૧૪ ટકા ઘટ્યા હતા. સેક્ટરલ ઈન્ડાયસીસમાં બીએસઈ યુટિલિટીઝ ૨.૪૫ ટકા, પાવર ૧.૭૫ ટકા, રિયલ્ટી ૧.૫૮ ટકા, સર્વિસીસ ૦.૯૮ ટકા, ફોકસ્ડ આઈટી ૦.૭૪ ટકા, ઈન્ફોર્મેશન ટેક્નોલોજી ૦.૬૮ ટકા, કંઝ્યુમર ડિસ્ક્રેશનરી ૦.૬૨ ટકા, ટેક ૦.૬૧ ટકા, કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૦.૩૮ ટકા, ટેલિકોમ્યુનિકેશન ૦.૩૭ ટકા, કેપિટલ ગુડ્સ ૦.૩૬ ટકા, એનર્જી ૦.૨૭ ટકા, મેટલ ૦.૨૬ ટકા, કોમોડિટીઝ ૦.૨૨ ટકા, ઈન્ડસ્ટ્રિયલ્સ ૦.૧૫ ટકા, બેન્કેક્સ ૦.૦૮ ટકા અને ફાઈનાન્સિયલ સર્વિસીસ ૦.૦૫ ટકા વધ્યા હતા, જ્યારે હેલ્થકેર ૧.૨ ટકા, ઓટો ૦.૫૩ ટકા, ઓઈલ એન્ડ ગેસ ૦.૨૮ ટકા અને એફએમસીજી ૦.૦૨ ટકા ઘટ્યા હતા. બીએસઈના ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં બુધવારે ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ. ૭૪.૧૨ કરોડનું ટર્નઓવર થયું હતું, જેમાં કુલ ૪૩૬ સોદામાં ૬૦૭ કોન્ટ્રેક્ટ્સનું કામકાજ થયું હતું. ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઈક્વિટી ફ્યુચર્સ મળીને કુલ ૩,૫૯,૨૮૧ કોન્ટ્રેક્ટના ઓપન ઈન્ટરેસ્ટ રહ્યા હતા. કુલ નોશનલ ટર્નઓવર રૂ. ૯,૬૬,૩૩૪.૪૮ કરોડનું રહ્યું હતું.

## વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે સોનામાં ડૉલરની માગ અને ગબડતા રૂપિયાને અટકાવવા અંદાજપત્રમાં આયાત જકાતમાં વધારો કરવામાં આવી શકે

નવી દિલ્હી: છેલ્લાં થોડા મહિનાથી ડૉલરની વધતી માગ અને ડૉલર સામે ગબડી રહેલા રૂપિયાને અટકાવવા માટે સરકાર આગામી અંદાજપત્રમાં આયાત જકાતમાં વધારો કરે તેવી શક્યતા અર્નેસ્ટ યંગનાં પૉલિસી એડવાઈઝર ડી કે શ્રીવાસ્તવાએ જણાવ્યું હતું.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે ઊંચી આયાત જકાતને કારણે આયાતકારોની ડૉલરમાં માગ નબળી પડશે અને ગબડતા રૂપિયાને ટેકો મળશે. અત્રે નોંધનીય બાબત એ છે કે ગત ૧૩મી જાન્યુઆરીનાં રોજ ડૉલર સામે રૂપિયો ૮૬.૭૦ની ઐતિહાસિક નીચી સપાટીએ પહોંચ્યો હતો.

અત્રે પીટીઆઈને આપેલી એક મુલાકાતમાં તેમણે જણાવ્યું હતું કે ડૉલર સામે સતત ગબડતો રૂપિયો એ નીતિઘડવૈયાઓ માટે, અંદાજપત્ર ઘડનારાઓ અને રિઝર્વ બૅન્કની નાણાનીતિ સામે એક મોટો પડકાર છે. ૧૬મા નાણાં પંચની સલાહકારી કાઉન્સિલનાં સભ્ય શ્રીવાસ્તવાએ જણાવ્યું હતું કે માત્ર રૂપિયો જ નથી ગબડી રહ્યો, વૈશ્વિક સ્તરે યુરોપિયન ચલણો પણ આ જ પ્રકારના દબાણનો સામનો કરી રહ્યા છે.

અંદાજપત્રમાં તેઓ પાસે વિનિમય દરમાં ફેરફારો કરી શકાય તેવા કોઈ નાણાકીય સાધનો નથી, પરંતુ તેઓ ટેરિફ (આયાત જકાત)માં વધારો કરવા માટે બારીકાઈ પૂર્વક ટેરિફની સમીક્ષા કરી શકે છે. તેમ જ આમ કરવાથી સ્થાનિકમાં મહેસૂલી આવકમાં વધારો થવાની સાથે સાથે અમુક અંશે આયાતમાં ઘટાડો થતાં ડૉલરની માગમાં પણ ઘટાડો થશે.

અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે ગત ૧૩મી જાન્યુઆરીનાં રોજ ડૉલર સામે રૂપિયામાં બે વર્ષનો સૌથી મોટો ૬૬ પૈસાનો કડાકો બોલાઈ ગયો હતો અને રૂપિયો ૮૬.૭૦ની સપાટીએ રહ્યો હતો. આ પૂર્વે ૬ ફેબ્રુઆરી ૨૦૨૩ના રોજ રૂપિયામાં ૬૮ પૈસાનું ગાબડું પડ્યું હતું. તેમ જ છેલ્લાં બે સપ્તાહમાં ડૉલર સામે રૂપિયામાં એક રૂપિયાનું ધોવાણ થઈ ગયું હતું.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે સ્થાનિક સલામતી અને આત્મનિર્ભર ભારતની દિશામાં પગલું ભરવા જેવી આ મહત્ત્વની નીતિવિષયક બાબત છે.

આથી આગામી અંદાજપત્રમાં આયાત જકાતના દરમાં ફેરફાર થઈ શકે છે. જેથી સ્થાનિકમાં ઉત્પાદન વધે, આયાત માગમાં ઘટાડો થતાં ડૉલરની માગમાં પણ ઓછી થાય અને રૂપિયાને પણ ટેકો મળે.

## સોનામાં ₹ ૩૯૬નો અને ચાંદીમાં ₹ ૮૨૦નો ચમકારો: રોકાણકારોની નજર અમેરિકાના ફુગાવાના ડેટા પર

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: અમેરિકી ફેડરલ રિઝર્વની નાણાનીતિના નિર્ણયો જેના પર અવલંબિત છે એવાં ફુગાવાના ડેટાની આજે મોડી સાંજે થનારી જાહેરાત પૂર્વે આજે લંડન ખાતે સત્રના આરંભે સોના અને ચાંદીના ભાવમાં ધીમો સુધારો આવ્યાના પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક ઝવેરી બજારમાં પણ સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૩૯૪થી ૩૯૬નો અને ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૮૨૦નો ચમકારો આવ્યો હતો. જોકે, આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં ઘટ્યા મથાળેથી વધુ ૧૩ પૈસાનું બાઉન્સબૅક જોવા મળ્યું હોવાથી સોનાની આયાત પડતરમાં થનારા અપેક્ષિત ઘટાડાને ધ્યાનમાં લેતા સોનામાં સુધારો મર્યાદિત રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે ૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોનો નીકળેલી નવેસરથી લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો અને જ્વેલરી ઉત્પાદકોની છૂટીછવાઈ માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૮૨૦ વધીને રૂ. ૮૯,૫૫૦ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે સોનામાં પણ ઊંચા મથાળેથી સ્ટોકિસ્ટો અને રોકાણકારો ઉપરાંત




જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ સુસ્ત રહી હોવા છતાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે ભાવમાં સુધારાતરફી વલણ રહેતાં ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૩૯૪ વધીને રૂ. ૭૮,૧૧૦ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૩૯૬ વધીને રૂ. ૭૮,૪૨૪ના મથાળે રહ્યા હતા.

આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૪ ટકા વધીને ઔંસદીઠ ૨૬૮૭.૫૯ ડૉલર અને વાયદામાં ભાવ એક ટકો વધીને ૨૭૧૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૬ ટકા વધીને ઔંસદીઠ ૩૦.૦૭ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. અમેરિકી ફેડરલ રિઝર્વની આગામી નાણાનીતિ માટે મહત્ત્વપૂર્ણ પુરવાર થનાર ફુગાવા અથવા તો કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સનાં ડેટાની આજે મોડી સાંજે જાહેરાત પર રોકાણકારોની મીટ મંડાયેલી છે. જો ડેટા સારા આવશે તો ફેડરલ રિઝર્વ ગયા વર્ષની જેમ આ વર્ષે પણ હળવી નાણાણીતિનું વલણ જાળવી રાખે તેવી શક્યતાને ધ્યાનમાં લેતા સોનાના ભાવ દબાણ હેઠળ આવી શકે છે, એમ ઓએએનડીએનાં એશિયા પેસફિક વિભાગના વિશ્લેષક કેલ્વિન વૉન્ગે જણાવ્યું હતું.

રૉઈટર્સ દ્વારા કરવામાં આવેલા સર્વેક્ષણ અનુસાર ગત ડિસેમ્બર મહિનામાં ફુગાવો નવેમ્બર મહિનાના ૨.૭ ટકા સામે વધીને ૨.૯ ટકાની આસપાસ રહે તેવી ધારણા મૂકવામાં આવી છે. જોકે, ગઈકાલે જાહેર થયેલા પ્રોડ્યુસર પ્રાઈસ ઈન્ડેક્સમાં વધારો જોવા મળ્યો છે, પરંતુ તેનાંથી ફેડરલ રિઝર્વ વર્તમાન વર્ષ ૨૦૨૫ના પહેલા છમાસિકગાળામાં વ્યાજદરમાં કાપ મૂકે તેવી શક્યતા નથી, એમ જણાવતાં વૉન્ગે ઉમેર્યું હતું કે આગામી સપ્તાહે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પ હોદ્દો અખત્યાર કર્યા બાદ કેવી નીતિ અપનાવે છે તેના પર બજાર વર્તુળોની નજર છે.

તેમ છતાં મારા મતાનુસાર આગામી સમયગાળામાં સોના માટે ઔંસદીઠ ૨૬૦૦ ડૉલરની સપાટી મહત્ત્વની ટેકાની સપાટી પુરવાર થશે અને જો આ સપાટી તૂટે તો ભાવ ઘટીને ઔંસદીઠ ૨૫૪૦ ડૉલર સુધી પહોંચી શકે છે અને તે સમય લાંબા સમયગાળાના રોકાણકારો માટે ખરીદીને ઉત્તમ સમય ગણી શકાય, એમ તેમણે ઉમેર્યું હતું.

## ડૉલર સામે રૂપિયામાં વધુ ૧૩ પૈસાનો સુધારો



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સુધારાતરફી વલણ તેમ જ વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ઘટી આવતા આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં સતત બીજા દિવસે ડૉલર સામે રૂપિયામાં સુધારાતરફી વલણ જળવાઈ રહેતાં વધુ ૧૩ પૈસાના સુધારા સાથે ૮૬.૪૦ની સપાટીએ બંધ રહ્યો હતો.

જોકે, આંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં પણ ડૉલર ઈન્ડેક્સ ઊંચી સપાટીએથી પાછો ફર્યો હોવાથી રૂપિયાને ટેકો મળ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું.

આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૬.૫૩ના બંધ સામે ૮૬.૫૦ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૬.૫૫ અને ઉપરમાં ૮૬.૨૮ સુધી મજબૂત થયા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૧૩ પૈસા વધીને ૮૬.૪૦ની સપાટીએ બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે રૂપિયામાં ૧૭ પૈસાનો સુધારો આવ્યો હતો.

તાજેતરમાં ડૉલર ઈન્ડેક્સમાં અને અમેરિકી ટ્રેઝરીની યિલ્ડમાં ઊંચા મથાળેથી ઘટાડો જોવા મળી રહ્યો હોવાથી રૂપિયામાં સુધારા આવ્યો છે. વધુમાં સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સુધારો અને બ્રેન્ટ ક્રૂડમાં પીછેહઠ જોવા મળતાં રૂપિયાને વધુ ટેકો મળી રહ્યો છે. જોકે, વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં વેચવાલીને કારણે મર્યાદિત સુધારો જોવા મળી રહ્યો હોવાનું મિરે એસેટ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવ્યું હતું.

આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૨૨ ટકા ઘટીને ૧૦૮.૮૭ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના ઘટ્યા મથાળેથી ૦.૩૫ ટકા વધીને ઔંસદીઠ ૮૦.૨૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

તેમ જ સ્થાનિકમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૨૨૪.૪૫ પૉઈન્ટનો અને ૩૭.૧૫ પૉઈન્ટનો સુધારો આવ્યો હતો. જોકે, ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૮૧૩૨.૨૬ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાનું એક્સચેન્જે એક આંકડાકીય માહિતીમાં જણાવ્યું હતું.

## મલયેશિયા પાછળ દેશી-આયાતી તેલમાં નરમાઈ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: શિકાગો ખાતે સોયાતેલના જાન્યુઆરી અને માર્ચ વાયદામાં ગઈકાલે અનુક્રમે ૨૬ અને ૨૩ સેન્ટનો સુધારો આવ્યો હોવાના ઓવરનાઈટ અહેવાલ છતાં મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે આજે ક્રૂડ પામતેલના માર્ચ અને એપ્રિલ વાયદામાં અનુક્રમે ૭૫ અને ૭૬ રિંગિટનો ઘટાડો આવ્યો હોવાથી તેમ જ સ્થાનિક સ્તરે હાજર, ડાયરેક્ટ ડિલિવરી તેમ જ સેલરિસેલ ધોરણે વેપાર નિરસ રહેતાં તેલના ભાવમાં પીછેહઠ જોવા મળી હતી, જેમાં ૧૦ કિલોદીઠ આરબીડી પામોલિન અને કપાસિયા રિફાઈન્ડમાં રૂ. ૧૦ અને સોયા રિફાઈન્ડ તથા સન રિફાઈન્ડમાં રૂ. પાંચ ઘટી આવ્યા હતા.


દરમિયાન આજે કાર્ગો સર્વેયર ઈન્ટરટેક સર્વિસીસ દ્વારા જાહેર કરવામાં આવેલી પ્રાથમિક આંકડાકીય માહિતી અનુસાર ગત પહેલી જાન્યુઆરીથી ૧૫ જાન્યુઆરી દરમિયાન મલયેશિયાની પામતેલની નિકાસ આગલા ડિસેમ્બર મહિનાના સમાનગાળાના ૬,૭૧,૪૫૪ ટન સામે ૧૫.૪૫ ટકા ઘટીને ૫,૬૭,૭૦૩ ટનની સપાટીએ રહી હોવાનું જણાવ્યું છે.

આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ગોલ્ડન એગ્રી અને રૂચીના આરબીડી પામોલિનના ભાવ ૧૦ કિલોદીઠ રૂ. ૧૩૫૦ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારનો અભાવ રહ્યો હતો અને માત્ર સેલરિસેલ ધોરણે અને રવાનગીના છૂટાછવાયા કામકાજો થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૩૫૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૧૦, સન રિફાઈન્ડના રૂ. ૧૩૮૫, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૨૯૫ અને સરસવના રૂ. ૧૩૯૦ના મથાળે રહ્યા હતા.

જ્યારે આજે ગુજરાતનાં મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૨૫૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૪૦૦માં થયા હતા. વધુમાં આજે મધ્યપ્રદેશનાં મથકો પર અંદાજે એક લાખ ગૂણી સોયાસીડની આવક સામે મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૪૦૦૦થી ૪૩૨૫માં અને પ્લાન્ટ ડિલિવરી શરતે રૂ. ૪૩૨૫થી ૪૪૦૦માં થયા હોવાનું બજારનાં સાધનોએ જણાવ્યું હતું.

## ટીનની આગેવાની હેઠળ ચોક્કસ ધાતુઓમાં નરમાઈ



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: લંડન મેટલ એક્સચેન્જ ખાતે આજે કોપર સહિતની ધાતુઓમાં નરમાઈનું વલણ રહ્યું હોવાના નિર્દેશો સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ માત્ર એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ અને બ્રાસ શીટ કટિંગ્સમાં ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. એકનો સાધારણ સુધારો આવ્યો હતો, જ્યારે ટીનમાં સ્ટોકિસ્ટોની આક્રમક વેચવાલીના દબાણ હેઠળ ભાવ કિલોદીઠ રૂ. ૧૫ ઘટી આવ્યા હતા. તેમ જ તેની આગેવાની હેઠળ અન્ય ધાતુઓમાં નિરસ માગે ભાવમાં કિલોદીઠ રૂ. એકથી ત્રણનો સુધારો આવ્યો હતો, જ્યારે નિકલ, કોપર કેબલ સ્ક્રેપ, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં ખપપૂરતી માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં મુખ્યત્વે ટીનમાં સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ અને માગ નિરસ રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ૧૫ ઘટીને રૂ. ૨૬૨૮ના મથાળે રહ્યા હતા. આ સિવાય ટીનની આગેવાની હેઠળ અન્ય ધાતુઓ જેમાં છૂટીછવાઈ સ્ટોકિસ્ટોની વેચવાલી અને માગ પણ મર્યાદિત રહેતાં ભાવમાં ઘટાડો જોવા મળ્યો હતો. તેમાં ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ ઘટીને રૂ. ૨૭૩, કોપર ક્રેપ હેવી, કોપર વાયરબાર અને લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. બે ઘટીને અનુક્રમે રૂ. ૭૮૭, રૂ. ૮૪૦ અને રૂ. ૧૮૦ તથા કોપર આર્મિચર અને કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. એક ઘટીને અનુક્રમે રૂ. ૭૭૮ અને રૂ. ૭૩૧ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે માત્ર બ્રાસ શીટ કટિંગ્સ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સમાં છૂટીછવાઈ વપરાશી માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. એક વધીને અનુક્રમે રૂ. ૭૩૧ અને રૂ. ૨૫૨ના મથાળે રહ્યા હતા, જ્યારે નિકલ, કોપર કેબલ સ્ક્રેપ, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં છૂટીછવાઈ માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૧૩૮૫, ૭૯૭, રૂ. ૫૨૯ અને રૂ. ૧૯૩ના મથાળે ટકેલા ધોરણે થયા હતા.




રાજકોટ ખાતે ભારતીય મહિલા ક્રિકેટ ટીમે આયર્લેન્ડ સામેની ત્રીજી વનડેમાં ઈતિહાસ રચ્યો હતો. ટીમ ઈન્ડિયાએ વનડે ક્રિકેટમાં પ્રથમ વખત ૪૦૦ રનના આંકડાને સ્પર્શ કર્યો હતો. (તસવીર-પ્રવિણ સેદાણી રાજકોટ)

# કચ્છના મોટા રણ પાસે શરાબના જથ્થા ભરેલી કાર સાથે એલસીબીએ એક શખ્સને ઝડપી પાડ્યો

ભુજ: કચ્છના મોટા રણનો ઉપયોગ માદક પદાર્થોને ઘુસાડવા માટે તાજેતરનાં વર્ષોમાં વધ્યો હતો, તેવામાં પાડોશી રાજ્ય રાજસ્થાનથી રાપરની રણકાંધીના ચોરમાર્ગે કચ્છમાં ઘુસાડાતાં શરાબના વિસ્તૃત નેટવર્કનો સ્થાનિક ગુનાશોધક શાખાએ વધુ એકવાર પર્દાફાશ કરી, ૨.૩૦ લાખના ઈંગ્લિશ દારૂના જથ્થા સાથે એક યુવકને ઝડપી પાડ્યો હતો. સોમવારે મધરાત્રે પેટ્રોલિંગ કરી રહેલી એલસીબીને મળેલી પૂર્વ બાતમીના આધારે રાપરના બેલા ગામ પાસેના રૂંભરાઈ તળાવના કાંઠે દરોડો પાડવામાં આવ્યો હતો.

પોલીસને જોઈને બેલામાં રહેતો કાનાજી વજાજી ઝાલા અને બીજો યુવક કાર લઈને ભાગવા માંડતાં પોલીસે ફિલ્મીઢબે તેમનો પીછો કરવો શરૂ કર્યો હતો. રાતના અંધારાંમાં તેમની કાર ભીની માટીમાં ફસાઈ જતાં બંને યુવકો બહાર નીકળી પગપાળા નાસવા લાગ્યા હતા જોકે પોલીસે તેમનો પીછો કરી ૨૯ વર્ષીય કાનાને દબોચી લીધો હતો, જ્યારે બીજો શખસ અંધારાનો લાભ લઈને ઓઝલ થઈ ગયો હતો.

હ્યુન્ડાઇ કારની લેતાં તેમાંથી ૧.૬૧ લાખની મૂલ્યના રોયલ ક્લાસિક વ્હિસ્કીના ૧૮૦ એમએલના ૧૩૪૪ પ્લાસ્ટિક પાઉચ (ટેટ્રા પેક) તથા ૬૮ હજાર ૬૪૦ રૂપિયાની કિંમતની ૮ પી.એમ બ્રાન્ડ વ્હિસ્કીની ૧૦૪ બોટલ મળી ૨ લાખ ૨૯ હજાર ૯૨૦ રૂપિયાનો શરાબ મળી આવ્યો હતો. પ્રાથમિક પૂછપરછમાં કાનાએ કબૂલ્યું હતું કે, પોલીસ ચેઝ દરમ્યાન નાસી જનારા જાટાવાડાના અરવિંદ ભવાન રાજપૂત સાથે ભાગીદારીમાં આ દારૂનો જથ્થો તેણે ખરીદ્યો હતો.

શરાબનો જથ્થો ઉપરાંત અરવિંદના કબજાની ૭ લાખની કાર, બે સ્માર્ટફોન મળી કુલ ૯.૫૦ લાખનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો તેમ જ પ્રોહિબિશન એક્ટની વિવિધ કલમો તળે આરોપીઓ વિરુદ્ધ બાલાસર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હોવાનું સ્થાનિક ગુનાશોધક શાખાના પી.આઈ એન.એન.ચુડાસમાએ જણાવ્યું હતું. ■

(તસવીર-ઉત્સવ વૈદ્ય, ભુજ)



# સાઈબર ભુજ રેન્જનો બનાસકાંઠામાં સપાટો: અંગ્રેજી શરાબ સહિત ૩૨ લાખનો મુદ્દામાલ જપ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છ સરહદી રેન્જ અંતર્ગત આવતા બનાસકાંઠા જિલ્લામાં બે આંતરરાજ્ય ચેકપોસ્ટ પાર કરીને ગુજરાતમાં શરાબની ખેપ મારવા ઘૂસેલા ટ્રકને સાઈબર ક્રાઈમ ભુજ રેન્જ દ્વારા અમીરગઢના ધનપુરા નજીકથી ઝડપી લેવામાં આવ્યો હતો.

આ અંગે જાણવા મળેલી વિગતો મુજબ, માઉન્ટ આબુ માર્ગ-રાજસ્થાન તરફથી ગુજરાતમાં પ્રવેશતાં વાહનો માવલ ચેકપોસ્ટ અને ગુજરાતની અમીરગઢ ચેકપોસ્ટ ઉપર થઈને પસાર થતા હોય છે. ત્યારે આ બંને ચેકપોસ્ટ આબાદ રીતે પાર કરીને ધનપુરા પહોંચેલી ટ્રકને સાઈબર ક્રાઈમ ભુજ રેન્જ દ્વારા અટકાવવામાં આવી હતી.

બુટલેગર દ્વારા ટ્રકની અંદર પૂળાની આડમાં ૩૮૫ પેટીઓમાં ૬૬૦૦ જેટલી ૨૨ લાખ ૩૪ હજાર કિંમતની ભારતીય બનાવટની વિદેશી દારૂની બોટલો સંતાડવામાં આવી હતી.

આ સાથે મૂળ રાજસ્થાનના ટ્રક ચાલક વિનોદકુમાર મુસારામ ગજ્જરની અટકાયત કરીને અમીરગઢ પોલીસ મથકે પ્રોહીબિશન હેઠળ ગુનો નોધીને આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ■




રાજકોટમાં ઉત્તરાયણના દિવસે ઊંધિયું ખાવાની પરંપરા રહી છે, મકરસંક્રાંતિના દિવસે ઊંધિયું ખરીદવા લોકોની લાઈન લાગી હતી. (તસવીર-પ્રવીણ સેદાણી રાજકોટ)

# ભુજ-ખાવડા માર્ગ પર બે ગમખ્વાર અકસ્માત: લોરિયા પાસે કાર પલટી જતાં બાળકીનું મોત,૭ લોકો ઈજાગ્રસ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છ સફેદ રણમાં ચાલી રહેલા રણોત્સવને માણવા માટે દેશ-વિદેશથી આવતા પ્રવાસીઓની સંખ્યામાં વધારો થતાં એક સમયે વેરાન ભાસતા ભુજ-ખાવડા ધોરીમાર્ગ પર જીવલેણ માર્ગ અકસ્માતોની સંખ્યામાં સતત વધારો થઇ રહ્યો છે. વીતેલા ૨૪ કલાક દરમ્યાન આ માર્ગ પર સર્જાયેલા ગમખ્વાર અકસ્માતના બે બનાવોમાં એક માસૂમ બાળકીનું મોત નીપજ્યું હતું અને ૭ લોકો ઘાયલ થયા હતા. ઘટના અંગે મળી રહેલી પ્રાથમિક માહિતી અનુસાર, બુધવારના સવારના ૯ વાગ્યાના સુમારે લોરિયા-વેંકરિયાના રણ વચ્ચે વડોદરા પાસિંગની કાર બેકાબૂ બની એકથી વધારે પલટી ખાઈ જતાં તેમાં સવાર એક બાળકીનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મૃત્યુ નીપજ્યું હતું, જ્યારે અન્ય ચારથી પાંચ મુસાફરોને સામાન્યથી ગંભીર ઈજાઓ પહોંચતાં તમામ ઘાયલોને સારવાર માટે ભુજની જી.કે. જનરલ હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

ગત ઉત્તરાયણની મોડી સાંજે બીજો અકસ્માત ખાવડા માર્ગ પરના ગોરેવાલી નજીક સર્જાયો હતો જેમાં શ્વેત રણની મુલાકાત લઈ પરત ફરી રહેલી એક કારે એક મોટરસાઈકલ સવારને હડફેટે લીધો હતો. ટક્કર બાદ બેકાબૂ બનેલી કાર ખાડામાં ખાબકી હતી અને દ્વિચક્રી સવારને ગંભીર ઈજાઓ થતાં તેને હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. ■

# રાજકોટ મહાનગરપાલિકામાં કમિશનરને મળવા આવતા લોકો માટે વિઝિટર મૅનેજમેન્ટ સિસ્ટમ શરૂ કરાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ટીઆરપી ગેમઝોનની ઘટના બાદ રાજકોટ મહાનગરપાલિકાની છબી સુધારવા માટે નવનિયુક્ત મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરાએ ચાર્જ સંભાળતાં જ પ્રયાસો શરૂ કરી દીધા છે. તેમની સૂચનાથી વિઝિટર મૅનેજમેન્ટ સિસ્ટમ નામની એક ખાસ એપ્લિકેશન તૈયાર કરવામાં આવી રહી છે. આ એપ્લિકેશન દ્વારા નાની-મોટી કોઈ પણ સમસ્યા મુદ્દે નાગરિકો કમિશનરને મળવા આવે ત્યારે તેમની તમામ વિગતો કમિશનર પાસે પહોંચી જશે. તેમના પ્રશ્નો ગ્રીન, યલો અને રેડ સહિતની જે ચેનલમાં આવતા હોય તે મુજબ ઉકેલ લાવવામાં આવશે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે રાજકોટ મહાનગરપાલિકામાં આધાર કાર્ડ, જન્મ-મરણનાં દાખલા, ફાયર એનઓસી સહિતનાં કામો માટે મોટી સંખ્યામાં લોકો આવતા હોય છે. જેમાં ઘણી વખત નાગરિકોને યોગ્ય જવાબો નહીં મળતાં તેઓ મ્યુનિસિપલ કમિશનર સુધી પહોંચવા માટે પ્રયાસ કરે છે. તમામ મુલાકાતીઓ માટે વિઝિટર મૅનેજમેન્ટ નામે એક નવી સિસ્ટમ શરૂ કરવામાં આવી છે. આ માટે વિન્ડોમાં જઈને માત્ર મોબાઈલ નંબર આપતાં ઓટીપી આવશે. જે એન્ટર કરતાંની સાથે જ નાગરિકની મનપાને લગતી તમામ વિગતો કમિશનરને મળી જશે.

આ અંગે રાજકોટ મહાનગરપાલિકાના કમિશનર તુષાર સુમેરાના જણાવ્યા મુજબ જુદાં-જુદાં કારણોસર મળવા માટે નાગરિકો આવતા હોય છે. તેના માટે એક વિઝિટર મૅનેજમેન્ટ સિસ્ટમ નામની ઑનલાઈન સિસ્ટમનો પ્રારંભ કરવામાં આવ્યો છે. જેમાં કોઈ પણ નાગરિક મળવા આવે એટલે માત્ર તેનો મોબાઈલ નંબર લઈ એક ઓટીપી મોકલવામાં આવશે. જે એન્ટર કરતાંની સાથે જ જે-તે નાગરિકની કોર્પોરેશન સાથે લગતી તમામ વિગતો મારા ડેસ્ક પર આવી જશે. જ્યારે નાગરિક મને મળવા આવે ત્યારે તમામ વિગતો હોવાથી જવાબદાર અધિકારીનો ફીડબેક લેવામાં આવશે.

ત્યાર બાદ નાગરિકની ફરિયાદ સોલ્વ કરવા માટે ચેનલ નક્કી કરવામાં આવશે. જેમાં તરત સોલ્વ થાય એવા પ્રશ્નો માટે ગ્રીન ચેનલ, કોઈ પણ નિર્ણય લેવો પડે તેમ હોય તેના માટે યલો ચેનલ અને જેમાં ફાઈનાન્સિયલ સહિતની મંજૂરીની જરૂર હોય તેને રેડ ચેનલમાં મુકાશે. આમ તમામ પ્રશ્નોનું સિસ્ટમેટિક સોલ્યુશન કરવા માટેનો પ્રયાસ કરવામાં આવશે. આ માટે કમિશનર ઑફિસમાં એક અલગ કાઉન્ટર ઊભું કરવામાં આવશે. વિઝિટર મૅનેજમેન્ટ સિસ્ટમના માધ્યમથી મળતી તમામ ફરિયાદોના ઉકેલ માટે ખાસ ટીમ બનાવવામાં આવી છે. જેમાં નાગરિકોની સમસ્યાનું સતત ફોલોઅપ લેવામાં આવશે. ■

# ભાવનગરના તળાજામાં પૂ. બજરંગદાસ બાપાની ૪૮મી પુણ્યતિથિ નિમિત્તે ૧૭ જાન્યુ.એ વિષ્ણુયજ્ઞ યોજાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: જિલ્લાના તળાજા શહેરના એસ.ટી.સ્ટેન્ડ નજીક આવેલા પૂ.બજરંગદાસ બાપાની પુણ્યતિથિ અવસરને ઊજવવા માટે મઢૂલીના ભક્તગણ દ્વારા ધાર્મિક આયોજનો કરવામાં આવ્યાં છે. બાપા સીતારામ મઢૂલી ગ્રુપ દ્વારા તા. ૧૭ શુક્રવારના રોજ ૪૮મી પુણ્યતિથિ નિમિત્તે વિષ્ણુયજ્ઞનું આયોજન કરવામાં આવેલ છે. સવારે ૮ કલાકે મૈત્રેય કુમાર શુક્લ દ્વારા યજ્ઞનો પ્રારંભ કરાવવામાં આવશે. રમેશભાઈ ભાલિયાએ જણાવ્યું હતુ કે બપોરે ૧૨ કલાકે મહાપ્રસાદ પીરસવામાં આવશે. સાંજે ૫ કલાકે બીડું હોમવામાં આવશે. આ અવસરે અગ્રગણ્ય સંતગણમાં હાજર રહેશે. સામાજિક અને રાજકીય આગેવાનો પણ ઉપસ્થિત રહેશે. પૂજારી અજયગિરી ગૌસ્વામી દ્વારા પૂ. બાપાના ભક્તોને દર્શન, ભોજન, પ્રસાદનો લાભ લેવા જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. ■

# કચ્છમાં ઠંડીની આણ યથાવત્ : નલિયા ૬.૮ ડિગ્રી લઘુતમ તાપમાન સાથે રાજ્યનું સૌથી ઠંડું મથક

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: પશ્ચિમી વિક્ષોભની અસર ઓછી થઈ ગયા બાદ સમગ્ર રાજ્યની સાથે રણપ્રદેશ કચ્છનું વાતાવરણ સ્વચ્છ બન્યું છે, જોકે તાજેતરમાં જમ્મુ-કાશ્મીર પર થયેલી અતિભારે બરફ વર્ષાની અસર અને ઉત્તર-પૂર્વ દિશાએથી પ્રતિ કલાકે ૧૦થી ૧૫ કિલોમીટરની ઝડપે ફૂંકાઈ રહેલા વાયરાઓના કારણે માગશર મહિનાના દિવસોમાં રણપ્રદેશ કચ્છ પર ઠંડીનું એકધારું આક્રમણ જારી રહ્યું હોય તેમ અબડાસા તાલુકાનું નલિયા આજે કુલ્લુ-મનાલી સમકક્ષ ૬.૮ ડિગ્રી સે.લઘુતમ તાપમાન સાથે ઠુંઠુંગાર બન્યું હતું.

મુખ્ય મથક ભુજમાં પણ વહેલી સવારે ૯૦ ટકા જેટલા ઊંચા ભેજ સાથે ૧૧.૪ ડિગ્રી સે.લઘુતમ તાપમાન સાથે ઠંડીનો ચમકારો અનુભવાયો હતો, અલબત્ત મહત્તમ તાપમાન ૨૯ ડિગ્રીની આસપાસ રહેતાં બપોરના સમયે તડકાનો પાવર વધુ હોઈ, ઠંડીમાં થોડી રાહત વર્તાઈ હતી. ■

# અમદાવાદમાં એનઆરઆઈ વૃદ્ધના મોત અંગે ખુલાસો: ઘરે મસાજ કરવા આવતી યુવતીએ લૂંટ બાદ હત્યા કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: કેનેડાથી પરત અમદાવાદ આવેલા વૃદ્ધનો ઉત્તરાયણના આગળના દિવસે તેમના ઘરમાંથી મૃતદેહ મળતાં ખળભળાટ મચી જવા પામ્યો હતો. આ ઘટનાની જાણ થતાં જ પોલીસ મૃતકના ઘરે પહોંચી હતી અને સીસીટીવી કૅમેરાની મદદથી તપાસ હાથ ધરી હતી. આ ઘટનામાં પોલીસે બે આરોપીઓને ઝડપી પાડ્યા હતા.

પ્રાપ્ત વિગતો પ્રમાણે અમદાવાદના વસ્ત્રાપુરના મોહિની ટાવરમાં ૧૩ જાન્યુઆરીએ કનૈયાલાલ ભાવસારનો તેમના જ ઘરમાંથી મૃતદેહ મળી આવ્યો હતો. મૃતકનાં પત્ની વર્ષા ભાવસાર જ્યારે ઘરે આવ્યાં ત્યારે કનૈયાલાલના મૃતદેહને જોઈ ચોંકી ગયાં હતાં. મૃતદેહ પર કોઈ નિશાન નહીં હોવાથી તેને કુદરતી મોત માની લેવાયું હતું, પરંતુ ઘરમાંથી કેટલીક કીમતી ચીજો ગુમ હોવાથી વર્ષાબેનને શંકા ગઈ હતી અને પોલીસ ફરિયાદ કરી હતી. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે મોકલી સીસી ટીવીના આધારે તપાસ શરૂ કરી હતી.

પોલીસને તપાસમાં જાણવા મળ્યું હતું કે, હત્યા થઈ તે પહેલાં કનૈયાલાલ ઘરમાં એકલા હતા. પોલીસે સીસી ટીવી તપાસતાં એક મહિલા બપોરના સમયે સિક્યુરિટી ઑફિસમાં એન્ટ્રી વિના દાખલ થઈ હતી. પોલીસે આ શંકાસ્પદ મહિલા અને તેની સાથીની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી હતી. કનૈયાલાલ અમદાવાદ આવતા ત્યારે એક સ્પામાં જતા. આ સ્પામાં તેમની મુલાકાત હિના નામની યુવતી સાથે થઈ હતી. ત્યાર બાદ હિના નામની યુવતી કનૈયાલાલની મસાજ કરવા માટે તેમના ઘરે જતી હતી.

હિનાએ લાલચમાં આવીને કનૈયાલાલના ઘરમાં ચોરી કરવાનો પ્લાન બનાવ્યો હતો. જેમાં તેણે આનંદ નામના વ્યક્તિને સાથે રાખ્યો હતો. તે કનૈયાલાલને તેમના ઘરે મળવા ગઈ અને તક મળતાં તેમને બેભાન કરી દીધા હતા. બાદમાં આનંદને ઘરમાં પ્રવેશ કરાવી ઘરની તમામ કીમતી વસ્તુઓ ચોરી કરી લીધી હતી. આ દરમિયાન કનૈયાલાલને સહેજ ભાન આવતાં ગભરાયેલી હિનાએ તેમનું ગળું દબાવી હત્યા કરી હતી. પોલીસને સીસી ટીવી ફૂટેજથી બંને આરોપીઓને શોધવામાં સફળતા મળી હતી. બંને આરોપી શહેરના રિલિફ રોડ વિસ્તારમાં ચોરીના મોબાઈલ વેચતાં પકડાઈ ગયાં હતાં. ■

# કાશ્મીરમાં હવે કૃષ્ણ જન્માષ્ટમીની શોભાયાત્રામાં કોઈ તોફાની હરકતો કરવાની હિંમત કરતું નથી: અમિત શાહ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહ ત્રણ દિવસના ગુજરાત પ્રવાસે આવ્યા હતા. તેમણે ગાંધીનગર જિલ્લાના કલોલ અને માણસામાં કરોડો રૂપિયાનાં વિકાસ કામોનું ખાતમૂહૂર્ત અને લોકાર્પણ કર્યું હતું. આ પ્રસંગે તેમણે કહ્યું હતું કે, પૂર્વ વડા પ્રધાન જવાહરલાલ નહેરુએ ૩૭૦મી કલમ દાખલ કરી હતી. હવે જમ્મુ કાશ્મીરમાંથી ૩૭૦મી કલમ દૂર થયા બાદ ઘણું પરિવર્તન આવ્યું છે અને શ્રીનગરના લાલચોકમાંથી પસાર થતી કૃષ્ણ જન્માષ્ટમીની શોભાયાત્રા પર કોઈ તોફાની હરકતો કરવાની હિંમત પણ કરતું નથી. આ કલમ નાબૂદ કરીને વડા પ્રધાન મોદીએ વિશ્વને સ્પષ્ટ સંદેશ આપ્યો હતો કે, ભારતીયો માટે દેશના સ્વાભિમાન અને તેના સન્માનથી મોટું કોઈ નથી.

તેમણે કલોલ શહેરમાં ૧૯૪ કરોડનાં વિકાસ કાર્યોનું ભૂમિપૂજન કર્યું હતું. આ દરમિયાન તેમણે કહ્યું હતું કે, શ્રીનગરના લાલ ચોકમાં ત્રિરંગો લહેરાવવા માટે આર્મીનો સપોર્ટ જરૂરી હતો, પરંતુ હવે ત્યાં કૃષ્ણ જન્માષ્ટમીની શોભાયાત્રા પર તોફાની હરકતો કરવાની હિંમત પણ કોઈ કરતું નથી. તેમણે ઉમેર્યું હતું કે, ગુજરાતના ૨.૮૦ કરોડ પ્રવાસીઓ કોઈ પણ પ્રકારની તકલીફો વિના જમ્મુ કાશ્મીર ફરીને પાછા આવે છે. તેમણે કહ્યું હતું કે, વડા પ્રધાન મોદીના નેતૃત્વમાં ભારત વિશ્વમાં પાંચમી સૌથી મોટી ઈકોનોમી બન્યું છે અને તે નિશ્ચિત છે કે, આપણે ૨૦૨૭માં ત્રીજા સ્થાને પહોંચીશું.

કેન્દ્રીય ગૃહ પ્રધાને તેમની ત્રણ દિવસની મુલાકાત દરમિયાન ૧૯ પ્રોજેક્ટોનું લોકાર્પણ અને ૮ પ્રોજેક્ટોનું ખાત મુહૂર્ત કર્યું હતું. આ દરમિયાન તેમણે કહ્યું હતું કે, કૉંગ્રેસના શાસનમાં ગામડાના એક સરપંચને સરકારમાંથી પાંચ હજારની ગ્રાન્ટ લેવી એ મોટો પડકાર હતો. આજે ભાજપના શાસનમાં કોઈ પણ તકલીફ વિના કરોડોની ગ્રાન્ટ પાસ થઈ જાય છે. કોઈને પણ રામ મંદિર બનશે એવો વિશ્વાસ નહોતો, પણ આજે વડા પ્રધાનના નેતૃત્વમાં અયોધ્યામાં રામલલા મંદિરમાં બિરાજમાન છે. ■

# રાજકોટમાં ૧૮મી જાન્યુઆરીએ મહાનગરપાલિકાના જનરલ બોર્ડમાં ૯ દરખાસ્તો મંજૂરી માટે મુકાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટ મહાનગર પાલિકામાં આગામી ૧૮મી જાન્યુઆરીએ ચાલુ વર્ષનું પ્રથમ જનરલ બોર્ડ મળશે. જેમાં ૯ દરખાસ્તો મંજૂરી માટે રજૂ કરાશે તેમ જ વિવિધ વિકાસનાં કામો અને ભાજપ-કૉંગ્રેસના નગરસેવકોએ પૂછેલા પ્રશ્નો અંગે ચર્ચા કરવામાં આવશે. જ્યારે પ્રશ્નોતરી માટે નગરસેવકો અને અધ્યક્ષસ્થાનેથી મેયર દ્વારા જે પ્રશ્નો રજૂ થાય તે બોર્ડમાં લેવામાં આવશે.

મહાનગરપાલિકા ખાતે મળનારા આ જનરલ બોર્ડમાં કૉંગ્રેસે ઈડબલ્યુએસના પ્લોટના હેતુફેરનો પ્રશ્ન પૂછ્યો છે. જોકે, અગ્રક્રમે ભાજપના કોર્પોરેટરોના પ્રશ્નો હોવાથી આ અંગે ચર્ચા થવાની શક્યતા ઓછી છે. જેથી આ જનરલ બોર્ડમાં પ્રજાના પ્રશ્નોની ચર્ચાને બદલે ભાજપ-કૉંગ્રેસના કોર્પોરેટરો વચ્ચે ઉગ્ર ટકરાવ થવાની પૂરી શક્યતા હોવાનું મનપાનાં સૂત્રોએ જણાવ્યું હતું. આ જનરલ બોર્ડમાં રજૂ થયેલા પ્રશ્નોમાં મનસુખભાઈ છાપિયા ટાઉનશિપમાં આવેલા કોમ્યુનિટી હોલને 'શ્રી રંજનબેન રાવલ' નામકરણ કરવા, ક્લાઈમેટ રેસીલ એન્ટ સિટી એક્શન પ્લાન અંગે નિર્ણય લેવાના પ્રશ્નો સામેલ છે.

આ ઉપરાંત અરવિંદભાઈ મણિયાર પુસ્તકાલયમાં કોર્પોરેશનના પ્રતિનિધિ મૂકવા, સ્માર્ટ સિટીમાં અટલ બિહારી વાજપેયીની પ્રતિમા મૂકવા માટે નિર્ણય લેવા, સ્માર્ટ ઘર-૪ આવાસ યોજનાના આવાસોની કિંમત નક્કી કરવા, વોર્ડ નં. ૧૧માં મવડી સ્મશાનની આગળના ચોકનું નામ 'કલ્પેશ સાગઠિયા ચોક' નામકરણ કરવા સહિતની દરખાસ્તોનો પણ આ જનરલ બોર્ડમાં સમાવેશ કરવામાં આવ્યો છે. બીજી તરફ કૉંગ્રેસે આક્ષેપ કર્યો હતો કે, જનરલ બોર્ડનો એજન્ડા બહાર પડ્યો તેની વિપક્ષને જાણ કરવામાં આવી નથી. ■

# દ્વારકા અને જામનગર જિલ્લામાં ૨૮૫ દબાણો દૂર કરી ૪૭.૩૫ કરોડ કિંમતની જગ્યા ખુલ્લી કરાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: દેવભૂમિ દ્વારકા અને જામનગર જિલ્લામાં સતત પાંચ દિવસથી ગેરકાયદે બાંધકામો તોડવાની કામગીરી ચાલી રહી છે. આ દરમિયાન ૨૭૧ રહેણાક અને ૭ કોમર્શિયલ તેમ જ ૭ અન્ય મળી કુલ ૨૮૫ દબાણો દૂર કરી ૪૭.૩૫ કરોડ કિંમતની કુલ ૮૬,૩૯૧ ચોરસ મીટર જગ્યા ખુલ્લી કરવામાં આવી હતી.

આ અંગે રેન્જ આઇજી અશોક કુમાર યાદવે મીડિયાને જણાવ્યું હતું કે, છેલ્લા પાંચ દિવસથી રાજ્ય સરકારની સૂચના મુજબ વહીવટી તંત્રને સાથે રાખી પોલીસ દ્વારા ગેરકાયદે દબાણો દૂર કરવા માટે મેગા ડિમોલિશન ડ્રાઇવ ચલાવવામાં આવી છે. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કુલ બે પોર્ટ, ૨૩ આઇલૅન્ડ, ૪૪ લૅન્ડિંગ પોઇન્ટ, ૮ જેટી અને ૯ ફિશિંગ પોઇન્ટનો સમાવેશ થાય છે જયારે આ જ રીતે જામનગર જિલ્લામાં ત્રણ પોર્ટ, ૧૧ આઇલૅન્ડ, ૧૧ લૅન્ડિંગ પોઇન્ટ, ત્રણ જેટી અને છ ફિશિંગ પોઇન્ટનો સમાવેશ થાય છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, જામનગર જિલ્લામાં પીરોટન મરીન નેશનલ પાર્કનો હિસ્સો છે અહીંના કોરલ જેવા સમુદ્રી જીવોને ગેરકાયદેસર દબાણોને કારણે ખૂબ મોટું નુકસાન થતું હતું. અતિક્રમણને કારણે લોકોની અવરજવર વધી જતાં રાષ્ટ્રીય સુરક્ષા માટે ગંભીર પ્રશ્નો ઊભા થઈ રહ્યા હતા. આ સ્થળ એનડીપીએસ સંબંધી પ્રવૃત્તિઓ માટે લેન્ડિંગ પોઈન્ટ બનવાનું જોખમ ધરાવતું હતું.

આ કાર્યવાહી દ્વારા પીરોટન ટાપુને ફરીથી તેની મૂળ સ્થિતિમાં લાવવાનો પ્રયાસ કરવામાં આવશે અને આ સાથે દેશની સુરક્ષા અને સમુદ્રી જીવસૃષ્ટિનું રક્ષણ કરવામાં આવશે.

ચોથા દિવસે ઓખામાં દામજી જેટી વિસ્તારમાં મોટી કાર્યવાહી કરવામાં આવી હતી.

૪૦ વર્ષ જૂનાં દબાણો દૂર કરી અત્યાર સુધીમાં ૪૦.૫૦ કરોડની જમીન ખુલ્લી કરાઈ હતી. મંગળવારે જેટી વિસ્તારમાં સરકારી જમીન પર આશરે ૪૦ વર્ષથી રહેલાં અનધિકૃત દબાણને હટાવવામાં આવ્યાં હતાં.

આ જેટી પાસેના વિસ્તારમાં ૫,૬૫૦ સ્ક્વેર મીટર દબાણને હટાવવામાં આવ્યાં હતાં, જેની કિંમત આશરે ૬.૫૦ કરોડ જેટલી ગણવામાં આવી રહી છે. ■